# આપણું મુંબઈ.

કર્તા :

મ. શો. પાવરી.

# આપણું મુંબઇ.

કર્તા :

ખરશેદજી સોહરાબજી પાવરી.
ભરડા ન્યુ હાઇ સ્કુલના શિક્ષક

૧૯૩૧.

(રચનારે સર્વે હક્ક સ્વાધિન રાખ્યા છે.)

વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

**પ્રગટ કરનાર:**

ખરશેદજી સોહરાબજી પાવરી,
ઝોરાસ્ત્રીયન એસોસીએશન બીલ્ડીંગ્સ
ચીકલવાડી, ગ્રાંટરોડ, મુંબઇ.

**છાપનાર:**

હોશંગ તેહમુરસ અંકલેસરીઆ.
ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ.
નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

—:o:—

# સૂચના.

---

આ ચોપડી, નાનાં બાળકો માટે તેઓ આ શહેરમાં રહેતાં હોવાથી તેની ભૂગોળ અને બીજી સામાન્ય જાણવાજોગ બાબતો આનંદથી વાંચે અને જ્ઞાન મેળવે, એવા હેતુથી ખાસ સંભાળ રાખી લખવામાં આવેલી છે.

સાધારણ રીતે ભૂગોળ શીખવી એટલે ખંડોનાં, મહાસાગરોનાં, દેશોનાં, દરિયાઓનાં, પહાડોનાં, નદીઓનાં અને શહેરોનાં નામો માત્ર બાળકોએ ગોખી જવાં અને નકશાઓમાં દેખાડી જવાં, એવી માન્યતા હોવાથી બાળકોને એ વિષય કુદરતી રીતે લગાર કંટાળારૂપ થઇ પડે છે.

નાનાં બાળકો જાણે કોઇ વાર્તાની ચોપડી વાંચતાં હોય, અથવા તો પોતાનાં માબાપ, સગાં અને શિક્ષકોની સાથે સાધારણ વાતચીત કરતાં હોય, એવીજ ઢબે જુદી જુદી બાબતો લઇ તેના પાઠો લખવાની આ ચોપડીમાં સંભાળ રાખેલી છે.

સારા શિક્ષકો અને માબાપો, જુદા જુદા પાઠોમાં વર્ણવેલી જગાઓ ઉપર બાળકોને લઇ જઇ તેવી તેવી જગાઓ દેખાડે, અને પછી તેના સંબંધી ચોપડીમાં લખેલી હકીકતો સમજાવે, તો બાળકોને તે તે જગાઓ નજરે જોવાનો કેટલો આનંદ થાય અને કેવું સારૂં જ્ઞાન મેળવે!

ભૂગોળના વિષયને વખતે શિક્ષકે વર્ગમાં મોટો નકશો છોકરાંઓની નજર સામે ભીંત ઉપર ટાંગેલો અવશ્ય રાખવોજ જોઇએ, અને કોઇપણ જગાનું નામ બાળકોના કાન પર પડતાંની સાથે તે જગા શિક્ષકે નકશામાં દેખાડવીજ જોઇએ.

ચોપડીને છેડે મુંબઇના નકશાનાં પાનાં આપવામાં આવેલાં છે. એ નકશા આપવાનો ખાસ હેતુ એટલોજ છે, કે ચોકસ વિષય વર્ગમાં પુરો થયા પછી છોકરાંઓ તે બરાબર સમજી શકયાં છે, અને તેમાં આવેલી જગાઓનાં સ્થાનો તેઓએ નકશામાં ધ્યાનથી જોયાં છે, એની

ખાત્રી કરવા શિક્ષકે પોતાની ખાસ દેખરેખ હેઠળ વર્ગમાંજ તેમની પાસે તેવી તેવી જગાઓનાં નામ એ નકશામાં લખાવવાં. એવી રીત વાપરવાથી છોકરાંઓ વિષય બરાબર સમજી શક્યાં છે કે નહિ, અને નકશામાં એ સ્થાનો ક્યાં ક્યાં આવેલાં છે તે જાણી શક્યાં છે કે નહિ, તેની શિક્ષકને ઝટ ખબર પડી જશે.

છોકરાંઓને અમૂક જગાઓ ક્યાં ક્યાં આવેલી છે તે જાણવાનું સહેલ થઇ પડે, એટલા માટેજ ખાસ ત્રણ ચાર જાણીતી જગાઓનાં સ્થાન નકશાઓમાં આપવામાં આવેલાં છે. કોઇપણ કારણસર છોકરાંઓને ચોપડીમાંના નકશાઓનાં પાનાં ફાડી છૂટાં કરવા દેવાં નહિ, આમ કરવાથી છોકરાંઓનું પોતાને હાથે કરેલું બધું કામ ચોપડીમાંજ જળવાઇ રહેશે.

# સાંકળીઉં.



| અનુક્રમ નંબર. | પાઠ. | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મુંબઇ શહેર ... ... ... ... | ૧ |
| ૨ | મુંબઇને "બેટ" શા માટે કહે છે? ... ... | ૨ |
| ૩ | માહીમની ખાડી ... ... ... ... | ૪ |
| ૪ | કોટ, દીવાલ અને દરવાજા ... ... ... | ૬ |
| ૫ | મુંબાઇ એક મોટું શહેર કેવી રીતે બન્યું ... | ૮ |
| ૬ | દિશાઓ કેમ ઓળખવી ... ... ... | ૧૦ |
| ૭ | મુંબઇની વસ્તી, વિસ્તાર અને જુદી જુદી જાતના લોકો ... .... ... ... ... | ૧૩ |
| ૮ | મુંબઇની ગોદીઓ .. ... ... .. | ૧૮ |
| ૯ | શહેરમાં દોડતી આગગાડીઓ ( બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે ) ... ... ... | ૨૨ |
| ૧૦ | શહેરમાં દોડતી આગગાડીઓ (જી. આઇ. પી. રેલ્વે તથા હાર્બર બ્રાંચ) ... ... ... | ૨૬ |
| ૧૧ | સર ફીરોજશાહ મહેતા અને હેંગીંગ ગાર્ડન્સ ... | ૩૨ |
| ૧૨ | ઍપોલો બંદર અને બૅલાર્ડ પિયર ... ... | ૩૯ |
| ૧૩ | શહેર માટે પાણીની ગોઠવણ ... ... ... | ૪૪ |
| ૧૪ | મુંબઇની અગાઉની ઘોડાની ટ્રામ ગાડીઓ ... | ૪૮ |
| ૧૫ | આપણા શહેરની ઇલેક્ટ્રીક ટ્રામ ગાડીઓ ... | ૫૧ |
| ૧૬ | વિક્ટોરિયા ગાર્ડન્સ અને પ્રિન્સ ઑલ્બર્ટ મ્યુઝિયમ... | ૫૬ |
| ૧૭ | હોર્નબી વેલાર્ડ, કોલાબા અને સાયન કૉઝવે ... | ૬૨ |

| અનુક્રમ નંબર | પાઠ. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| ૧૮ | કોટમાં આવેલી જાણવા જોગ મોટી ઇમારતો ... | ૬૫ |
| ૧૯ | હૉર્નબી રોડ અને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ ... | ૭૧ |
| ૨૦ | મુંબઇનો વેપાર, ઉદ્યોગ, આયાત અને નિકાસની ચીજો. | ૭૬ |
| ૨૧ | મ્યુનિસિપાલિટિ અને તેનો વહીવટ. ... ... | ૮૧ |
| ૨૨ | શહેરના મ્યુનિસિપાલ વિભાગો ... ... ... | ૮૫ |
| ૨૩ | ગવર્નમેંટ હાઉસ ... ... ... ... | ૯૦ |
| ૨૪ | મુંબઇની જુદી જુદી કોમોનાં ધર્મસ્થળો . | ૯૪ |
| ૨૫ | મુંબઇની ઉત્તરે આવેલાં પરાંઓ ... ... | ૯૯ |
| ૨૬ | શહેરની નજીક જોવા લાયક જગાઓ ... ... | ૧૦૪ |
| ૨૭ | મુંબઇની નજીકમાં આવેલાં હવા ફેર બદલ કરવાનાં મથકો. ... ... ... ... | ૧૦૯ |
| ૨૮ | દરિયા માર્ગે આવતી મુંબઇની નજીકની જગાઓ ... | ૧૧૬ |
| ૨૯ | શહેરના થોડાક રસ્તાઓનાં નામ ... ... | ૧૧૯ |
| ૩૦ | શહેરમાં આવેલાં જાહેર પુતળાંઓ ... ... | ૧૨૫ |

# આપણું મુંબઇ.

## પાઠ ૧ લો.

### મુંબઇ શહેર.

ચાલો છોકરા, આજે આપણે આપણા શહેર વીષે થોડીક વાતો કરીએ. તમે લાંબા વખતથી આ શહેરમાં રહેતા હોવાથી એનું નામ તો જાણતા હશો? બોલો, એનું નામ શું? મુંબઇ. ઠીક, એ તો તમે બધા જાણો છો. હવે તમારામાંથી કોઇ કહી શકશો કે એનું નામ મુંબઇ કેમ પડયું હશે?

એક હોશિયાર છોકરો બોલી ઉઠયો, "મુંબાદેવી" ઉપરથી એ શહેરનું નામ મુંબાઇ અથવા મુંબઇ પડયું છે.

બીજો છોકરો બોલ્યો, ભૂલેશ્વર આગળ મુંબાદેવીનું મોટું મંદિર છે તે મેં જોયું છે. એ દેવીના નામ ઉપરથી આ શહેરને મુંબઇ કહીએ છીએ.

વારૂ, આપણે દેશી લોકો એને મુંબઇ કહીએ છીએ, પણ આપણા શહેરમાં યુરોપીઅન વગેરે ઘણી જાતના પરદેશી લોકો વસે છે, તે બધા એનું શું નામ કહે છે?

યુરોપીઅનો વગેરે એને "બૉમ્બે" કહે છે.

એ શબ્દ પણ મુંબાઇનેજ કંઇક મળતો આવે છે. પરદેશી લોકો આપણી માફક મુંબઇ શબ્દ સ્પષ્ટ બોલી નહિ શકવાથી, એને "બૉમ્બે" કહેવા લાગ્યા. આપણે પણ કોઇ કોઇ વખત પરદેશી ભાષાના કેટલાક શબ્દો સ્પષ્ટ રીતે બોલી નહિ શકવાથી તેના જુદા ખોટા ઉચ્ચાર કરીએ છીએ, જેમ કે અંગ્રેજીમાં નિશાળને "સ્કૂલ" કહે છે. આપણામાંના ઘણા તેને "ઇસકોલ" બોલે છે; આપણા શહેરના એક ભાગનું નામ "પ્લેહાઉસ" છે તેને લોકો "પીલાંઉસ" આમ ખોટા ઉચ્ચારે બોલે છે. તમે પોતે પણ એવા ખોટા ઉચ્ચારે બોલાતા કેટલાક શબ્દો જાણતા હશો. બીજી વખતે એવા થોડાક શબ્દો તમે મને કહેજો.

---

# પાઠ ૨ જો.

## મુંબઇને "બેટ" શા માટે કહે છે?

દિવાળીની છુટ્ટીમાં મનુને તેના બાપા ફરવા લઇ ગયા. ચર્ચગેટના સ્ટેશનની સામે નજર કરતાં મનુ આશ્ચર્ય પામી બોલ્યો, બાપા, આ એવડા મોટા ઉંચા ઘરમાં કોણ રહેતું હશે?

બાપે હસીને કહ્યું, મનુ, એ ઉંચું મિનારા જેવું કોઇને રહેવાનું ઘર નથી. એ તો રાજાબાઇ કલૉક ટાવર છે. ચાલ, આજે હું તને એ જોવા લઇ જાઉં.

ટાવરને મથાળે પહોંચતાં ઘડીઆળની નીચે ચારે બાજુ અગાશી આવેલી છે, ત્યાં મનુ ઉભો રહી દૂર નજર કરતાં

બોલ્યો, ઓ હો! પેલો કેવડો મોટો દરિયો દેખાય છે! તેમાં દૂરથી એક વહાણ પણ જતું જણાય છે.

બાપે **મનુને** કહ્યું, કે આપણા શહેરની આસપાસ બધે ફરતો દરિયો આવેલો છે. આ ટાવર ઉપરથી તને ચારે બાજુનો દરિયો ખુલ્લો દેખાશે નહિ; કારણ કે આપણી અને દરિયાની વચ્ચે કેટલાંક મોટાં મકાનો અને ટેકરીઓ આવેલી છે, પણ જો આપણે બલૂન (ઍરોપ્લેન)માં બેસી એનાથીએ ઘણા ઉંચે જઇએ, તો આપણને માલમ પડે, કે આપણા શહેરની આજુબાજુ બધે ફરતો દરિયો આવી રહેલો છે; માટે આપણું શહેર 'મુંબઇ બેટ' કહેવાય છે. હવે **મનુ**, બેટ એટલે શું તે તું સમજ્યો હશે. જમીનની બધી બાજુએ ફરતું પાણી હોય, એવા જમીનના ભાગને બેટ કહે છે. આપણે ઘેર જઇશું ત્યારે બેટનો નમુનો કેમ બનાવવો તે હું તને દેખાડીશ.

ઘેર આવી બાપે એક મોટી કથરોટ જેવી થાળી લીધી. પછી ખૂણામાં માટીનો એક ગોળો પડયો હતો, તે તેણે લઇ થાળીની વચમાં મૂકી, હાથથી થાબડી, ખૂણા ખાંચાવાળી જમીન જેવો આકાર બનાવ્યો. ત્યાર પછી ત્રણ ચાર લોટા ભરી પાણી લાવી માટીની આસપાસ રેડયું, એટલે થાળીમાં માટીની આસપાસ બધે પાણી ફરી વળ્યું; પછી તેણે કાગળની બે ત્રણ હોડીઓ બનાવી, પાણી ઉપર તરતી મૂકી ફુંક મારી, એટલે હોડીઓ આગળ ચાલવા માંડી. આવી રીતે હોડીઓને ગોળ ચલાવતાં, જ્યાંથી પહેલાં શરૂ કર્યું હતું ત્યાંજ લાવીને ઉભી રાખી. પછી તેણે **મનુને** સમજાવ્યું, કે આ માટી

તે જમીનનો ભાગ છે એમ સમજ; આ પાણી તે જમીનની આસપાસનો દરિયો સમજ. જો એ જમીનની આસપાસ ફરતું બધે પાણી નહિ હોત, તો આ હોડીઓ જ્યાંથી પહેલાં નીકળી, ત્યાંથી બધે ગોળ ફરતી ફરતી, પાછી એજ જગા ઉપર આવત નહિ.

મનુ ખુશી થઇ બોલી ઉઠયો, બાપા, બેટ એટલે શું તે હું આજે ખરેખર શીખ્યો. હવે હું તે કદી ભુલીશ નહિ, અને હું કાગળ ઉપર બેટનો નકશો પણ પાડી શકીશ.

---

# પાઠ ૩ જો.

## માહીમની ખાડી.

એક દહાડો કાસમ ઘણાં ભપકાદાર કપડાં પહેરી આવ્યો હતો. વર્ગ બેઠા પછી તે ઉભો થઇ બોલ્યો, સાહેબ, આજે અમે માહીમના ઉરસમાં જવાના છીએ, માટે મને અરધા દિવસની રજા આપશો?

મહેતાજી થોડો વખત વિચારમાં પડી બોલ્યા, ભલે કાસમ, તું જજે. પછી વર્ગ તરફ જોઇ બોલ્યા, છોકરાઓ, આજે કાસમે મને ઠીક યાદ દેવડાવ્યું છે. હું તમારી આગળ માહીમ તથા આપણા શહેરની થોડીક આગલી વાત કરવા માગું છું. કોઇ મને કહેશો કે માહીમ આપણા શહેરના કયા ભાગમાં આવ્યું છે?

એક છોકરો બોલ્યો, સાહેબ, શહેરની છેક ઉત્તરના ભાગમાં માહીમ આવ્યું છે. અમે એક દહાડો બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની આગગાડીમાં બેસી ચર્ચગેટથી વાંદરા ગયા હતા, ત્યારે મેં માહીમનું સ્ટેશન જોયું હતું. એ વાંદરાથી એકજ સ્ટેશન આગળ હતું.

મહેતાજીએ પૂછ્યું, માહીમથી ઉપડેલી ગાડી વાંદરે પહોંચી, એટલા અંતરમા વચ્ચે તારા જોવામાં શું શું આવ્યું ?

છોકરો—સાહેબ, માહીમનું સ્ટેશન છોડયા પછી થોડી વારમાં દરિયાનું પાણી દેખાયું. જરા આગળ જતાં જમીનનો છેડો આવી ગયો, અને પાણીમાં બાંધેલા લોખંડના પુલ ઉપર થઇ, ગાડી બીજી બાજુની જમીન ઉપર ચાલવા લાગી.

મહેતાજીએ કહ્યું, ખરી વાત છે. માહીમ આગળ જમીનનો છેડો આવે છે. ત્યાં જે દરિયાનું પાણી છે, એને માહીમની ખાડી કહે છે. હવે તમે સમજશો કે મુંબઇ શહેરનો વિસ્તાર માહીમ આગળ પુરો થાય છે.

અંગ્રેજ લોકોના હાથમાં મુંબઇ આવ્યું તે પહેલાં માહીમ એક બેટ હતો, અને ત્યાં ઘણી વસ્તી હતી. તે બેટ ગુજરાતના મુસલમાન રાજાઓના તાબામાં હતો, તે વેળા માહીમની બાજુના મુંબઇના નાના નાના બીજા ટાપુઓ, ઝાઝી વસ્તી વગરના પડતર જગા જેવા હતા. મુસલમાન પાસેથી પોર્ટુગીઝ અથવા ફીરંગી લોકોએ એ ટાપુઓ જીતી લીધા હતા, અને ઇંગ્લાંડનો રાજા ચાર્લ્સ બીજો, પોર્ટુગલના રાજાની કુંવરી

સાથે પરણ્યો, ત્યારે પોર્ટુગલના રાજાએ લગ્નની પહેરામણી તરીકે, બીજી ચીજોની સાથે, મુંબઇના ટાપુઓ પણ ચાર્લ્સ રાજાને ભેટ તરીકે આપ્યા. આવી રીતે આપણું મુંબઇ શહેર અંગ્રેજ લોકોના હાથમાં આવ્યું છે.

છોકરાઓ, આજ તો આટલી વાત જાણેલી તમારે માટે પુરતી છે. એ વિષેની વધારે હકીકત હવે પછીના પાઠોથી તમારા જાણવામાં આવશે.

---

# પાઠ ૪ થો.

## કોટ, દીવાલ અને દરવાજા.

**સો**મવારનો દિવસ હતો. વર્ગ બેઠા પછી બે વિષયો પુરા થયા હતા. હવે ભૃગોળના વિષયની વારી હતી. મુંબઇ વિષે મહેતાજી કાંઇ જાણવા લાયક વાતો કરશે, એવી આશાઓમાં છોકરાઓ હોંસથી સાંભળવાને શાંત થઇ બેઠા હતા.

વિષય શરૂ કરતાં મહેતાજી બોલ્યા, છોકરાઓ, મુંબઇ અંગ્રેજોના તાબામાં કેવી રીતે આવ્યું તે તો તમે જાણ્યું; પણ તે વખતના, એટલે લગભગ આજથી ત્રણસેં વરસ અગાઉના મુંબઇ. અને આજે આપણે જેવું મુંબઇ જોઇએ છીએ, તેમાં શું શું મોટા ફેરફારો થઇ ગયા છે, એ સમજાવવાનો આજે મારો વિચાર છે.

જુઓ, હું કાળા પાટીયા (બ્લૅક બોર્ડ) ઉપર મુંબઇના સાત છુટા છુટા ટાપુઓ કેવી રીતે આવ્યા હતા, તે નકશો

પાડી બતાવું છું. એ બધા ટાપુઓની આસપાસ બધે દરિયાનું પાણી ફરી વળેલું તમે જુઓ છો.

એક છોકરાએ ઉભા થઇ પૂછ્યું, સાહેબ, આ ટાપુઓની બધી બાજુએ ફરતો દરિયો આવેલો છે, તેનું નામ શું હશે?

મહેતાજી—એને "અરેબિયન સી" એટલે અરબી સમુદ્ર કહે છે. બીજા દરિયાઓના પણ જુદાં જુદાં નામો આપવામા આવ્યાં છે, જે તમો ઉપલા વર્ગોમાં જતાં શીખશો.

મુંબઇના ટાપુઓ અંગ્રેજોના હાથમાં આવ્યા પછી, તેઓએ આજુબાજુના દુશ્મનોના હુમલાઓથી પોતાનો બચાવ કરવાની ગોઠવણ કરવા માંડી. હાલમાં આપણે જેને કોટનો વિભાગ કહીએ છીએ. ત્યાં તેમણે કિલ્લો બાંધી, તેને ફરતી મોટી દીવાલ બાંધવા માંડી. કોટમાં દાખલ થવા માટે મોટા દરવાજા રાખ્યા હતા. તેમાંનો એક દરવાજો બોરીબંદરના સ્ટેશન આગળ હતો. તેને "બજારગેટ" કહેતા. બજારગેટથી મોટો સીધો રસ્તો છે, તેનું નામ "બજારગેટ સ્ટ્રીટ" પડયું છે. એવીજ રીતે ફ્લૉરા ફાઉન્ટન આગળ મોટું દેવળ આવ્યું છે, ત્યાં પણ દરવાજો હતો, તેને ચર્ચગેટ નામ આપ્યું હતું. તે ઉપરથીજ ત્યાંનો એક મોટો રસ્તો, ચર્ચગેટ સ્ટ્રીટ નામે ઓળખાય છે.

એક છોકરો વચમાં બોલી ઉઠયો, સાહેબ, અંગ્રેજોના કયા કયા દુશ્મનો હુમલા લાવે તેવા હતા, કે જેને માટે તેઓને કોટ બાંધવાની જરૂર પડી હતી?

મહેતાજી—બહુ સારો સવાલ પૂછયો. મુંબઇના ટાપુની નજીકમાં થાણા અને કલ્યાણ જીલ્લા તથા કોકણ પ્રાંત આવેલા છે. એ ભાગો કાંઇ તે વેળા અંગ્રેજોના હાથમાં ન હતા. મરાઠાઓ તથા જંજીરાના સીદી અને આસપાસના દરિયાઇ ચાંચિયાઓ, વારંવાર મુંબઇના ટાપુ ઉપર હુમલા લાવતા. ઘણી વેળા અંગ્રેજોને એમની સાથે જમીન ઉપર તથા દરિયામાં લડાઇઓ થઇ હતી. લાંબે વખતે તે બધાઓ ઉપર અંગ્રેજોએ જીત મેળવી, તેમને તાબે કરી મુંબઇને નિર્ભય કર્યું હતું.

---

# પાઠ ૫ મો.

## મુંબઇ એક મોટું શહેર કેવી રીતે બન્યું.

વર્ગ બેઠા પછી એક છોકરાએ મહેતાજીને પૂછયું, સાહેબ, ગઇ વખતે તમે કોટની દીવાલ તથા કિલ્લા વિષે વાત કરી હતી, તે કિલ્લો તથા દીવાલ હમણા અમારા જોવામાં આવતાં નથી.

મહેતાજી બોલ્યા, ખરૂં છે. હાલમાં કિલ્લો તથા દીવાલ જેવું કાંઇ છેજ નહિ, તો પછી તમારા જોવામાં તે કયાંથી આવે? જેમ જેમ મુંબઇની આસપાસના ભાગો અંગ્રેજોના તાબામાં આવતા ગયા, તેમ તેમ દુશ્મનોના હુમલાઓનો ભય મટી ગયો; વળી કોટના ભાગની વસ્તી પણ બહુ વધી પડવાથી, ધીરે ધીરે કોટની બહાર લોકો ઘરો બાંધી રહેવા લાગ્યા. એવી રીતે થોડાં વર્ષો પહેલાં માંડવી, પાયધોણી, ભૂલેશ્વર, કાલબાદેવી, ગીરગામ,

ભાયખલા અને તારદેવ વગેરે ભાગો, જે ઉજ્જડ પડતર જેવી હાલતમાં હતા, તે લોકોથી વસાવા લાગ્યા. નીચાણવાળા ભાગો, જે મોટી ભરતીની વેળાએ પાણીથી ભરાઇ જતા, અને ઓટની વેળાએ પાછી જમીન સુકી થઇ જતી, તે ભાગો પુરી નાખી, ભરતીનાં પાણી ફરી વળતાં અટકાવ્યાં; એટલે એવી જમીન પણ લોકોના વસવાટને માટે લાયક થઇ પડી.

જેમ જેમ શહેરનો વિસ્તાર વધતો ગયો, તેમ તેમ નવાં રહેવાનાં મકાનો બંધાતાં ગયાં. સરકારી ગોદીઓ તથા બીજી અનેક મોટી 'બીલ્ડીંગ્સ' બાંધવામાં આવી; તેથી કડીયા, સુથાર, લુહાર અને મજુરો વગેરે મોટી સંખ્યામાં ગુજરાત, કોકણ તથા બીજા દેશના દૂરના ભાગોમાંથી આવવા લાગ્યા. તેની સાથે વેપાર પણ વધ્યો, એટલે વેપારીઓ, દુકાનદારો અને કારીગરો વગેરેની પણ વસ્તી બહુ વધી પડી. પહેલાં જે દસેક હજારની છુટી છવાઇ વસ્તી કહેવાતી, તે થોડાંક વરસોમાં તો વધીને લગભગ દોઢ બે લાખ જેટલી થઇ પડી. પછી તેમાં પણ ધીરે ધીરે વધારો થતાં, હાલમાં આપણા શહેરની વસ્તી સુમારે દસથી બાર લાખ જેટલી થએલી ગણાય છે.

એક છોકરાએ પૂછ્યું, સાહેબ, એક દિવસ અમે કાપડ વણવાની મીલ જોવા ગયા હતા, ત્યાં તો ઘણાં માણસો કામે લાગેલાં જોયાં હતાં.

મહેતાજીએ કહ્યું, હા, વસ્તી એકદમ વધી પડવાનું મુખ્ય કારણ રૂ અને કાપડની મીલો છે. શહેરમાં આશરે સો જેટલી મોટી મીલો છે, અને તેમાં લગભગ બે લાખથી વધુ માણસો

કામે લાગેલાં છે; તે ઉપરાંત મોટી મોટી ગોદીઓ, કારખાનાઓ તથા રેલ્વેઓ ઉપર બહુ મોટી સંખ્યામાં માણસો કામે લાગેલાં છે.

શહેરના આસપાસના ભાગોમાંથી કોટમાં કામેકાજે આવવામાં કોટની દીવાલ હરકતરૂપ થઇ પડવાથી, તથા એ દીવાલનું ઝાઝો વખત કામ ન હોવાથી, સરકારે તેને તોડી પડાવી, તથા કિલ્લાનાં બાંધકામો ભંગાવી નાખી, તે જગાઓ ઉપર હવે રહેવાનાં મકાનો બંધાવેલાં છે, એટલે હવે એ દીવાલ તમારા જોવામાં આવતી નથી.

---

# પાઠ ૬ ઠ્ઠો.

## દિશાઓ કેમ ઓળખવી.


ભૂગોળનો વિષય શરૂ થતાં શિક્ષકે બોર્ડ ઉપર મુંબઈનો નકશો પાડી છોકરાઓને પૂછ્યું, આ નકશાનો મથાળાનો ભાગ તે કઇ દિશા કહેવાય ?


ઘણા છોકરાઓ મોટે અવાજે સામટા બોલી ઉઠયા, સાહેબ, એ તો ઉત્તર દિશા કહેવાય.


શિક્ષકે છોકરાઓ તરફ ફરી ધીરેથી સમજાવીને કહ્યું, કે આવી રીતે સામટા બોલવાથી વર્ગમાં મોટો ઘોંઘાટ થઇ પડે છે, માટે હવે પછી જે પણ સવાલ પૂછવામાં આવે, તેનો એક એક છોકરો જવાબ આપે તો ઠીક. ત્યાર પછી નકશાની નીચેનો જમીનની અણીવાળો ભાગ બતાવી પૂછ્યું, “ આ કઇ દિશા કહેવાય ?”

એક છોકરો—સાહેબ, એને તો દક્ષિણ દિશા કહે છે.

શિક્ષક—ઠીક, નકશાના ઉપલા ભાગને ઉત્તર તથા નીચલા ભાગને દક્ષિણ દિશા કહે છે એ તો તમે જાણ્યું. હવે તમે સઘળા નકશા તરફ જુઓ. તમારા જમણા હાથની બાજુનો ભાગ તે કઈ દિશા કહેવાય ?




બીજો છોકરો—સાહેબ, એને તો પૂર્વ દિશા કહે છે.

ત્રીજો છોકરો—સાહેબ, હવે ફક્ત આ ડાબા હાથ તરફનો નકશાનો જે ભાગ બાકી રહ્યો તે ભાગને પશ્ચિમ દિશા કહે છે.

શિક્ષક--ખરી વાત. જુઓ, હું એ ચાર દિશાનાં નામ એની જગા ઉપર લખું છું, તે વાંચો અને ધ્યાનમાં રાખો. તમારી સ્લેટ પર, નોટ બુકમાં, મૅપ ડ્રોઇંગ બુકમાં અથવા બોર્ડ પર જ્યારે પણ આપણા શહેરનો, દેશનો અથવા કોઈપણ ખંડનો નકશો પાડો, ત્યારે હંમેશાં દિશાઓ કેમ લખવી તે ભૂલશો નહિ. હવે એ ઉપરથી તમારા વર્ગની, તમારી નિશાળની, તમારાં ઘરની તથા તમારા ઓરડાની દિશાઓ કેમ ઓળખવી, તે તમને સહેલું થઇ પડશે.

ચોથો છોકરો—હા, સાહેબ, તમે કહો તો હું આપણા વર્ગની દિશાઓ બોલી જાઉં. સાહેબ, દીવાલ ઉપર બોર્ડ ટાંગેલું છે એ બાજુને પૂર્વ દિશા કહે છે, કારણ કે રોજ સવારે સૂર્ય એ બાજુથી ઉગતો જોવામાં આવે છે. એની બરાબર સામેની દીવાલ તરફને પશ્ચિમ દિશા કહે છે.

પાંચમો છોકરો—હા, સાહેબ, મને યાદ આવે છે કે એક વેળા મારા બાપાએ કહ્યું હતું કે સવારે જે બાજુએ સૂર્ય ઉગે છે, તે બાજુને પૂર્વ દિશા કહે છે, તથા સાંજના જે બાજુ તરફ સૂર્ય આથમે છે, તેને પશ્ચિમ દિશા કહે છે.

શિક્ષક—ઠીક, આટલી વાત તમે જાણો છો એ સારૂં છે. હવે બાકીની બે દિશાઓ વિષે કોઇ બીજો છોકરો બોલશે એવી મારી ખાત્રી છે.

કોણ બોલવા ઉભો થાય છે એ જોવા વર્ગમાં બધા છોકરા શાંત થઇ ગયા, અને એક બીજા તરફ ટગર ટગર જોવા લાગ્યા,

એટલામાં એક છોકરો ઉભો થઇ બોલ્યો, સાહેબ, ગુજરાતી બીજી ચોપડીમાં દિશાઓ વિષેનો પાઠ હતો તેમાં મેં વાંચ્યું હતું, કે સવારના સૂર્ય ઉગે છે તે દિશા તરફ મોં કરી ઉભા રહીએ, તો આપણા ડાબા હાથ તરફ ઉત્તર દિશા, અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા આવે છે.

શિક્ષક—બહુ સારૂ. નકશાની દિશાઓ તથા તમારી આસપાસની જગાઓની દિશાઓ કેમ ઓળખવી, તે તમે આજે સારી પેઠે શીખ્યા છો. હવે આવતી વખતે તમે બધા તમારી નોટબુકમાં, તમારી પાસે મુંબઇનો નકશો છે, તેવો તેના ઉપરથી દોરી, દિશાઓના નામ લખી લાવી મને દેખાડજો.

---

# પાઠ ૭ મો.

## મુંબઈની વસ્તી, વિસ્તાર અને જુદી જુદી જાતના લોકો.

રવિવારે સાંજના રમણ પોતાનાં મા બાપ અને નાનાં ભાઇ બહેનો સાથે ચોપાટી દરિયા કિનારે ફરવા ગયો હતો. થોડીક વાર આમ તેમ લટાર માર્યા પછી થાક લાગવાથી, તેઓ સઘળાં રેતીમાં પલાંઠી વાળી ગોળ કુંડાળામાં બેસી વાતો કરવા લાગ્યાં.

રમણે આશ્ચર્ય પામી પૂછ્યું, બાપા, આ શું લોકોની મેદની જામી છે? આટલાં બધાં માણસોને હરતાં ફરતાં અને બેઠેલાં જોઇને મને તો જાણે દરિયો માણસોથી ઉભરાઇ જતો

હોય એવું લાગે છે. આપણે સુરતમાં શણીના બાગમાં ઘણી વખત ફરવા જતા, ત્યારે ત્યાં તો આટલી બધી ભારે ઠઠ મારેલ જોવામાં આવી ન હોતી.

બાપે હસીને કહ્યું, બેટા રમણ, સુરત શહેર મોટું છે, પણ તેના પ્રમાણમાં વસ્તી બહુ ઓછી છે; જ્યારે આપણું મુંબઇ શહેર વિસ્તારમાં બહુ મોટું નથી, પણ એની જગાના પ્રમાણમાં તો વસ્તી અતિ મોટી સંખ્યામાં છે. દસ બાર સુરતની વસ્તી એકઠી કરીએ, ત્યારે મુંબઇની વસ્તીનો કંઇક ભાસ થાય છે. આપણા દેશમાં મોટાં મોટાં બીજાં શહેરો તો ઘણાંએ છે, પણ મુંબઇના જેવી ગીચ વસ્તી તો ભાગ્યેજ કોઇ શહેરમાં હશે ! વારૂ, બોલ, તને કોઇ મોટાં શહેરોનાં નામની ખબર છે ?

રમણ—હા, બાપા, દિલ્હી, આગ્રા. લાહોર, કરાંચી, કલકત્તા, મદ્રાસ, અલ્લાહાબાદ, લખનૌ, કાનપોર. પેશાવર. અમરીતસર, બનારસ, પટણા, નાગપોર, પુના. સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદ વગેરે આપણા દેશમાં મોટાં શહેરો કહેવાય છે.

બાપ ખુશી થઇ રમણની પીઠ ઠોકતા બોલ્યા, શાબાશ, રમણ, તું આટલાં બધાં શહેરોનાં નામ ઝપાટાબંધ બોલી ગયો, એ સાંભળી હું ઘણો ખુશી થયો છું. એ બધાં મોટાં શહેરો છે ખરાં; વિસ્તારમાં પણ કેટલાંક મુંબઇથી મોટાં હશે; પણ એમાંના કોઇની પણ વસ્તીની સંખ્યા, મુંબઇની મોટી વસ્તીની બરાબર તો નજ આવી શકે. અંગ્રેજ સરકારનું રાજ્ય આખી પૃથ્વીના પાંચે ખંડમાં મોટા પ્રમાણમાં ફેલાયલું છે, તેમાં

આપણી મગરૂરી એ છે, કે આખી બ્રિટીશ શહેનશાહતમાં આપણું શહેર બીજે નંબરે આવે છે.

રમણ—બાપા, આ તમે શું કહો છો તે હું બરાબર સમજી શકતો નથી.

બાપ—હું એમ કહેવા માગું છું, કે બહોળા વિસ્તારવાળા અંગ્રેજી રાજ્યમાં લંડન શહેર ભારે વસ્તીવાળું અને ભવ્ય શહેર છે, તે પહેલા નંબરનું ગણાય છે, અને તેથી બીજા નંબરનું ભારે વસ્તીવાળું ભવ્ય શહેર, તે આપણું મુંબઇ કહેવાય છે.

રમણ—ત્યારે શું, બાપા, લંડનની વસ્તી મુંબઇ કરતાં પણ વધારે હશે?

બાપ—આપણા મુંબઇ શહેરની વસ્તી આશરે બાર લાખની કહેવાય છે, અને લંડનની વસ્તી સુમારે ચાળીસ લાખ ઉપરની કહેવાય છે.

રમણ-બાપા, મુંબઇમાં બાર લાખ માણસો થોડા વિસ્તારમાં કેવી રીતે રહેતાં હશે?

બાપ—જ્યારે શહેરની અંદર વસ્તી બહુજ મોટા પ્રમાણમાં વધી પડી અને મોટી સંખ્યામાં લોકો નાની ગીચ જગામાં રહી, અનેક જાતના દુઃખ દરદોથી પીડાવા લાગ્યા, ત્યારે સરકારને શહેરની આજુબાજુના દૂરના પડતર ભાગોને સુધારી, વસવાટ કરવા લાયકના બનાવવા પડયા, અને લોકો પણ ખુલાસાથી, ખુલ્લા હવાપાણીવાળા ભાગમાં રહેવાના ફાયદા સમજવા લાગ્યા, તેમ તેમ તેવી દૂરની સુધારેલી જગાઓમાં પોતાનાં ઘરો બંધાવી

રહેવા લાગ્યા. વાંદરા, સાન્તાક્રુઝ, વીલાપારલા, અંધેરી, જોગેશ્વરી, ગોરેગામ, મલાડ, બોરીવલી, કુરલા, ઘાતકોપર, ભાંડુપ અને થાણા એ જગાઓ થોડાંક વરસો અગાઉ લગભગ ઉજ્જડ પડતર જેવી હતી, પણ ઇ૦ સ૦ ૧૮૯૬માં જ્યારથી મરકીનો ઉપદ્રવ આ શહેરમાં ફેલાયો, ત્યારથી ઘણા લોકો શહેરની અંદરના ભાગમાંથી નીકળી જઇ, એ નવી જગાઓ ઉપર વસવા લાગ્યા છે. એ બધા ભાગો આપણા શહેરનાં પરાંઓ કહેવાય છે. એ બધાં પરાંઓમાં લોકો રહેતાં ન હોય તો આપણા શહેરમાં લોકોને હાલચાલ કરવાની પણ ભાગ્યેજ જગા રહે, એટલો નાનો વિસ્તાર આપણા શહેરની અંદરના ભાગનો છે.

રમણ—બાપા, તમે આપણું શહેર, આપણું શહેર, એમ વારે વારે બોલો છો, તે કયા ભાગને માટે બોલો છો એ હું સમજી શકતો નથી.

બાપ—કોલાબાના છેડાથી ઉપર જતાં માહીમ તથા શીવ આગળ ખાડીનો ભાગ આવે છે. એટલી લંબાઇવાળી જગા, જે આશરે અગીયાર માઇલ જેટલી છે, તેટલા જમીનના ભાગને મુંબઇ શહેર કહે છે. ઘેર જઇ હું તને મુંબઇનો નકશો દેખાડીશ, તે ઉપરથી તું જોઇ શકશે, કે શહેરની પહોળાઇ બધે એક સરખી નથી. પહોળામા પહોળો ભાગ જે તું જોશે, તે ત્રણથી સાડા ત્રણ માઇલ જેટલી પહોળાઇ વાળો છે. માહીમ અને શીવથી આગળ જે જમીન આવે છે, એ શહેરનો ભાગ નહિ, પણ શહેરની આસપાસનાં પરાંઓનો ભાગ છે. હવે તું સમજયો હશે કે આપણા શહેરની જમીન કાંઇ મોટા વિસ્તારની નથી, અને

તેના પ્રમાણમાં વસ્તી બહુ મોટી છે. આપણું શહેર એક મોટું વેપારનું મથક છે, માટે એની વસ્તી પણ જુદી જુદી જાતના લોકોની છે. અહીં બેઠા બેઠાજ ભિન્ન ભિન્ન જાતના લોકો તારા જોવામાં આવશે.

રમણ—હા, બાપા, આપણા હિંદુઓની તો ઘણી ઘણી નાતોના લોકો જણાય છે, તે ઉપરાંત પારસીઓ તથા મુસલમાનો પણ મોટી સંખ્યામાં જણાય છે.

બાપ—એ ત્રણ જાણીતી જાતો ઉપરાંત, તું સમજીને અચંબો પામશે, કે પૃથ્વી માંહેલી ભાગ્યેજ કોઇ જાત આપણા શહેરમાં નહિ દેખાતી હશે. યુરોપખંડની લગભગ બધી પ્રજાના લોક અહીં વેપાર અર્થે આવે છે. એશિયા ખંડની પ્રજા માંહેલા ચીના, જાપાનીસ, બરમીઝ, તુર્કી, આરબ, અફઘાન, પરશીઅન ઉપરાંત આફ્રિકાના કાળા હબસીઓ તથા અમેરીકાના અને ઑસ્ટ્રેલિયાના લોકો પણ જોવામાં આવે છે. ચાલો છોકરાં, રાત પડી ગઇ છે માટે હવે ઘેર જઇએ.

ઘેર આવી બાપે રમણને મુંબઇનો નકશો બતાવી દરિયા કિનારે કરેલી વાત પાછી સમજાવી અને કહ્યું કે આવતી કાલે તારી નોટ બુકમાં મુંબઇનો નકશો ચિતરી કોલાબા, માહીમ અને શીવ કયાં કયાં આવેલાં છે તે જગાઓમાં નામ લખી મને દેખાડજે.

---

# પાઠ ૮ મો.

## મુંબઇની ગોદીઓ.

એક દહાડો હુસન નિશાળેથી ગેરહાજર રહ્યો હતો. બીજે દિવસે મહેતાજીએ તેનું કારણ પૂછતાં તેણે કહ્યું, સાહેબ, મારા કાકા ગઇ કાલે જંગબારથી આવ્યા તેમને સ્ટીમર ઉપર લેવા અમે બધા ગોદીમાં ગયા હતા.

મહેતાજીએ જોયું, કે આ વાત ઉપરથી વર્ગને ગોદીઓ વિષે વધારે વિગતથી સમજાવ્યું હોય તો ઠીક. એ ઉપરથી તેમણે પહેલાં મુંબઇનો નકશો કાઢી બોર્ડ ઉપર ટાંગ્યો. પછી તેમણે વર્ગ તરફ ફરી કહ્યું, છોકરાઓ, મોટાં મોટાં વહાણો અને સ્ટીમરોને હંકારવાને અને ઉભાં રાખવાને ઉંડાં પાણી જોઇએ. આ પશ્ચિમ તરફનો કિનારો જુઓ. ત્યાં કિનારા આગળ ઘણા ખડકો આવેલા છે અને પાણી આઘે સુધી છાલકાં રહે છે. તમે વરલી, મલબારહીલ આગળનું તોપખાનું, ચોપાટીનો કિનારો તેમજ ચર્ચગેટથી કોલાબાના છેડા સુધીનો કિનારાનો ભાગ જોશો તો માલમ પડશે કે ત્યાંનાં પાણી છાલકાં દેખાશે. ઓટને વખતે તો પાણી કિનારાથી બહુ આઘે જઇ ખડકો ખુલ્લા નજરે પડે છે. એવા છાલકાં પાણીવાળા અને ઠેર ઠેર ખડકોવાળા કિનારા આગળ મોટાં વહાણો આવી શકે નહિ, માટેજ એ બાજુના ભાગમાં ગોદીઓ બાંધવામાં આવી નથી.

હવે આ પૂર્વ બાજુનો કિનારો જુઓ. અહીં પાણી ઘણાં ઉંડાં છે. ઓટના વખતમાં પણ પાણી કિનારાથી આઘે જતાં

નથી. વળી અહીંના દરિયાનો ભાગ મુંબઇના ટાપુ અને કોકણ કિનારાની જમીનની વચ્ચે આવેલો હોવાથી પાણી હંમેશાં શાંત રહે છે. ખુલ્લા દરિયામાં તોફાનને વખતે જેવું, જોસમાં મોટાં મોજાંઓ ઉંચે ઉછળી કિનારાને ભાંગી તોડી નુકસાન કરે છે તેવું અહીં થતું નથી, માટેજ એ ભાગ બધી રીતે વહાણો માટે અનુકૂળ અને સલામતીભર્યો હોવાથી અહીં મોટી મોટી ગોદીઓ બાંધેલી છે. વારૂ, હુસન, તું કાલે કઇ ગોદીમાં ગયો હતો?

હુસન—સાહેબ, હું એલેકઝાન્દ્રા ગોદીમાં ગયો હતો. ત્યાં ગોદીના નંબર ત્રણ વાળા ડક્કા આગળ સ્ટીમર આવીને ઉભી હતી.

મહેતાજી—આપણા શહેરમાં એક નહિ પણ ઘણી ગોદીઓ બાંધેલી છે. તે બધી આ તરફ પૂર્વ કિનારા ઉપરજ બાંધેલી છે. ટાઉનહૉલથી જરા છેટે ગવર્નમેંટ ડૉકયાર્ડ નામે ગોદી સર્વથી પહેલાં બાંધવામાં આવી હતી. ત્યાં માત્ર સરકારી વહાણોજ આવે છે. બીજી કંપનીના અને વેપારી વહાણોને ત્યાં આવવા દેવામાં આવતાં નથી. મજગામ આગળ પ્રિન્સીસ ગોદી અને તેની દક્ષિણ બાજુએ વિકટોરિયા ગોદીઓ આવેલી છે. થોડાં વરસ અગાઉ એ મોટી ગોદીઓ ગણાતી હતી, પણ હમણાં થોડાં વરસ ઉપર એલેકઝાન્દ્રા ગોદી બંધાઇ છે તે સર્વથી મોટી છે, અને બીજા દેશોની મોટામાં મોટી સ્ટીમરો સહેલાઇથી તેમાં આવી શકે છે. મુંબઇ વેપારનું મોટું મથક હોવાથી રોજની ઘણી સ્ટીમરો આવે છે અને જાય છે. વેપારીઓનો માલ ભરી રાખવા માટે મોટાં મોટાં ગોડાઉન બાંધેલાં છે. અકેક ગોડાઉનમાં

ભરેલા માલનો જથ્થો જોઇને આપણે તો છકજ થઇ જઇએ.

ભારે વજનની રૂની ગાંસડીઓ કે જેમાંની એકેક ઉપાડવાને માટે પાંચ સાત મજુરો જોઇએ, એવી ત્રણ ચાર ગાંસડીઓ એક સામટી, લોખંડની મજબુત સાંકળો વડે બાંધી 'ક્રેન' વડે ચઢાવ ઉતાર થતી જોવાની બહુજ મઝા પડે છે.

એલેકઝાન્ડ્રા ગોદીમાં સ્ટીમરોને અંદર દાખલ થવાના રસ્તા વચ્ચે એક મોટો લોખંડનો પુલ બાંધ્યો છે, જે ઉપરથી માણસો, ઘોડાગાડી અને મોટરકારો આવજાવ કરે છે; પણ જ્યારે કોઇ સ્ટીમર ગોદીમાં આવતી અથવા જતી હોય છે ત્યારે આખો પુલ ઉચકાઇને એક છેડા ઉપર ઉભો થઇ જાય છે અને તે વેળા જાણે લોખંડનો કોઇ મોટો મિનારો બાંધ્યો હોય એવો તેનો દેખાવ જણાય છે. ખરેખર! એ પુલને ઉચકાતો અને પાછો પોતાની જગા ઉપર નીચો પડી ગોઠવાતો જોવા જેવો છે. એ એક ઇજનેરી કળાનો સુંદર નમુનો છે. કોઇ દિવસ તમે જરૂર ગોદીઓ જોવા જજો. ત્યાં તમને ઘણું ઘણું નવું જોવાનું તથા જાણવાનું મળશે; પણ ગોદીમાં ફરતાં બહુ સંભાળ રાખજો. ઢેર ઢેર માલની ગાંસડીઓ, લોખંડના સળિયા, અનાજની ગુણો વગેરે હરેક પ્રકારની ચીજો રસ્તા વચ્ચે પડેલી હોય છે, તેથી વગર ધ્યાને ચાલતાં ઠોકર લાગી પડી જવાનો ઘણો સંભવ રહે છે.

વળી સ્ટીમરો ઉપર 'ક્રેનો' વડે માલ ચઢાવ ઉતાર થાય છે, તે વેળા 'ક્રેનો'ની ભારે વજનની જાડી સાંકળો આમથી તેમ

ઝુલા ખાય છે, અને તે વાગી જવાની બીક રહે છે. ઘોડાગાડી, મોટરકારો, માલથી ભરેલી મોટર લૉરીઓ અને બળદના ખટારાઓની ત્યાં આખો દિવસ ભારે ધમાલ થઇ રહે છે. હજારો મજુરો અને કારકુનો ત્યાં કામે લાગેલા હોય છે. ગોદીના છેડના ડક્કા ઉપર ઉભા રહી બારાંનો સુંદર દેખાવ જોવાની તમને બહુ ગમત પડશે.

ગોદીઓના કાયદા બહુ સખ્ત છે. કોઇ કોઇ વેળાએ ત્યાં જાતજાતનો માલ બહુ વેરવીખેર પડેલો દેખાય છે; પણ તમારાથી તેને બીલકુલ અડાય નહિ. એની તપાસ રાખવા માટે ત્યાં પોલીસનો ભારે બંદોબસ્ત રાખવામાં આવે છે.

ચાલો, આજે આપણે ગોદીઓ વિષે આટલી વાત કરી તે પુરતી છે. હવે નકશા તરફ જુઓ. જુદી જુદી ગોદીઓ કયાં આવેલી છે તે જગા હું તમને બતાવું છું. આ ગવર્નમેંટ ડૉકયાર્ડ છે. આ તરફ સાસુન ડૉક આવેલી છે. જુઓ આ એક સરખી લાઇનમાં બેલાર્ડપિયર, એલેકઝાન્ડ્રા, વિકટોરિયા તથા પ્રિન્સીસ ડૉક છે. તમારી પાસે મુંબઇનો નકશો છે તે ઉપરથી તમારી નોટબુકમાં નકશો પાડી, બધી ગોદીઓ જે જે જગાએ આવેલી છે, તે તે જગાએ તેનાં નામ લખી મને કાલે દેખાડજો.

# પાઠ ૯ મો.

## શહેરમાં દોડતી આગગાડીઓ

( બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે. )

નિશાળનો ઘંટ વાગી ગયો હતો. શિક્ષકે છોકરાઓની હાજરી લઇ લેસન લેવા માંડયું હતું, એટલામાં બમન હાંફતો હાંફતો આવી ચઢયો, અને વર્ગમાં દાખલ થવા માટે શિક્ષકની રજા માગી. એ છોકરો વારંવાર મોડો આવતો હોવાથી શિક્ષકે જરા કરડા અવાજે પૂછયું, પાછું આજ તમને આવતાં મોડું કેમ થયું ?

બમને નમનતાઇથી જવાબ આપ્યો, સાહેબ, આજે મોડું થવા માટે મારી કસુર નથી. હું અંધેરી રહું છું અને બહુ વહેલો ઘેરથી નીકળ્યો હતો; પણ રસ્તામાં વાઇસરાય સાહેબની સ્પેશિયલ ટ્રેનને પસાર થવા દેવા માટે, અમારી લોકલ ગાડી બાજુની સાઇડીંગ ઉપર ઘણો વખત થોભાવી રાખી હતી. આથી આજે મને મોડું થયું છે માટે માફ કરશો.

શિક્ષકે જોયું કે મોડું થવામાં બમનનો પોતાનો વાંક ન હતો, તેથી તેને વર્ગમાં બેસવાની રજા આપી. પછી શિક્ષકે વિચાર્યું કે વર્ગને આપણા શહેરની આગગાડીઓ વિષે જ્ઞાન આપ્યું હોય તો ઠીક, એમ વિચારી મુંબઇનો નકશો કાઢી બોર્ડ ઉપર ટાંગ્યો. પછી હાથમાં થોડીક લાંબી એક લાકડી (પોઇંટર) પકડી બોલ્યા, છોકરાઓ, હું આ લાકડી નકશામાં દેખાડલી

આગગાડીની લાઇન ઉપર ચલાવું છું. પછી દક્ષિણ તરફ આવેલી એક ચોકસ જગા ઉપર લાકડી રાખી પૂછ્યું, આ શું હશે?

એક છોકરો—સાહેબ, એ તો બી. બી. ઍન્ડ સી. આઇ રેલ્વેનું છેલ્લું કોલાબાનું સ્ટેશન છે.

મહેતાજી—ઠીક, બમન, તું રોજ અંધેરીથી આવજાવ કરે છે, માટે તને તો કોલાબાથી અંધેરી સુધીનાં બધાં સ્ટેશનોનાં નામ યાદ હશે. બોલ, જોઉં, કોલાબાથી આ એક સ્ટેશન આગળ આવ્યા. એનું નામ શું?

બમન—સાહેબ, એ ચર્ચગેટનું સ્ટેશન છે.

મહેતાજી—કોટના ભાગમાં મોટી મોટી બૅંકો, ઑફીસો, હાઇકોર્ટ, મ્યુનિસિપાલ ઑફીસ, વડી (જનરલ) પોસ્ટ ઑફીસ, તાર ઑફીસ, અને સૅક્રેટેરીયટ ખાતું વગેરે આવેલાં હોવાથી મોટી સંખ્યામાં પરાંના તથા શહેરના બીજા ભાગોના લોકો નોકરી, ધંધા, વેપારવણજ અને કૉર્ટ દરબારના કામકાજે કોટમાં આવે છે. સવારની આવતી તેમજ સાંજની જતી બધી લોકલ ટ્રેનો ખીચોખીચ લોકોથી ભરાઇને મુંબઇનાં સ્ટેશનોએ આવજા કરે છે.

ચર્ચગેટથી આગળ જતાં મરીનલાઇન્સ તથા તેની આગળ ચર્નીરોડ સ્ટેશન આવ્યાં. ચર્નીરોડ છોડયા પછી ચોપાટીના દરિયાનો સુંદર દેખાવ ખુલ્લો નજરે પડે છે. ત્યાંથી આગળ જતાં ગ્રાંટરોડનું મોટું સ્ટેશન આવે છે. એ સ્ટેશન ઉપર હંમેશા લોકની આવજા ભારે રહે છે, કારણ કે એની આસપાસ મોટી

વસ્તીવાળા ભાગો જેવા કે મલબારહીલ, ગોવાળીઆ તળાવ, ગામદેવી, તારદેવ, લેમીંગ્ટનરોડ, ફૉરાસરોડ, ડન્કનરોડ, બેટાંકી, ગોળપીઠાં, ખેતવાડી, નળબજાર અને ભીંડીબજારના લોકને માટે એજ સવડ પડતું સ્ટેશન છે.

પહેલાં જ્યારે દેશાવરોની મેલ અને પૅસૅન્જર ગાડીઓ કોલાબાથી ઉપડતી હતી, ત્યારે ગ્રાંટરોડનું સ્ટેશન સૌથી મોટું ગણાતું હતું; પણ હવે તો એ સ્ટેશનથી જરા ઉત્તરે બૉમ્બે સૅનટ્રલ નામનું ભારે ખરચ કરી નવું ભપકાદાર સ્ટેશન બાંધ્યું છે, ત્યાંથીજ બધી દેશાવરોની ગાડીઓ ઉપડે છે અને આવે છે, તેથી હવે ગ્રાંટરોડ સ્ટેશન ઉપરની ધમાલ ઘણી ઓછી થઇ ગઇ છે.

બૉમ્બે સૅનટ્રલ છોડયા પછી મહાલક્ષ્મીનું સ્ટેશન આવે છે. અહીં ઘોડાદોડની સરતનું મોટું મેદાન છે, ત્યાં ઠંડીની રૂતુમાં અહીંથી ત્રણ મહિના સુધીમાં દર શનિવારે ઘોડાની સરત દોડાય છે, તે જોવા હજારો માણસો આવે છે. કોઇ કોઇ સરતના દિવસે મુંબઇના ગવર્નર સાહેબ પણ પધારે છે, અને તે વેળાએ તો લોકોની ખાસ ભારે ગીરદી ત્યાં થાય છે. એજ સ્ટેશનની પાસે રેલ્વે લાઇનની લગોલગ મોટો ધોબીઘાટ છે.

પછી લોઅરપરેલ અને ઍલ્ફીન્સ્ટન રોડનાં સ્ટેશનો આવે છે. એ ભાગમાં રેલ્વેનાં કારખાનાં અને કાપડ વણવાની મોટી મોટી મીલો આવેલી હોવાથી, રોજ હજારો કામદારોની અહીં આવજાવ થાય છે. અહીંથી આગળ જતાં દાદરનું મોટું સ્ટેશન

આવે છે. એ જંકશન સ્ટેશન કહેવાય છે, કારણ કે જી. આઈ. પી. રેલ્વેનું દાદર સ્ટેશન એની પડોશમાંજ છે. એક લાઇન ઉપરના પૅસૅન્જરો બીજી લાઇન ઉપર પોતાની મુસાફરી લંબાવતાં એજ સ્ટેશનો ઉપર ગાડી અદલા બદલી કરે છે. દાદરથી આગળ જતાં માટુંગા અને પછી માહીમ આવે છે. માહીમમા દર વરસે મોટો ઉરસ ભરાય છે અને હજારો મુસલમાનો એ ટાંકણે ત્યાં આવે છે.

માહીમ એ બી. બી. ઍન્ડ સી. આઈ. રેલ્વેનું મુંબઈ બેટનું છેલ્લું લોકલ સ્ટેશન ગણાય છે, કારણ અહીં શહેરની જમીનનો છેડો આવે છે, અને ખાડી ઓળંગતાં સાષ્ટિ જીલ્લો આવે છે. માહીમ છોડયું એટલે હવે આપણે મુંબઈની બહાર ગયા એમ કહેવાય.

માહીમ છોડયા પછી વાંદરા, ખાર, સાન્તાક્રુઝ વીલેપારલે, અંધેરી, ગોરેગામ, મલાડ, કાંદીવલી, બોરીવલી, ભાઇંદર, વસાઇ, નાનાસોપાલા અને વીરારનાં સ્ટેશનો આવે છે. આપણા શહેરમાં દરરોજના ખપ માટે સેંકડો મણ દૂધ, ફ્રુટ, લીલો મેવો અને શાકભાજી વગેરે દૂરનાં પરાંઓમાંથી આવે છે, તેટલા માટે આખા દિવસમાં ઘણી ગાડીઓ બોરીવલી અને વીરાર સુધી રેલ્વે કંપની દોડાવે છે.

એક છોકરાએ પૂછયું, સાહેબ, બી. બી. ઍન્ડ સી. આઈ. રેલ્વે કોલાબાથી વીરાર સુધીજ દોડે છે, ત્યારે એનાથી આગળ સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદ જવું હોય તો કઈ લાઇનપરથી જવાય?

મહેતાજી—બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે ઉપરની આગગાડીઓ માત્ર વીરાર સુધીજ દોડે છે એમ નથી; આતો માત્ર આપણે લોકલ ટ્રેનોનીજ વાત કરી, પણ એ લાઇન તો બહુ આગળ લંબાવેલી છે. તે વલસાડ, બીલીમોરા, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ અને વીરમગામ સુધી જાય છે. વડોદરાથી એક બીજી લાઇન ગોધરા અને રતલામ થઇ ઠેઠ દિલ્હી સુધી જાય છે. વારૂ, આપણે બી.બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે એમ બોલીએ છીએ એ તો તેનું ટુંકું નામ છે, પણ આખું નામ શું થાય છે તે કોઇ કહેશો?

એકાદ પળ થોભી શિક્ષકે કહ્યું, હું તમને સમજાવું. એનું આખું નામ બૉમ્બે બરોડા ઍન્ડ સૅનટ્રલ ઇંડિયા રેલ્વે છે. વારેઘડીએ આખું નામ બોલતાં અને લખતા લંબાણ થઇ પડે છે, માટે દરેક શબ્દના પહેલાજ અક્ષરો વાપરવામાં આવેલા છે. હવે તમે એ વાત યાદ રાખજો.

---

# પાઠ ૧૦ મો.

## શહેરમાં દોડતી આગગાડીઓ.

### (જી. આઇ. પી. રેલ્વે તથા હાર્બર બ્રાંચ.)

ભૂગોળની વારી આવતાં શિક્ષકે વર્ગને કહ્યું, કે ગઇ વખતે આપણે આપણા શહેરની આગગાડીઓ વિષે વાત કરી હતી; પણ તે પુરી થએલી નહિ હોવાથી, હું આજે તે વાત તમારી

આગળ સમજાવવા માગું છું. આજે આપણે જી. આઇ. પી. રેલ્વે, તથા હાર્બર બ્રાંચ અને પૉર્ટ ટ્રસ્ટ રેલ્વે વિષે વાત કરીશું.

બોરીબંદરનું હાલનું ઘણું મોટું અને ભવ્ય સ્ટેશન તો ભાગ્યેજ કોઇના જોવામાં આવ્યું નહિ હોય! આ સ્ટેશનથી શરૂ થતી રેલ્વે લાઇન બહુજ મોટી હોવાથી, તથા એની ગાડીઓ દેશના ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભાગોમાં ઠેઠ દિલ્હી, કલકત્તા અને મદ્રાસ સુધી દોડતી હોવાથી, એ સ્ટેશન પણ વખત જતાં નાનું પડયું; તેથી થોડાંક વરસોની વાત ઉપર એની પડોશમાંજ બીજું નવું મોટું સ્ટેશન બાંધવામાં આવ્યું છે. એને વિકટોરિયા ટરમીનસ કહે છે. એ સ્ટેશનમાં આગગાડીઓ ઉભી રહેવા માટે તેર પ્લૅટફૉર્મ છે. જુના અને નવા સ્ટેશનની વચમાં ગાડીઘોડા તથા મોટરકારોને માટે રસ્તો રાખેલો છે.

રેલ્વેની ઑફીસોવાળા ભાગ ઉપર મોટો ઘુમટ છે, અને તેને મથાળે મહારાણી વિકટોરિયાનું બાવલું ઉભું કરેલું છે. જ્યારે શહેનશાહ પાંચમા જ્યૉર્જ અને શહેનશાહબાનુ મેરી મુંબઇમાં પધાર્યાં હતાં ત્યારે, અને હાલના નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ પણ પધાર્યા હતા ત્યારે રાત્રિને સમયે જે ભારે ખરચ કરી, એના ઉપર અતિ સુંદર વિજળીની લાઇટ એવી તો કરવામાં આવી હતી કે, તે જોવા માટે આખી મુંબઇની મજા ઉભરાઇ જતી હતી! આ દેખાવ જેઓએ જોયો છે તેઓ તો તેને કદી પણ ભુલી શકશે નહિ.

જી. આઇ. પી. રેલ્વેની લોકલ ટ્રેનમાં બેસી આપણે જઇએ, તો પહેલું સ્ટેશન મસ્જીદ બંદર આવે છે. માંડવી, દાણાબજાર,

ગોદીઓ આગળના વેપારીઓનાં મોટાં ગોડાઉનો તથા વેપારીઓની મોટી વખારો, એ લત્તામાં આવેલી હોવાથી, અહીં દરેક ગાડીના ટાઇમે લોકની ભારે ગીરદી થઇ રહે છે. ત્યાંથી આગળ જતાં સૅન્ડહર્સ્ટરોડ લો લૅવલ સ્ટેશન આવે છે. પહેલાં એ સ્ટેશન ન હતું, પણ એનાથી જરા દૂર મજગામનું સ્ટેશન હતું; પણ જ્યારથી રેલ્વેની જુની લાઇન ઉપરથી હાર્બર બ્રાંચની ગાડીઓ દોડવા લાગી, ત્યારથી મજગામનું સ્ટેશન કાઢી નાખી, એ નવું સ્ટેશન બાંધ્યું છે.

આ સ્ટેશનથી આગળ જતા ભાયખલાનું મોટું સ્ટેશન આવે છે. એ સ્ટેશને ઉતરી બે ત્રણ મિનિટમાં મુંબઇ શહેરના સૌથી મોટા રાણીના બાગમાં જઇ શકાય છે. ભાયખલેથી ઉપડયા પછી ચીંચપોકલી, કરીરોડ અને પરેલનાં સ્ટેશનો આવે છે. એ બધાં સ્ટેશનોની નજીકમાં ઘણી મોટી મોટી મીલો આવેલી છે. એ લત્તો "મીલના વિભાગ" તરીકે જાણીતો છે. પરેલ પછી દાદર આવે છે. આગલા પાઠમાં સમજાવ્યા પ્રમાણે એ "જંક્શન સ્ટેશન" કહેવાય છે.

પરેલ અને દાદરની રેલ્વે લાઇન, બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની લાઇનની એટલી બધી નજીક આવી ગઇ છે કે, કોઇ કોઇ વખતે તો આ બંને લાઇનોની જુદી જુદી ગાડીઓ, એક સરખી લાઇનમાં જોડા જોડ દોડતી હોય એમજ લાગે છે. દાદર પછી માટુંગા આવે છે. પહેલાં પરેલમાં રેલ્વેનું મોટું કારખાનું હતું તેને હાલમાં કાઢી નાખી માટુંગામાં આણેલું છે. પછી શીવનું સ્ટેશન આવે છે. જેમ બી. બી. ઍન્ડ સી. આઇ.

રેલ્વેનું મુંબઇનું છેલ્લું સ્ટેશન માહીમ, તેમ આ લાઇન ઉપર શીવ મુંબઇનું છેલ્લું સ્ટેશન છે. શીવથી કુરલા જતાં વચમાં ખાડી હતી તે પુરી નાખી સીધો રસ્તો બનાવ્યો છે, એ તો તમે આગળ શીખી ગયા છો. કુરલા પહોંચ્યા, એટલે સાષ્ટિ જીલ્લામાં આવ્યા એમ કહેવાય.

કુરલા પછી ઘાટકોપર આવે છે. મરકીના ઉપદ્રવ પછી અહીં પુષ્કળ લોક આવીને રહ્યા છે, અને હિંદુઓએ પોતાની એક મોટી "કૉલોની" વસાવી છે. ઘાટકોપરથી આગળ જતાં વીખરોલી, ભાંડુપ, મુલુંડ અને થાણા આવે છે. ભાંડુપથી વિહારના પાણીના તળાવ આગળ જવાય છે. વિહારની આજુબાજુનાં જંગલોમાં સારો શિકાર મળી શકે છે, તેથી રજાના દિવસોમાં ઘણા યુરોપીઅનો શિકારને માટે, અને બીજા શોખીનો ખાણાપીણીની મોજ કરવાને માટે અહીં આવે છે.

થાણા તો અસલથીજ મોટું શહેર ગણાતું, અને અગાઉના વખતમાં ઘણીવાર મરાઠાઓ અને પોર્ટુગીઝો, થાણેથી દરિયા માર્ગે મુંબઇ ઉપર હુમલા લાવતા. પહેલાં દીવાના માણસોને રાખવા માટે કોલાબામાં "મૅડ હાઉસ" હતું, તે હવે થાણે લઇ જવામાં આવ્યું છે. થાણાથી આગળ જતાં કલ્યાણનું મોટું સ્ટેશન આવે છે. ત્યાં આગળ એ રેલ્વેની બે મોટી લાઇનો જુદે જુદે રસ્તે જાય છે. એક લાઇન નાસિક અને ખાનદેશ થઇ, છેક આગ્રા અને દિલ્હી તરફ જાય છે. બીજી લાઇન માથેરાન, ખંડાલા, લાનોલા અને પુના થઇ મદ્રાસ તરફ જાય

છે. ભુસાવલથી એક ત્રીજી મોટી લાઇન નાગપુર થઇ કલકત્તા તરફ જાય છે. અલ્લાહાબાદ, બનારસ, પટણા, લખનૌ અને કાનપોર વગેરે ઠેકાણે જવાને માટે જી. આઇ. પી. રેલ્વે માર્ગે જબલપોર થઇને જવું સહેલું પડે છે. એ ઉપરાંત એ રેલ્વેની બીજી નાની નાની શાખા-લાઇનો તો બહુજ છે, કે જે તમે ઉપલા વર્ગોમાં ગયા પછી શીખશો.

બોરીબંદરના સ્ટેશન ઉપરથી હાર્બર બ્રાંચની ગાડીઓ ઉપડે છે, તે મસ્જીદ બંદર સુધી તો એજ લાઇન ઉપર દોડે છે, અને ત્યાંથી આગળ જતાં નીચલી લાઇનથી જુદી પડી, સૅન્ડહર્સ્ટરોડ હાઇ લૅવલ સ્ટેશને આવે છે. એ નવી લાઇન થોડાંજ વરસ થયાં ખોલી છે. અહીં જી. આઇ. પી. રેલ્વેનું વાડીબંદરનું મોટું માલનું (ગુડસ યાર્ડ) ખાતું છે. અહીં એટલા બધા પાટાઓની લાઇનો છે કે જેની ઉપર થઇ, એ નવી લાઇનની ગાડીઓને પસાર થવાને ઘણું મુશ્કેલ પડતું; તેથી જેમ નદી ઓળંગવાને તેની ઉપર લોઢાંનો પુલ બાંધવામાં આવે છે, તેમ આ પાટા ઓળંગી પસાર થવાને તેની ઉપર લોઢાંનો મોટો પુલ બાંધવામાં આવેલો છે. તે પુલ ઉપર થઇ આ નવી લાઇનની ગાડીઓને દોડાવે છે.

અહીંથી આગળ જતાં ડૉકયાર્ડરોડ, રેરોડ અને કૉટનગ્રીન સ્ટેશનો અનુક્રમે આવે છે. અગાઉ દેશાવરથી આવતો બધો રૂનો જથ્થો કોલાબા ખાતે રાખવામાં આવતો હતો, તેને હવે ત્યાં રાખવાનું બંધ કરી, કૉટનગ્રીન સ્ટેશન આગળ મોટાં મોટાં રૂનાં

ગોડાઉનો બાંધી તેમાં, અને બીજો વધારાનો જથ્થો ખુલ્લી જગાઓમાં રાખે છે. અહીં લાખોની સંખ્યામાં રૂની ગાંસડીઓની ઉંચી ઉંચી થપ્પીઓ ગોઠવેલી હોય છે તે જોનારને વિસ્મય પમાડે છે! અહીં રૂના વેપારીઓ અને દલાલોની મોટી આવજા રહે છે. એ રૂના વેપારનું વડું મથક હોવાથીજ એનું કૉટનગ્રીન નામ આપેલું છે.

કૉટનગ્રીન સ્ટેશનથી આગળ જતાં શીવરી અને ગોવારીનાં સ્ટેશનો આવે છે. હમણાં દાદર અને માટુંગાની વચ્ચે એક મોટું "પારસી કૉલૉની" વસેલું છે, ત્યાં જવા માટે આ ગોવારી સ્ટેશન ઘણું અનુકૂળ થઇ પડે છે. ગોવારી સ્ટેશનથી બે લાઇનો જુદી પડી, તેમાંની એક **બી.** બી. ઍન્ડ સી. આઇ. ના **માહીમ** સ્ટેશને થઇ **વાંદરે** જાય છે; અને બીજી **જી.** આઇ. પી. ના કુરલાના સ્ટેશને જઇ મુખ્ય લાઇનને મળે છે.

હાર્બર બ્રાંચ સાથે પૉર્ટટ્રસ્ટ રેલ્વે છે, પણ તે તો માત્ર રૂ અને બીજો માલ ગાડીઓમાજ લાવ લઇજા કરવાનું કામ કરે છે.

પહેલાં હું તમને બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેનું આખુ નામ જણાવી ગયો છું. હવે તમને જી. આઇ. પી. રેલ્વેનું આખુ નામ જાણવાની ઇચ્છા થતી હશેજ. એનું આખુ નામ ગ્રેટ ઇંડિયન પેનીન્સુલા રેલ્વે કહેવાય છે. ઇંડિયન પેનીન્સુલા કહેવાનું કારણ તમે અત્યારે સમજી શકશો નહિ, એ તો તમે ઉપલા વર્ગોમાં જશો ત્યારે સહેલથી સમજી શકશો.

જુઓ, હું બોર્ડ ઉપર મુંબઇનો નકશો કાઢી તેની અંદર રેલ્વે લાઇનો પાડી, દરેક સ્ટેશનની જગા બતાવું છું. એવો નકશો તમે સૌ તમારી નોટ બુકમાં પાડી, ભૂગોળની હવે પછી વારી આવે તે દિવસે લાવી મને દેખાડજો.


---

# પાઠ ૧૧ મો.

## સર ફીરોજશાહ મહેતા અને હેંગીંગ ગાર્ડન્સ.

મુંબઇની એક મોટી જાણીતી શાળાના શિક્ષકો, દર શનિવારે જુદા જુદા વર્ગોને પોતાની દેખરેખ નીચે, છોકરાઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય એવી અવલોકન કરવા લાયક જગાઓમાં લઇ જઇ, તે સંબંધીનું જ્ઞાન આપે છે.

એક શનિવારે સવારમાં વહેલા, તે શાળાના ત્રણેક શિક્ષકો પોતાની સાથે ત્રીસ ચાળીસ છોકરાઓ લઇ, મલબાર હીલ ઉપર આવેલા સર ફીરોજશાહ મહેતા અને હેંગીગ ગાર્ડન્સમાં આવી પહોંચ્યા હતા. અહીં શિક્ષકોની સાથે આ છોકરાઓનું બાળસૈન્ય આખા બગીચાનું અવલોકન કરતું કરતું, છેવટ એક જગાએ લીલું, સુંવાળું, નાનું નાનું ઘાસ ઉગેલું હતું, તે જગા ઉપર આવી, શિક્ષકોને વચમાં રાખી બધા છોકરાઓ ફરતા ગોળ કુંડાળામાં બેસી ગયા. શિક્ષકોમાંના એકે કહ્યું, વહાલા છોકરાઓ, આપણે ચર્નીરોડથી ચોપાટીને રસ્તે, બાબુલનાથના



જુમા મસજીદ.



ક્રાફર્ડ માર્કેટ.



પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ.



ટાઉન હૉલ.

દ્દહેરા આગળના ચઢાણવાળા ભાગ ઉપર ચઢી, આટલે ઉંચે આવ્યા છીએ, અને બગીચામાં ફર્યા છીએ, એટલે જરા થાકી ગયા છીએ, માટે થોડો વખત અહીં બેસી વાતો કરીએ. જે જગા ઉપર આપણે બેઠા છીએ, તેનું નામ હૅંગીગ ગાર્ડન્સ છે, તે તો તમે જાણો છો; પણ એ નામ શા ઉપરથી પડેલું છે તે હું તમને કહું છું.

આપણા શહેરને બહુ મોટા જથ્થામાં તાનસા, વિહાર, તુલસી અને પવઇના તળાવોનું પાણી મળે છે. એ પાણી ઘણે આઘેથી, અને કોઇ કોઇ ઠેકાણે તો ખુલ્લી ઉઘાડી જગાઓ પર થઇને આવે છે, એટલે તે ગંદુ થઇ જવાના ઘણા સંભવ રહે છે. એ પાણીને ગાળી ચોકખું કરવા માટે અહીં 'રેઝરવૉયર' બનાવ્યો છે. હમણા આપણે બેઠા છીએ, તે જગા નીચે એક મોટું પાણીથી ભરેલું તળાવ છે. તેમાં સઘળું પાણી ગળાઇ ચોખ્ખું થાય છે, અને પછી તે પાણીને મોટા નળો વાટે, યંત્રોની મદદથી આખા શહેરને પુરૂં પાડવામાં આવે છે. બાગમાં ઠેકાણે ઠેકાણે તમે આ જાળીયાં જેવું બાંધકામ જુઓ છો, ત્યાં આગળ જઇ આપણે અંદર જોઇશું તો, અંદર બધું પાણી દેખાશે. આપણા ઘરમાં હંમેશાં ચોકખી હવાને આવજા કરવા માટે બારીઓ રાખીએ છીએ, તેમ આ નીચેના તળાવનાં પાણીને માટે, ચોકખી હવાની આવજા થવા માટે આ બારીઓ બનાવેલી છે. બીજો એક 'રેઝરવૉયર' મજગામમાં ભંડારવાડા હીલ ઉપર છે. રસ્તાની કિનારી આગળ એક અગાશી બાંધેલી છે, ત્યાં આપણે જઇશું, ત્યારે ત્યાંથી તે જોવામાં આવશે.

પહેલાં આ એક નાનો બાગ હતો, તેમાં તેની બાજુની જગા સાથે મેળવી લઇને એક મોટો સુંદર બાગ બનાવી, એને સર ફીરોજશાહ મહેતા ગાર્ડન્સ નામ આપેલું છે. આખા દિવસના કામકાજથી થાકેલા સેંકડો માણસો, સાંજને ટાણે આ બાગમાં આવી આસાએસ લેવા બેસે છે. અહીં મળતી ચોકખી હવા અને સૃષ્ટિ ઉપરના સુંદર દેખાવો જોઇ, તેઓ પોતાનું મનરંજન કરે છે. વળી નાનાં બાળકોના આનંદ, રમત ગમત અને કસરત માટે જુઓ પેલી તરફ કેવી સારી ગોઠવણ રાખેલી છે!

આ બાગનું નામ સર ફીરોજશાહ મહેતા ગાર્ડન્સ શા ઉપરથી રાખ્યું છે, એ તમારે જાણવું જોઇએ. સર ફીરોજશાહ મહેતા આપણા શહેરના એક વખતના મોટા પ્રખ્યાત વિદ્વાન શહેરી હતા. તેમણે પોતાની જીંદગીનો મોટો ભાગ શહેર અને સમાજની ભારે ભારે સેવાઓ બજાવવામાં કાઢયો હતો; તેમજ રાજદ્વારી બાબતોનો ઉંડો અભ્યાસ કરી, મોટા રાજદ્વારી જાહેર પુરૂષ તરીકે પ્રજામાં અને સરકાર દરબારમાં તેઓએ ઘણું માન મેળવેલું છે. આવા એક મહાન પુરૂષની પ્રજા વચ્ચે હંમેશની યાદગારી જળવાઇ રહે, તેટલા માટે આ રળિયામણા બાગ સાથે તેમનું નામ જોડેલું છે. વળી એમનું એક મોટું બાવલું કોટમાં મ્યુનિસિપલ ઑફીસ આગળના ભાગમાં, જાહેર પ્રજાના ખર્ચથી ઉભું કરેલું છે, તે તમે જોયું હશે.

પછી સૌએ બાગમાં આમ તેમ ફરતાં ફરતાં પશ્ચિમ તરફ બહોળો દરિયો જોયો. શિક્ષકે કહ્યું, કે કચ્છ, કાઠિયાવાડનાં બંદરો,

કરાંચી અને વિલાયત તરફ જતી આવતી સ્ટીમરો અહીંથી દેખાય છે. આ દરિયાને અરબી સમુદ્ર કહે છે. એ દરિયો આપણા શહેરની આસપાસ બધે ફરતો આવેલો છે. આટલું કહી તેઓ પાછા ફરી, ગાડીઘોડાના રસ્તાની કિનારી આગળની અગાશી ઉપર ગયા. અહીંથી જોતાં શહેરના મોટા ભાગનો જે સુંદર દેખાવ છોકરાઓની નજરે પડયો, તે જોઇ બધા ઘણોજ આનંદ પામ્યા.

શિક્ષક બધા છોકરાઓની વચમાં ઉભા રહી, પોતાનો હાથ લંબાવી આંગળી વડે બતાવતાં બોલ્યા, છોકરાઓ, કોલાબાના છેડાથી અહીં સુધીનો દરિયાનો ભાગ જુઓ. તે કેવો બધેથી ગોળફરતો દેખાય છે! એ પાણીના ભાગને બૅકબે કહે છે. "બે" એટલે ઉપસાગર. જે દરિયાના પાણી પહોળા આકારમાં થઇને જમીનની અંદરના જેટલા ભાગમાં ઘૂસી ગયાં હોય, તેટલા પાણીના ભાગને ઉપસાગર કહે છે. હિંદુસ્તાનના નકશામાં તમે જોશો, તો બંગાળાનો મોટો ઉપસાગર તમને દેખાશે. તમે દરિયામાં કિનારે મોટી પાળ જેવું બાંધેલું જુઓ છો, તે તો શહેરની વસ્તી વધી પડવાથી જગાની તંગાસને લીધે, થોડોક દરિયો પુરી નાખી નવી વધારાની જમીન બનાવવા સારૂ બાંધેલી છે. પહેલાં પાણીમાં સીમેંટ અને પત્થરોથી પહોળી પાળ બાંધી, સંચાઓ વડે દરિયાના તળીયાનાં કાદવ રેતી બહાર કાઢી, તે વડે એ વધારેલા ભાગો પુરી નાખી, તે ઉપર માટી તથા પત્થરોની પુરણી કરી, લોકોના વસવાટ લાયક નવી જમીન બનાવશે. જુઓ, કેટલીક વધારાની નવી જમીન તો તૈયાર થઇ

ગઈ છે. હવે કોલાબા તરફ દેખાતો થોડોજ ભાગ પુરવાનો બાકી રહ્યો છે, તે પણ પુરી દેશે. પેલી દૂર દીવાદાંડી દેખાય છે. એ પ્રૉંગ્સ લાઇટ હાઉસ છે. પછી આગળ આવતાં અફઘાન ચર્ચ (દેવળ) નો મિનારો દેખાયો. કાબુલની મોટી લડાઇમાં માર્યા ગએલાઓની યાદમાં એ દેવળ બાંધ્યું છે. ટ્રામવે કંપનીની 'બસ' અહીં સુધી દોડે છે. પેલું કોલાબાનું સ્ટેશન છે, પણ હવે "બૉમ્બે સૅનટ્રલ" નામનું નવું સ્ટેશન થયા પછી ચર્ચગેટ સુધીજ બધી લોકલ ગાડીઓ દોડે છે, એટલે એ સ્ટેશન હમણા તો બંધ પડેલું છે.

પેલો તાજમહાલ હૉટેલનો ઘુમટ જુઓ. એ મુંબઇનું સૌથી મોટું ભપકાદાર હૉટેલ છે. આગ્રામાં શાહજહાં પાદશાહે બંધાવેલો તાજમહાલ, દુનિયામાં ઉત્તમમાં ઉત્તમ અને ભપકાદાર મકાન છે, તે ઉપરથી એ હૉટેલની સહુરાગત કરતું નામ તાજમહાલ આપેલું જણાય છે. એ ઍપૉલો બંદર ઉપર આવ્યું છે. પછી આગળ ચાલતાં શિક્ષકે પૂછ્યું, તમને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝીયમનો ઘુમટ દેખાય છે કે? એ વિષે બીજીવાર હું તમને લંબાણથી સમજાવીશ; પણ જુઓ, પેલું ઓવલનું મેદાન, અને ત્યાં આગળ બૅંડસ્ટૅંડ આવ્યું છે. રાજાબાઇ ટાવર અહીંથી કેવો બધાં મકાનો કરતાં ઉંચો દેખાય છે! બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની ઑફીસ કેવી ભપકાદાર લાગે છે! જરા એની ડાબી તરફ જુઓ. મ્યુનિસિપલ ઑફીસ અને બોરીબંદર સ્ટેશનના મોટા મોટા ઘુમટ પાસે પાસે દેખાય છે. ક્રાફર્ડ મારકેટના ઘડિયાળનો મિનારો જુઓ.

પછી નજીક નજર કરતાં ક્વિન્સરોડ ઉપર આવેલી એરામજી જીજીભાઇ સ્કૂલનું રોનકદાર મકાન દેખાય છે. ચર્નીરોડ સ્ટેશનની પાછળના બાગનાં મોટાં મોટાં ઝાડોને લીધે સ્ટેશન ખુલ્લું દેખાતું નથી. એજ બાગની પડોશમાં ગવર્નમેન્ટ સૅનટ્રલ પ્રેસ નામનું મોટું છાપખાનું આવેલું છે.

હવે ચોપાટીનો કિનારો જુઓ. કિનારા ઉપર થોડાંક માછીમારોનાં ઝુંપડાં અને પાણીમાં તરતાં હોડકાંઓ કેવાં લાગે છે! અહીં મોટી વીલસન કૉલેજ આવી છે. આપણે ઉભા છીએ તેની નીચે નજર કરો. ચોપાટીનું બૅંડસ્ટૅંડ અને નવી મારકેટ દેખાય છે. તેની બાજુમાં, આપણે ઉપર ચઢી આવ્યા તે રસ્તો કેવો ચઢાણવાળો અને વાંકોચુંકો દેખાય છે! બાબુલનાથના દહેરાનો ઘુમટ, અને તે ઉપર સોના જેવો ચળકતો કળશ તમે જુઓ છો.

દૂરનાં ગીચ ઘરોનાં છાપરાંઓની વચ્ચે વચ્ચે મીલોની ચીમનીઓનો ઝુમખો દેખાડી કહ્યું, જુઓ, આ બધો "મીલ વિસ્તાર" છે. પેલી ભંડારવાડા હીલ એની ઉપરનાં થોડાંક તાડનાં ઝાડો ઉપરથી ખુલ્લી જણાય છે.

ચાલો, છોકરાઓ, હવે પાછા ફરવાનો વખત થયો છે. રસ્તે ચાલતાં એકાદ બે વધુ વાત હું તમને સમજાવીશ. આપણે હવે આ મોટેજ રસ્તે નીચે ઉતરી, ગોવાળીઆ તળાવ આગળથી ટ્રામમાં બેસી ઘેર જઇશું.

રસ્તા ઉપર આવતાં શિક્ષકે કહ્યું, આ રસ્તે હજી ઉપર

જતાં મલબાર હીલનો છેડો આવે છે. ત્યાં ગવર્નમેન્ટ હાઉસ આવેલું છે. અગાઉના વખતના મુંબઈના ગવર્નર સાહેબો પરેલમાં રહેતા હતા; પણ પછીથી અહીં નવું ગવર્નમેન્ટ હાઉસ બાંધ્યું છે તેમાં રહે છે. પરેલનાં જુના ગવર્નમેન્ટ હાઉસને હાલમાં સરકારી "લૅબોરેટરી" તરીકે વપરાશમાં લે છે. અહીં અનેક જાતનાં દરદો સારાં કરવાની રસી બનાવે છે.

જરા આગળ ચાલતાં કૅંપ કંપનીની દવાની દુકાન આગળ પાંચ રસ્તાઓ જુદી જુદી તરફ જતા દેખાયા. એક રસ્તો સામો ઘણા ચઢાણવાળો હતો તે બતાવી કહ્યું, આ ખંબાલા હીલ ઉપર જવાનો રસ્તો છે. એ રસ્તા ઉપર મોટા મોટા પૈસાદાર લોકોના ઘણા વાડી બંગલા આવ્યા છે. ચોપાટી, મલબાર હીલ, ખંબાલા હીલ, નેપિયન સી રોડ અને વૉર્ડન રોડ, એ ભાગો ઉપર શહેરના શ્રીમંત લોકોના રહેવાનાં મકાનો આવ્યાં છે. આગલા વખતમાં એ બધી જગાઓ ઉજ્જડ પડતર હાલતમાંજ હતી. હમણા તો એ શહેરના મોટા ભપકાદાર ભાગો કહેવાય છે.

જુઓ, આ નવો હ્યુઝરોડ મલબાર હીલના નીચલા ભાગને કાપી કાઢી, સરખો બનાવી, કર્યો છે. કૅંપ કંપનીથી ઢોલાણવાળા રસ્તા ઉપર ચાલવાનું છોકરાઓને ગમત ભર્યું લાગ્યું; પણ મોટરકારોની ભારે દોડાદોડી વચ્ચે, કોઈ છોકરો અટકફટમાં આવી ન જાય, એ માટે શિક્ષકોને બહુ સાવચેતી રાખવી પડી.

ટ્રામ લાઈન આગળ આવી પહોંચતાં ગોવાળીઆ તળાવવાળું મેદાન દેખાડી છોકરાઓને સમજાવ્યું, કે જુઓ, આ મેદાનનો

જેટલો ભાગ દેખાય છે, તેટલો ભાગ પહેલાં ઉંડું તળાવ હતું. મ્યુનિસિપાલિટિએ તેને પુરાવી નાખી, એ ઉપર બનેલી જગા આસપાસના લત્તાઓમાં રહેતા લોકને ફરવા હરવા તથા રમત ગમત માટે ખુલ્લા મેદાન તરીકે રાખેલી છે. એની બાજુમાં હિંદુઓનું શ્રી લક્ષ્મિ નારાયણનું મોટું દહેરૂં છે. ત્યાં દર વરસે મોટી યાત્રાનો ઘણા દિવસ સુધી મેળો ભરાય છે, તથા આતશબાજી ફોડવામાં આવે છે.

પછી શિક્ષકો અને બધા છોકરાઓ ત્યાંથી ટ્રામ ગાડીમાં બેસી પોતપોતાને ઘેર ગયા.

---

# પાઠ ૧૨ મો.

## ઍપૉલો બંદર અને બૅલાર્ડ પિયર.

નવસારીથી જમશેદ પોતાના સગાને ત્યાં લગ્ન પ્રસંગે મુંબઇ આવ્યો હતો. એક શુક્રવારની સવારમાં, તે પોતાના મામા સાથે ફરતો ફરતો ઍપૉલો બંદર ઉપર આવ્યો, એટલામાં તોપના ધડાકા થતા સંભળાયા; તેથી તેણે મામાને પૂછ્યું, મામા આજે તોપ શા માટે ફોડતા હશે?

મામાએ કહ્યું, દર શુક્રવારે પી. ઍન્ડ ઓ. કંપનીની સ્ટીમરો વિલાયતનો મેલ તથા પૅસૅન્જર લઇ આવે છે. આજે મેલ સ્ટીમર આવી છે, તેમાં વડોદરા રાજ્યના આપણા

ગાયકવાડ મહારાજા આવ્યા છે; તેમના માનમાં અત્યારે એ તોપ ફોડવામાં આવે છે. જ્યારે જ્યારે અંગ્રેજી રાજ્ય કુટુંબના કોઇ કુંવર, વાઇસરૉય, ગવર્નર તથા દેશી રાજ્યોના રાજ્યકર્ત્તાઓ અહીં આવે છે, ત્યારે ત્યારે તેમના માનને છાજતી, વધતી ઓછી તોપો ફોડવામાં આવે છે.

જમશેદે કહ્યું, આપણે અહીં થોડો વખત થોભીએ, અને જોઇએ કે વિલાયતથી આજે બીજા કોણ કોણ આવેલા છે.

મામાએ કહ્યું, બધા પૅસૅન્જરોને અહીં ઉતારવામાં આવતા નથી; પણ અહીંથી જરા દૂર બૅલાર્ડ પિયર નામે જગા છે, ત્યાં તેઓને ઉતારવામાં આવે છે. એ જગા પણ બહુ જોવા લાયક છે. બધી વિલાયતની મેલ સ્ટીમરો ત્યાંથીજ દર શનિવારે ઉપડે છે. સ્ટીમરોમાં જતા આવતા પૅસૅન્જરો માટે ત્યાં બહુ સારી ગોઠવણ રાખી છે. જતા તથા આવતા મેલને દિવસે, રેલ્વે ગાડી ત્યાં સ્ટીમરની લગોલગ આવી ઉભી રહે છે. વિલાયતથી આવેલા માણસો, જેઓને મુંબઇમાં ન રહેવું હોય, અને આગ્રા, દિલ્હી, પેશાવર, સીમલા, અને કલકત્તા વગેરે સ્થળે જવું હોય, તો ત્યાંજ તેઓને રેલ્વેની ટીકીટ મળે છે; તેથી સ્ટીમર ઉપરથી ઉતરી, ત્યાં પાસેજ ઉભેલી રેલ્વે ગાડીમાં પોતાનો સરસામાન મૂકાવી તેઓ બેસી જાય છે. આવી સગવડ પડતી ગોઠવણથી તેમને વખત, મહેનત અને પૈસાનો ઘણો બચાવ થાય છે.

દર શનિવારે સ્ટીમર ઉપડતી વખતે, વિલાયત જતા લોકોના સગાં વહાલાંઓ, મિત્રો અને ઓળખીતાઓ, તેમને વળાવવા

અને સફળ સફર ઇચ્છવા, હાથમાં ફુલોના ગજરાઓ અને હારો લઇ, સેંકડોની સંખ્યામાં ત્યાં ભેગા મળે છે, એ દેખાવ ઘણો રમણીય લાગે છે.

મામાનું બોલવું જમશેદ તો ધ્યાનથી સાંભળીજ રહયો હતો, કારણ કે એવી એવી વાતો જાણવામાં તેને ઘણી મઝા પડતી. કિનારાના છેક નાકા ઉપર પત્થરથી બાંધેલી મોટી ઇમારત જોઇ તેણે પૂછયું, મામા, આ મોટું મહેલ જેવું કોનું ઘર છે?

મામાએ હસીને કહ્યું, એ કોઇને રહેવાનું ઘર નથી. એને તો ગેટ વે ઑફ ઇંડિયા કહે છે. ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં, આપણા ઉપર રાજ્ય કરતા નામદાર શહેનશાહ જ્યૉર્જ પાંચમા તથા શહેનશાહબાનુ મેરી દિલ્હી દરબાર ભરવા હિંદુસ્તાનમાં પધાર્યાં હતાં. એ અરસામાં, તેઓ જ્યારે પહેલ વહેલાં મુંબઇને કિનારે ઉતરવાનાં હતાં, ત્યારે આ શહેરના લોકે, તેમના દરજ્જાને છાજતું માન આપવા માટે, અહીં એક ભપકાદાર દરબાર ભર્યો હતો. ત્યાર પછી એમની યાદગારી કાયમ રાખવા માટે, આ ઠેકાણે મોટા દરવાજાના આકારની રોનકદાર ઇમારત બંધાવેલી છે. એ ગેટ વે ઑફ ઇંડિયાને નામે ઓળખાય છે.

ત્યાર પછી જમશેદે દરિયા તરફ નજર કરી કહ્યું, મામા, જુઓને અહીંથી કેટલી બધી નાની મોટી સ્ટીમરો, સઢવાળાં વહાણો અને હોડીઓ દરિયામાં દેખાય છે!

મામાએ કહ્યું, મુંબઇ શહેર આપણા દેશનું સૌથી મોટું બંદર છે. અહીં, દુનિયાના બધા દેશોની સ્ટીમરો માલ લાવ

લઇજા કરે છે. અહીં જેટલી સ્ટીમરો તારા જોવામાં આવે છે, એના કરતાં ઘણી વધારે સ્ટીમરો, તું ગોદીઓમાં ફરે તો તારા જોવામાં આવે. હમણા પણ સેંકડો સ્ટીમરો ગોદીઓની દીવાલો આગળ ઉભી રહી માલ ચઢાવ ઉતાર કરતી હશે. જે સ્ટીમરોને માલ ખાલી કરી ઝાઝા દહાડા મુંબઇમાં થોભાવવાની હોય છે, તે સ્ટીમરોને રોજનું ગોદીનું મોટું ભાડું બચાવવા, બહારનાં પાણીમાં લઇ જઇ થોભાવી રાખે છે.

ત્યારપછી જમશેદે લાંબે નજર કરી પૂછયું, આ સામે પહાડો દેખાય છે તે કયા હશે!

મામાએ કહ્યું, મુંબઇ શહેર એક ટાપુ છે અને તે દેશના કિનારાથી છુટો છે. સામે, દેશના પશ્ચિમ કિનારાની જમીન આવેલી છે. તું હિંદુસ્તાનનો નકશો જોશે તો જાણશે, કે પશ્ચિમ કિનારાની બહુ નજીક, ઉત્તર દક્ષિણ લંબાઇએ મોટા પહાડો આવેલા છે, તેને પશ્ચિમ ઘાટ કહે છે. આ સામે એજ પહાડોની થોડીક ટેકરીઓ દેખાય છે. જો, પેલી ટેકરી ઉપર ઉરન ગામ આવેલું છે, ત્યાં પહેલાં ગામઠી દારૂ બનાવવાની ઘણી ભઠ્ઠીઓ હતી. એની સામેનો પહાડ દેખાય છે તેને ધારાપુરી કહે છે. એ પહાડ ઉપર સેંકડો વરસ અગાઉના, નક્કર પત્થરોમાંથી કોતરી કાઢેલી ગુફાઓ બહુ જોવા લાયક છે. અગાઉના વખતમાં એ પહાડ ઉપર પત્થરનો કોતરેલો એક મોટો હાથી દેખાતો હતો, તે ઉપરથી તે વખતના પોર્ટુગીઝ લોકો એને એલીફનટાનો પહાડ કહેતા.

પછી મામાએ નજીકના પાણીમાં દેખાતા નાના બેટો હૉગ આયલૅંડ અને બુચર્સ આયલૅંડ દેખાડી કહ્યું, આપણાં બારાંનો દુશ્મનોથી બચાવ કરવા માટે એના ઉપર મોટું તોપખાનું રાખ્યું છે. ત્યાંથી થોડે દૂર એક દીવાદાંડી દેખાડી કહ્યું, દરિયામાં કેટલીક જગોએ ખડકો પાણીમાં ઢંકાએલા હોય છે, તે ઉપર થઇ અજાણથી વહાણોને હંકાવી જવામાં, તે વહાણો ખડકો સાથે અથડાઇ પડી ભાંગી જવાના સંભવ હોય છે. એવા ખડકોથી બચવાને, વહાણવાળાઓને ચેતવવા માટે, ખડકો ઉપર ઉંચું મિનારા જેવું બાંધી, તે ઉપર રાત્રે બતી મૂકે છે. એવી એક મોટી દીવાદાંડી કોલાબાના છેડેથી દોઢેક માઇલને છેટે બાંધેલી છે. તેને આપણે અહીંથી જોઇ શકતા નથી, પણ જ્યારે આપણે ચોપાટી અથવા બૅકબેના દરિયે ફરવા જઇશું, ત્યારે ત્યાંથી બરાબર જોઇ શકીશું.

તડકો સીધો માથા ઉપર પડવાથી મામો ભાણેજ ઘર તરફ ફરતા હતા, તે વેળા જમશેદે પૂછ્યું, આ જગાનું નામ ઍપૉલો બંદર કેમ પડયું હશે?

મામાએ કહ્યું, એ જગા અગાઉ જંગલી ગીચ પાલાઓથી ભરેલી રહેતી હતી, તે ઉપરથી તેને પાલવ બંદર અથવા પાલવા બંદર કહે છે. હાલ અંગ્રેજ લોકોએ તે જગોને સુધારી શોભાયમાન બનાવી છે તેથી, તથા એની આજુબાજુનો બંદરનો ભાગ બહુ રળિયામણો દેખાતો હોવાથી, એને ઍપૉલો બંદર એટલે સુંદર બંદર પણ કહે છે.

# પાઠ ૧૩ મો.

## શહેર માટે પાણીની ગોઠવણ.

એક દહાડો છગનને વર્ગ બેઠા પછી મોડો આવતાં, તેના પાણીથી ભીજાએલા જોડા અને નળા સુધીનો સુરવાલનો ભાગ કાદવથી ખરડાએલો જોઇ મહેતાજીએ પૂછ્યું, તું આજે પાણીથી ભીજાએલો અને કાદવથી ખરડાએલો કેમ આવ્યો?

છગને કહ્યું, સાહેબ, ઘેરથી આવતાં ભૂલેશ્વર આગળ રસ્તા વચ્ચે પાણીનો મોટો નળ ફાટયો હતો, તેમાંથી ધોધમાર પાણી વહી, આખો રસ્તો જાણે કે તળાવ જેવો થઇ રહયો હતો. તેમાંથી મને ચાલીને આવવું પડયું, તેથી મારા જોડા અને સુરવાલ ભીજાએલાં છે.

મહેતાજી વર્ગ તરફ ફરી બોલ્યા, કે આ બનાવ ઉપરથી, મારે આજે શહેરના પાણીની ગોઠવણ વિષે તમારી આગળ થોડીક જાણવાજોગ વાત કરવી જોઇએ. હમણા ઘેરેઘેર પાણીના નળ હોય છે, તેમાંથી નાહવાં, ધોવા, પીવા અને રાંધવા વગેરે કામ માટે, જ્યારે જોઇએ ત્યારે, એ નળ ઉઘાડતાં વગર મહેનતે જોઇએ એટલું પાણી મળી શકે છે. એ સઘળું પાણી કયાંથી અને કેવી રીતે આપણને મળે છે, એ તમારે જાણવું જરૂરનું છે.

અગાઉના વખતમાં મુંબઇમાં હાલ જેમ પાણી નળથી મળે છે તેમ નળ વડે પાણી ઘેરેઘેર મળતું ન હતું. તે વખતે શહેરના જુદા જુદા ભાગોમાં, ઠામ ઠામ મોટા કૂવાઓ અને તળાવો

ખોદાવ્યાં હતાં, તેમાંથી હરરોજના વપરાશનું પાણી, ઘરની સ્ત્રીઓ તથા નોકરો, હાંડા અને બેડાં ભરી લઇ આવતાં. કોટના મેદાનમાં જોશો તો પાંચ મોટા કૂવાઓ તમને દેખાશે. હાલ વૉડબીરોડ ઉપર જે જગાએ સર.રતન તાતાનો સુંદર મહેલ શોભી રહયો છે, તે જગા પણ અગાઉ મેદાનજ હતી, અને ત્યાં બે મોટા કૂવા હતા. વળી વડી તાર ઑફીસની સામેના મેદાનમાં ભીખા બેહરામનો મોટો જાણીતો કૂવો છે, તેનું પાણી હજીએ પણ હજારો લોકો પોતાને ઘેર અને ઑફીસોમાં મંગાવી પીએ છે. એવા મોટા મોટા જાહેર કૂવાઓ ઉપરાંત કેટલાંક ઘરોમાં પણ નાના કૂવાઓ હતા.

ગીરગામ અને કાલબાદેવીની જ્યાં ટ્રામ લાઇન જુદી પડે છે, તેની નજીકમાં એક મોટું તળાવ હતું, જેને ધોબીતળાવ કહેતા, અને એ ઉપરથી એની આજુબાજુનો લત્તો ધોબીતળાવને નામે ઓળખાય છે. એ તળાવ પુરી નાખી તે ઉપર મોટી ઇમારત બાંધી છે; તેમાં નીચે એક લાયબ્રેરી છે અને ઉપર એક સીનેમા આવ્યો છે.

બીજું એક મોટું તળાવ ઍલફીનસ્ટન હાઇ સ્કૂલની પાછળ હતું. ભૂલેશ્વર આગળ કાવસજી પટેલનું તળાવ, તથા ગ્રાંટરોડથી મલબાર હીલ ઉપર જતાં ગોવાળીઆ તળાવ હતું. એ ઉપરાંત બીજાં ઘણાં તળાવો હતાં, જે થોડાંક વરસ થયાં બધાં પુરી નાખી, તે ઉપર બનેલી કેટલીક જગા છોકરાંઓની રમત ગમત માટે ખુલ્લી રાખવામાં આવેલી છે.

ગ્રાંટરોડના સ્ટેશનની નજીકમાં લૅમીંગટન રોડ ઉપર જે રમત ગમતનું ખુલ્લું મેદાન અને મોટી નવી મારકેટ બાંધેલી છે, એ જગા પણ તળાવ પુરીને બનાવેલી છે. એ પુરેલા તળાવનું નામ ગીલડર ટેંક હતું.

જ્યારથી મ્યુનિસિપાલિટિએ શહેરને દૂરનાં મોટાં તળાવોમાંથી નળો વડે પાણી પુરૂ પાડવા માંડયું છે, ત્યારથી આ તળાવો અને કૂવાઓ વપરાશ વગરના પડી રહેવાથી, તેમાંનાં પાણી બગડી તેમાં મચ્છરો ઉછરી, શહેરમાં મૅલેરિયા તાવ ફેલાવ્યો; તેથી એ તળાવોને પુરી નખાવ્યાં, અને કોઇ કોઇ મોટા કૂવાઓનાં મોં સીમેન્ટથી ચણાવી લઇ બંધ કરાવી નાખ્યાં. એવા બંધ કરેલા કૂવાઓ કોટના મેદાનમાં તમારા જોવામાં આવશે.

મ્યુનિસિપાલખાતું સ્થપાયા પછી, શહેરની મોટી વસ્તીને જોઇતું પાણી પૂરૂં પાડવાની જોગવાઇ કરવી પડી. શહેરની ઉત્તરમાં આવેલા સાષ્ટિ જીલ્લામાં, ત્રણ મોટાં તળાવો તુલસી, વીહાર અને પવઇનાં પાણી, મોટા નળો વડે લાવી શહેરને પૂરૂં પાડયું. વખત જતાં વસ્તીમાં બહુ મોટો વધારો થવાથી એ તળાવોનું પાણી પુરતું જણાયું નહિ; એટલે મુંબઇથી આશરે ૬૦ માઇલ દૂર, જી. આઇ પી. રેલ્વેને રસ્તે આટગાંવ નામે સ્ટેશન આવે છે, ત્યાથી થોડા માઇલ દૂર, મોટા પહાડોની વચ્ચે, તાનસાનું તળાવ આવ્યું છે, તેમાંથી પાણી શહેરમાં લાવવાની યોજના કરવી પડી. ઘણી ઇજનેરી કળાની ખુબી વડે, અને ભારે ખરચ કરવાથી, એ દરિયા જેવા મોટા તળાવનું પાણી હવે જોઇએ તેટલું આપણા શહેરને મળે છે.

આટલે દૂરથી પાણી લાવવાને માટે મોટા મોટા નળોનો ઉપયોગ કરેલો છે, તે ઉપરાંત ઉઘાડી સીમેન્ટની પરનાળો બાંધી છે, તેમાં થઇ પાણીને આવતા તેને ગંદુ થવાના સંભવ રહે છે, તેથી એ પાણીને કોઇ ઠેકાણે ગાળી, ચોકખું કરવાની જરૂર હોવાથી, એને માટે મલબાર હીલ ઉપર એક, તથા મજગામમાં આવેલી ભંડારવાડા હીલ ઉપર બીજો મળી એવા બે મોટા 'રેઝરવૉયર' બાંધેલા છે, ત્યાંથી પાણી ગળાઇ ચોકખું થઇ, નળો વાટે આપણાં ઘરોમાં આવે છે.

એક છોકરાએ ઉભા થઇ પૂછયું, સાહેબ, અમે અમારા ઘરને ચોથે માળે રહીએ છીએ ત્યાં પાણી આવે છે, તો એટલું બધું ઉંચે પાણી કેમ ચઢતું હશે?

મહેતાજીએ સમજાવ્યું કે પાણીની એવી ખૂબી છે, કે જેટલું ઉંચેથી તે આવે, તેટલું ઉંચે તે બીજી બાજુએ ચઢે છે. વળી યંત્રોની મદદ વડે પાણીને ઉંચે ચઢવા માટે જોશ આપવામાં આવે છે. એ વિષે વધુ વિગત તમે ઉપલા વર્ગોમાં જશો ત્યાં તમારા શીખવામાં આવશે.

આ બોર્ડ ઉપર નકશો ટાંગ્યો છે તેમાં હવે જુઓ. હું તમને ભંડારવાડા હીલ તથા મલબાર હીલ કયાં આવી છે, તે દેખાડું છું. આવતી કાલે ઘેરથી, તમારી નોટ બુકમાં મુંબઇનો નકશો તમારી પાસે છે તે ઉપરથી કાઢી, આ બે ટેકરીઓનાં નામ તેની બરાબર જગા ઉપર લખી લાવી મને દેખાડજો.

## પાઠ ૧૪ મો.

### મુંબઇની અગાઉની ઘોડાની ટ્રામ ગાડીઓ.

એક દહાડો રૂસતમ હાથ ઉપર પાટો બાંધી તેને ઝોળીમાં રાખી બેઠો હતો, તે જોઇ મહેતાજીએ પૂછયું, તમારા હાથને શું થયું છે? એને ઝોળીમાં કેમ રાખવો પડયો છે?

રૂસતમે કહ્યું. સાહેબ, ગઇ કાલે નિશાળેથી ઘેર જતાં ટ્રામમાંથી ઉતરતાં પડી ગયો, અને હાથ લચકાઇ જવાથી, તેના ઉપર હાડવૈદે લેપ લગાડી થોડા દિવસ હાથ ઝોળીમાંજ રાખવા કહેલું છે.

મહેતાજી—ઘણા છોકરાઓ ટ્રામ અને ટ્રેનમાં ચઢ ઉતર કરતાં સંભાળ રાખતા નથી, તેથી કેટલીક વખત પ્રાણઘાતક જેવા અકસ્માતો બને છે. માટે દરેક જણે ગાડીઓમાં આવ જા કરતાં ચઢ ઉતર કરતી વખતે, બહુ બહુ સંભાળ રાખવી જોઇએ. છોકરાઓ, કેટલાક વખતથી હું તમારી આગળ આપણા શહેરની ટ્રામ ગાડીઓ વિષે વાતો કરવા ધારતો હતો. તેનો જોગ આજે ઠીક આવેલો છે. હું તે વિષે થોડીક હકીકત આજે તમારી આગળ કહું છું, તે ધ્યાન રાખી સાંભળો.

મુંબઇની વસ્તી જેમ જેમ વધતી ગઇ, તેમ તેમ લોકોને દૂરના ભાગોમાં જઇ રહેવાની ફરજ પડી. તેથી કોટ, કોલાબા, ગીરગામ, ભૂલેશ્વર, પાયધોણી, માંડવી, નળબજાર, ગ્રાંટરોડ,

ભાયખલા, તારદેવ અને પરેલ વગેરે ભાગો મોટી વસ્તીવાળા થઇ પડયા.

હવે કોટના ભાગમાં ગોદીઓ, બેંકો, વેપારી ઑફીસો, તેમજ કોટની બહાર જુદા જુદા ભાગોમાં મોટાં મોટાં વેપારી બજારો આવેલાં હોવાથી, આખો દિવસ હજારો માણસોને કામકાજે અહીંથી તહીં આવ જા કરવી પડે; તેને માટે મુંબઇમાં ભાડાની વિકટોરિયા ગાડી અને બળદના રેંકડા ફરતા; પણ બધાઓને તેમાં બેસી જવું આવવું પાલવતું નહિ. ટ્રામવે કંપનીએ શહેરના મોટા વિસ્તારમાં લોઢાના પાટા નાખી, તે ઉપર ઘોડાની ગાડીઓ દોડાવવા માંડી. એક કે દોઢ આનામાં એક માણસ કોલાબાથી ગ્રાંટરોડ અથવા ભાયખલા સુધીની મુસાફરી કરી શકતો. અને મધ્યમ તથા ગરીબ લોકને આથી સગવડ અને પૈસાનો બચાવ, એમ બંને રીતે ફાયદો થયો.

તે વખતે એક ઘોડાની નાની, અને બે ઘોડાની મોટી, એવી બે જાતની ટ્રામ ગાડીઓ દોડતી. આગગાડીની લાઇન ઉપર બાંધેલા પુલો ઉપર થઇ ઘોડાઓને આ ટ્રામ ગાડીઓ ખેંચી જવા ભારે પડતી, તેથી તેટલાજ છેટા માટે, હરેક ગાડીને ખાસ કરી એક એક વધુ ઘોડો જોડવામાં આવતો. વળી તે વખતે હાલની માફક, ટ્રામ ગાડીઓને થોડે થોડે છેટે ઉભી રાખવાનાં સ્ટેશનો છે, તેવાં સ્ટેશનો નહિ હતાં. ઉતારૂઓ ગાડીને રસ્તે ગમે ત્યાં ઉભા રહી, હાથની ઇશારતથી ગાડી ઉભી રખાવી તેમાં બેસી જતા, અને જયાં ઉતરવું હોય, ત્યાં પોતે ઘંટડી વગાડી ગાડીને થોભાવી,

તેમાંથી ઉતરી પડતા. ગાડીની બંને બાજુએ ચઢ ઉતર કરવાને 'ફુટ બૉર્ડ' હતાં. આખી ગાડીની પહોળાઇ જેટલી બાંકડાની બેઠકો હતી, તેમાંની દરેક બેઠક ઉપર પાંચ પાંચ માણસ બેસતાં. ગાડી કયાં જવાની છે, તે બતાવવાને ઇંગ્રેજીમાં લખેલાં પાટીઆં (બોર્ડ) કે જે ગાડીના આગલા તથા પાછલા ભાગ ઉપર રાખવામાં આવતાં, તે કંઇ બધા માણસો વાંચી શકે નહિ; માટે દરેક ગાડીને જુદા જુદા રંગો આપવામાં આવ્યા હતા.

લાલ રંગની ગાડીઓ, કોલાબાથી કાલબાદેવી અને પાયધોણી થઇ, તે ભાયખલે જતી. બ્લુ (ભુરા) રંગની ગાડીઓ ગીરગામ જતી, અને લીલા રંગની ગાડીઓ, ક્રાફર્ડ મારકેટને રસ્તે પાયધોણી અને નળબજાર થઇ ગ્રાંટરોડ જતી. રાતની વેળાએ આ રંગો દેખાય નહિ, તે માટે ગાડીના આગલા તથા પાછલા ભાગ ઉપર જે રંગની ગાડી હોય, તેવાજ રંગની કાચની બતીઓ રાખવામાં આવતી.

થોડે થોડે છેટે ગાડીઓના ઘોડાઓને બદલવા પડતા. તે માટે કોલાબા, બોરીબંદર, પાયધોણી અને ભાયખલા વગેરે ઠેકાણે ઘોડાઓના તબેલા રાખવામાં આવતા.

આ વાત પુરી થતાંની સાથે નિશાળ છૂટવાનો ઘંટ થયો, એટલે મહેતાજીએ કહ્યું, છોકરાઓ, આજે તો ઘોડાની જુની ટ્રામ ગાડીઓ વિષે તમે કેટલીક વાતો જાણી. હવે બીજી વખત આપણે ઇલેકટ્રીક ટ્રામ વિષેની વાતો કરીશું.

# પાઠ ૧૫ મો.

## આપણા શહેરની ઇલેક્ટ્રીક ટ્રામ ગાડીઓ.

ભૂગોળના વિષયનો વખત હતો. મહેતાજી વર્ગમાં બે નકશા લાવ્યા હતા. પહેલાં હિંદુસ્તાનનો નકશો ભીંત ઉપર ટાંગી, મુંબઇ શહેર કયાં આવ્યું હતું, તે જગા બતાવી. પછી પશ્ચિમ કિનારા ઉપર આવેલા પહાડોની હાર દેખાડી કહ્યું, આ પશ્ચિમ ઘાતના પહાડો ઉપર, ખંડાલા અને લાનોલી મુંબઇની નજીકમાંજ આવેલાં છે. ચોમાસામાં એ સ્થળોએ ભારે વરસાદ પડે છે, અને તેનું પાણી બહુજ મોટા જથ્થામાં, વગર ઉપયોગે ધોધમાર તળેટીની જગાઓ ઉપર વહી જાય છે. થોડાંએક વરસો ઉપર આપણા શહેરના એક મોટા સાહસિક પારસી વેપારીને એક મોટો વિચાર સૂજ્યો. તેમણે એ પાણીના જથ્થાને નિરૂપયોગી વહી જવાને બદલે, તે વડે વિજળીક બળ ઉતપન્ન કરવાની એક મોટી યોજના ઘડી કાઢી, અને ભારે ખર્ચ કરી ઇજનેરી કળાથી મુંબઇ શહેરને વિજળીક બળ પૂરૂં પાડયું. એ મોટા પુરૂષનું નામ તમે જાણો છો? એમનું એક સુંદર કારીગરીવાળું પુતળું, મ્યુનિસિપાલ ઑફીસની સામે ટ્રામના જાહેર રસ્તા ઉપર મૂકેલું છે.

એક છોકરો બોલી ઉઠયો, સાહેબ, એમનું નામ તો સર જમશેદજી તાતા છે.

મહેતાજીએ કહ્યું, ઠીક, પણ તમે કોઇ વેળા ખંડાલા, લાનોલી અને ત્યાંથી નીચે ઉતરતાં ખપોલી ગામ તરફ ફરવા

જાઓ, તો એ વિજળીક બળ ઉતપન્ન કરવાનાં બાંધકામો અને સંચાકામો જરૂર જોજો. હવે ઘેરેઘેર, દરેક દુકાને અને કોઇ કોઇક રસ્તાઓ ઉપર વિજળીની બત્તીઓ બળે છે, એ વિજળીનો પ્રવાહ ત્યાંથીજ મળે છે. જુઓ, એ મોટી યોજનાને પરિણામે, મુંબઇમાં વિજળીક ટ્રામો અને ટ્રેનો દોડતી થઇ છે. કાપડ વણવાની કેટલીક મોટી મીલો, અગાઉ કોલસા બાળી ધુમાડાથી શહેરની હવા બગાડતી, તે પણ હવે તો વિજળીક બળથીજ કામ કરે છે.

મુંબઇનો વેપાર ઉદ્યોગ જેમ જેમ વધતો ગયો, તેમ તેમ વસ્તીમાં પણ ઘણો વધારો થયો છે. ટ્રામ ગાડીઓનો મોટી સંખ્યામાં લોકો ઉપયોગ કરવા લાગ્યા છે. ઘોડાની ટ્રામો બહુ ધીમી દોડે, ગમે ત્યાં ઉભી રહે, ઘોડાઓને બદલવા પડે તેમાં થોડોક વખત નીકળી જાય, તેથી લાંબે છેટે મુસાફરી કરનારાઓનો ઘણો વખત નકામો જતો; પણ પછીથી કંપનીને ઘોડાને બદલે ઇલેકટ્રીક ગાડીઓ દોડાવવાનું સૂઝ્યું. તેથી ટ્રામ ગાડીઓમાં મુસાફરી કરનારાઓને ઘણો ફાયદો થયો છે.

ઇલેકટ્રીક ટ્રામની ગાડીઓ મોટી હોઇ, એકી વખતે વધુ સંખ્યામાં ઉતારૂઓને લઇ જઇ, વધારે ઝડપથી દોડે છે. બબે ગાડીઓ સાથે સાથે જોડીને દોડાવે છે; વળી માળવાળી મોટી ગાડીઓ દોડે છે, એટલે બેવડી સંખ્યાના ઉતારૂઓ, એકજ ગાડીમાં એકી વેળા સમાઇ જાય છે. અગાઉની લાઇનોને પણ હાલ લંબાવવામાં આવી છે. તેમજ નવા નવા રસ્તાઓ ઉપર ટ્રામની લાઇનો નાખવામાં આવે છે.

શહેરના લોકોને આથી કેટલી સગવડ, અને કેટલા બધા લાભો થયા છે, તેનો વિચાર કરો. એવું કહેવાય છે, કે આખી દુનિયાના કોઇપણ શહેરની ટ્રામ ગાડીઓ કરતાં, આપણા શહેરની ટ્રામ ગાડીના મુસાફરીના દર ઘણા ઓછા છે. એક માણસ કોલાબાથી દાદર સુધીનું લાંબું છેટું, ફક્ત દોઢ આનામાં કાપે છે, તો એ કેટલું બધું સોંઘું કહેવાય!

ઇલેક્ટ્રીક ટ્રામો તેનાં નીમેલાં સ્ટેશનો ઉપરજ થોભે છે. જ્યાં ટ્રામ ઉભી રહેવાની હોય, ત્યાં થાંભલા ઉપર પાટીયું મારેલું હોય છે. જ્યાં જ્યાં બે જુદા જુદા રસ્તાની ગાડીઓ એક બીજાને મળે છે, તેવી તેવી જગાઓને 'ટ્રામવે જંકશન' કહે છે. બોરીબંદર આગળ ટ્રામનું મોટું જંકશન છે. ત્યાંથી એક લાઇન ધોબીતળાવ તરફ, બીજી કાફર્ડ મારકેટ તરફ, ત્રીજી વડી પોસ્ટ ઑફીસને રસ્તે ટાઉન હૉલ તરફ, અને ચોથી હૉર્નબી રોડને રસ્તે ફ્લૉરા ફાઉન્ટન થઇ મ્યુઝિયમ તરફ જાય છે. એ ઉપરાંત કાફર્ડ મારકેટ, ધોબીતળાવ, પાયધોણી, નળબજાર, ભીંડીબજાર, સર જે. જે. હૉસ્પીતાલ, કૉરનર ગ્રાંટરોડ, ચર્નીરોડ અને ફૉરાસરોડ વગેરે સ્થળોએ પણ ટ્રામનાં 'જંકશનો' છે.

શહેરના કયા કયા ભાગોમાં ટ્રામ ગાડીઓ દોડે છે, એ તમારે જાણવું જોઇએ. એક ગાડી મ્યુઝિયમથી નીકળી, ધોબીતળાવને રસ્તે ગીરગામ, ચર્નીરોડ, બેલાસીસરોડ, વિક્ટોરિયા ગાર્ડન્સ, લાલબાગ અને પરેલ થઇ દાદર સુધી જાય છે. બીજી ગાડી, મ્યુઝિયમથી કાલબાદેવીને રસ્તે પાયધોણી,

ભીંડીબજાર, સર જે. જે. હુસ્પીતાલ આગળ થઈ શણીનો બાગ, લાલબાગ, પરેલ અને દાદર સુધી જાય છે. ધોબીતળાવ આગળ ગીરગામ અને કાલબાદેવીની જુદી પડતી લાઈનો, ભાયખલાના પુલ આગળ પાછી જોડાઈ જાય છે. ત્રીજી એક લાઈન મ્યુઝિયમથી નીકળી, ટાઉન હૉલને રસ્તે જનરલ પોસ્ટ ઑફીસ આગળ થઈ, બોરીબંદરથી ક્રાફર્ડ મારકેટ, પાયધોણી, અને નળબજાર થઈ ગોવાળીઆ તળાવ સુધી દોડે છે.

એક નવી લાઈન હાલમાં નીકળી છે, તે સૅંડહર્સ્ટરોડને રસ્તે નળબજાર અને ભીંડીબજાર થઈ, પ્રિન્સીસ ડૉકથી ટાંક બંદર સુધી જાય છે. વળી કાવસજી પટેલના તળાવ નજીકમાં આવેલા પ્રખ્યાત માધવ બાગથી જેકબ સરકલ સુધી એક બીજી લાઈન દોડે છે. મજગામથી ગ્રાંટરોડ, મ્યુઝિયમથી તારદેવ, કોટના બજાર આગળથી ફ્રીઅરરોડને રસ્તે પ્રિન્સીસ ડૉક સુધી, ટ્રામ ગાડીઓ દોડે છે.

અત્યાર સુધી કોટમાંથી ભાયખલા, લાલબાગ, પરેલ અને દાદર જનારાઓને, કાલબાદેવી અથવા ગીરગામને રસ્તે જતી ગાડીઓમાં જવું પડતું; અને એ રસ્તા ઘણા લાંબા હોવાથી, વખત ઘણો લાગતો હતો. હવે તો બોરીબંદરથી થોડે છેટે નવી લાઈન કાઢી છે. તે ક્રાફર્ડ મારકેટને પાછલે રસ્તે થઈ, ઝપાટાબંધ ભીંડીબજાર પહોંચાડી દે છે; એટલે ભાયખલા તરફ જતા લોકોનો, એ નવી લાઈન ઉપરથી જતા, ઘણો વખત બચી જાય છે.

મ્યુઝિયમ આગળથી બધી ગાડીઓ પાછી ફરતી હોવાથી, કોલાબે જનારાઓને ગાડી બદલવી પડે છે. પૅસૅન્જરો માટે બે જાતની ટીકીટો હોય છે. "ડાયરૅકટ" એટલે એકજ ગાડીમાં સીધી મુસાફરી થઇ શકે તેવી, અને "ત્રાન્સફર" એટલે એક લાઇનની ગાડી બદલી, બીજી લાઇનની ગાડીમાં જઇ શકાય તેવી. વળી દરેક રસ્તાની ગાડીઓ બતાવવા માટે બોર્ડ લખેલાં હોય છે. તે ઉપરાંત મોટા અક્ષરે લખેલાં નંબરો રાખેલાં હોય છે. જુદે જુદે રસ્તે જતી ગાડીઓનાં, જુદાં જુદાં નંબરો ઓળખવાનું, ટ્રામ ગાડીઓમાં ચાલુ આવજા કરનારાઓ માટે સહેલ થઇ પડે છે.

રાત્રે જુદા જુદા રંગની બતીઓ ઉપરથી, જુદા જુદા રસ્તાની ગાડીઓ ઓળખાય છે. દરેક ગાડીને આગળ પાછળ દરવાજા હોય છે. જેમ ગાડીઘોડા અને મોટરગાડીઓને રસ્તાની ડાબી બાજુએથીજ હંકારવાનો પોલીસનો સખ્ત કાયદો છે, તેમ ઉતારૂઓ માટે ગાડીઓમાં ચઢઉતર કરવાનો, કંપનીએ પણ કાયદો રાખ્યો છે; જેથી પૅસૅન્જરોની અથડા અથડી થઇ, અકસ્માત થવાનો સંભવ રહેતો નથી. પાછળના દરવાજે થઇ ગાડીમાં દાખલ થવાય છે, અને આગળ દરવાજેથી ગાડીમાંથી ઉતરવું પડે છે. દરેક ગાડીમાં, સ્ત્રીઓ અને નાનાં બાળકો માટે, ખાસ અલાહેદી બેઠકો રાખેલી હોય છે. તમે નાના છોકરાઓ ટ્રામમાં અરધી ટીકીટે મુસાફરી કરી શકો છો. તમારી અરધી ટીકીટનો રંગ ગુલાબી હોય છે, કેમ ખરૂં કે?

જુઓ, આ બીજો નકશો ટાંગ્યો છે, એમાં ટ્રામ લાઇનો દેખાડી છે. મેં કહેલી બધી લાઇનો, હું તમને ફરીથી નકશામાં બતાવી જાઉં છું, તે ધ્યાનમાં રાખજો.

# પાઠ ૧૬ મો.

## વિકટોરિયા ગાર્ડન્સ અને પ્રિન્સ ઑલ્બર્ટ મ્યુઝિયમ.

એક દહાડો થોડાક છોકરાઓની એક ટોળી, બે ત્રણ શિક્ષકોની સાથે, વિકટોરિયા ગાર્ડન્સ (રાણીબાગ)માં આવી હતી. બાગમાં દાખલ થવાના બે મોટા લોઢાના નકશીદાર દરવાજાઓ વચ્ચે, ઉંચા મિનારા સાથનું ઘડિયાળ જોઇ છોકરાઓ બોલ્યા, કોટમાં આવેલાં રાજાબાઇ ટાવર સાથે આને સરખાવતાં, એ બહુ નાનું દેખાય છે. એ ટાવરનું નામ શું હશે?

શિક્ષકે કહ્યું, એને ડેવીડ સાસુન ક્લૉક ટાવર કહે છે. જુઓ, એ ટાવરની બાજુમાં ઉગેલા લીલા ઘાસમાં, ભાતભાતનાં ફુલો વચ્ચે, કેવો સુંદર પાણીનો ફુવારો ઉડે છે!

વડ, લીમડો, પીપળો, આમલી અને આંબા વગેરેનાં ઝાડો તો તમે બધા ઓળખતા હશોજ. આ બાગમાં જુદા જુદા દેશનાં કેટલાંક ઝાડોને, અને આપણા જોવામાં નહિ આવ્યાં હોય એવાં આપણા દેશનાં ઝાડોને, ખાસ સંભાળ રાખી ઉછેરવામાં આવેલાં છે. જુઓ, પેલું ગુલમોહરનું મોટું ઝાડ, લાલ રંગનાં ફુલોથી ભરાઇ જઇ, કેવું શોભી રહયું છે! જેઓને નવી નવી જાતનાં ઝાડપાન, ફુલ અને વેલા વગેરે જાણવાનો શોખ હોય, તેઓને તો આ બાગમાં બહુ બહુ જોવાનું અને જાણવાનું મળશે. જુઓ, દરેક ઝાડનું નામ, અને એ કયા દેશનું છે, તે બતાવવા, તે ઝાડોની સાથે નાનાં બોર્ડ લગાડેલાં છે.

સામે ચોરસ આકારની એક રોનકદાર ઇમારત જોઈ છોકરાઓ તે તરફ જવા લાગ્યા, એટલામાં પડોશમાં ખુલ્લી ઘાસવાળી જગા ઉપર, મોટા પત્થરનો બનાવેલો હાથી જોઇ એક છોકરે પૂછ્યું, સાહેબ, આ શું છે?

શિક્ષક—એ વિષે તમે કાંઇ જાણતા હશો એમ હું ધારતો હતો. મુંબઇની નજીકમાં, કોઇ પહાડ ઉપર એક મોટો પત્થરનો હાથી હતો, એ વિષે આપણે એક વખતે વાત કરી હતી, તે તમને યાદ છે?

બીજો છોકરો—હા, સાહેબ, ઘારાપુરીના પહાડ ઉપર ગુફાઓ આવી છે ત્યાં, અગાઉ એક મોટો પત્થરનો કોતરેલો હાથી હતો, એવું આપે કહ્યું હતુ.

શિક્ષક—ખચિત, તેજ એ હાથી છે. ત્યાંથી એને મુંબઇમાં લાવી, એક બે ઠેકાણે રાખી, છેવટે અહીં લાવી મૂકયો છે. એ હાથીને ખસેડી અહીં લાવતાં, રસ્તામાં અથડામણથી, તેના થોડાક ભાગો ખંડીત થયા હતા, તેને સુધારી એ હાથીને અંહી મૂકેલો છે. હવે ચાલો, આપણે આ મ્યુઝીયમ (સંગ્રહસ્થાન)માં જઇ જોઇએ કે ત્યાં શું છે?

બીજો છોકરો—સાહેબ, મ્યુઝિયમ એટલે શું?

શિક્ષક—જુદા જુદા દેશમાં બનતી જોવા અને જાણવા લાયક ચીજો, તરેહ તરેહના નમુનાઓ, બનાવટો, પેદાશો, દેશે દેશના જનાવરો અને પક્ષીઓ વગેરેને, આપણે બધા તે તે જગાઓમાં જઇ, જોઇ શકીએ નહિ. લાખો માણસો એવી એવી

ચીજો સહેલાઇથી જુએ, અને તેમાંથી જ્ઞાન મેળવે, એટલા માટે, મોટાં મોટાં શહેરોમાં સંગ્રહસ્થાનો બનાવે છે. આ સંગ્રહસ્થાનમાં દરેક ચીજ જોઇ રહ્યા પછી, તમને એનો ખ્યાલ આવશે, કે આવું સંગ્રહસ્થાન અહીં ન હોત, તો આ બધી ચીજો, તમે કયારે અને કેવી રીતે, શહેરે શહેર અને દેશે દેશ ફરી જોઇ શકવાના હતા ! ચાલો, હવે અંદર જઇને જોઇએ; પણ એક વાત તમે ધ્યાનમાં રાખજો, કે મોટા મોટા કાચના કેસોમાં ચીજોને ગોઠવેલી હોય, તેને દૂરથી જો જો. ધક્કા મુક્કી કરી કાચને ભાગતા નહિ.

તેઓ સઘળા અંદર ગયા, અને બધે આમ તેમ ફરવા લાગ્યા. નીચે આવેલી બધી ચીજો જોઇ રહ્યા પછી, માળ ઉપર ચઢયા. ઉંચે નજર કરી સીલીંગ અને થાંભલાઓ ઉપરનું કારીગરીવાળું કોતરકામ જોઇ, બધા છોકરા બહુ આનંદ પામ્યા. દરેક જાતના નમુનાઓ છોકરાઓ બહુ ધ્યાનથી જોતા. તેમાં ખાસ કરીને હિંદુ છોકરાઓ તો, તેઓના ધર્મની કથાઓને લગતા સુંદર દેખાવો, અને પુતળાં જોઇ બહુજ ખુશી થયા. છોકરાઓ શિક્ષકોને સવાલો ઉપર સવાલો પૂછવા લાગ્યા. શિક્ષકો પણ જેમ બને તેમ દરેક સવાલના ઉત્તર બરાબર સમજાવતા ગયા. છેવટ એક શિક્ષકે કહ્યું, કે આવું મોટું સંગ્રહસ્થાન, કાંઇ આપણી માફક કલાક અરધા કલાકમાં બધું જોઇ, તેની પુરી માહીતી મેળવી શકાય નહિ. એ બધું જોવા, અને તેની સંપૂર્ણ માહીતી મેળવવા માટે તો, વારે વારે અહીં આવવું જોઇએ, અને દરેક ચીજોનું, વખતો વખત કટકે કટકે, અવલોકન કરવું જોઇએ. આજે તમે આટલી

બધી ચીજો જોઇ, એમાંની કેટલીક તો તમને યાદ રહેશે. નિશાળમાં આપણે એ વિષે લંબાણથી વાતો કરીશું. ચાલો, હજી બાગમાં તમને બીજું ઘણું જોવાનું મળશે.

મ્યુઝિયમમાંથી નીકળી, બાગમાં દાખલ થવાના ત્રણ કમાનવાળા રોનકદાર પત્થરના દરવાજા આગળ આવી, છોકરાઓ જેમ ગમે તેમ ત્રણે કમાનો તરફ દોડી ગયા; પણ ત્યાં ઉભેલા ચોકીદારે એ બધાને અટકાવી, વચલી કમાનવાલા ભાગમાં લોઢાની ચકરી જેવું હતું, તે ફેરવી ફેરવીને, એકેક છોકરાને અંદર જવા કહ્યું. દરેક છોકરો પસાર થતાં ચકરી ફરે, અને કટ કટ અવાજ થાય, એ સાંભળી એક છોકરાએ પૂછ્યું, સાહેબ, બાહેર જતા માણસોને મેં જોયા, તેઓ તો ચકરીવાળા દરવાજામાં થઇ જતા નથી, પણ આજુબાજુના ખુલ્લા દરવાજામાંથી, વગર હરકતે બહાર ચાલી ગયા છે, અને આપણને શા માટે પેલા ચોકીદારે અટકાવી, એક પછી એક જવા દીધા?

શિક્ષક—દરરોજ કેટલાં માણસો બાગમાં ફરવા આવે છે, એની ગણત્રી રાખવા આવી ગોઠવણ કરેલી છે. એકેક માણસ ચકરીને આચકો આપી અંદર પસાર થાય, તેમ એકેક નંબર નોંધાતો જાય. આવી ગોઠવણ બાગમાં ફરવા આવનાર માણસની ગણત્રી રાખવા માટે કરેલી છે.

ત્યારપછી તેઓ બાગમાં જ્યાં જનાવરો રાખ્યાં હતાં ત્યાં ગયા. સિંહ, હાથી, સાહુડી, સસલાં અને ઉંટ જોઇ, તેઓ વાંદરાઓનાં મોટાં ઘર જેવાં પત્થરનાં બાંધેલાં પીંજરાં જોવા ગયા.

અહીં છોકરાઓનું ટોળું જોઇ, અને તેમની મોટે અવાજે થતી વાતોના ઘોંઘાટથી, વાંદરાઓએ નાચકૂદ, અને ચીચિયારી કરવા માંડી. આથી ત્યાં બહુ મોટો અવાજ થઇ રહયો, તે જોવાની છોકરાઓને ઘણીજ રમુજ પડી. પછી તેઓએ પાસે પાસે આવેલાં બે મોટાં તારની જાળીવાળાં પીંજરાંમાં, મોટા મોર અને ઘણીક જાતનાં સુંદર રંગ બે રંગી પીછાંવાળાં પક્ષીઓ જોયાં. પાસેજ ખુલ્લા લાકડાના કઠેરાવાળી જગા ઉપર મોટા કાચબા, કાંગારૂ, જુદી જુદી જાતનાં હરણો અને સાબર જોયાં.

ત્યાંથી આગળ જતાં કાળાં રીંછોનાં પીંજરાંમાં, રીંછોને એકેક સાથ લડતાં. બાચકાં ભરતાં, નખરીયાં દેતાં, અને ભોંય ઉપર આળોટતાં જોયાં. ત્યાંથી આગળ, કાળાં કાળાં ગોળ ટપકાંવાળા ચિત્તા વાઘને, મોટાં પીંજરાંમાં આમથી તેમ ફરતા જોયા.

બીજી એક કઠેરાથી ઘેરી લીધેલી ખુલ્લી જગામાં ઘોડા જેવું, પણ તેના આખા શરીરે, વાઘની માફક કાળા ચટાપટાવાળું, ઝેબરા નામનું નવાઇ જેવું પ્રાણી જોયું.

બંગાળના મોટા ફાડી ખાનારા વાઘોને, પીંજરાંની ખુલ્લી જગામાં છુટા ફરતા જોઇ, છોકરાઓ તો લગાર બીધા ખરા; પણ હીંમતથી જરા આગળ ચાલ્યા, એટલામા ત્યાં તેઓએ જળ બિલાડીને પાણીમાં ઝપાટાબંધ તરતી જોઇ. પછી બાગની બીજી તરફ તેઓ વળ્યા.

મોટાં મોટાં શાહમૃગ તો તેઓએ પહેલ વહેલાંજ જોયાં. કાકાકૌવાના પીંજરાં આગળતો ભારે કીકિયારીઓજ થઇ રહી

હતી. પાણીના નાના તળાવમાં, હંસોને તરતાં જોવાની, છોકરાઓને બહુજ ગમત પડી. એ ઉપરાંત, શિક્ષકોએ નવી નવી જાતનાં ઝાડો દેખાડી તે વિષે થોડીક માહીતી આપી.

હવે તેઓને ઘેર જવાનો વખત થવા આવ્યો હતો, પણ છોકરાઓ થાકી ગએલા હોવાથી, શિક્ષકે તેઓને એક બાજુ ઘાસ ઉપર બેસી, થોડોક વખત વિસામો લેવા કહ્યું. એ વખતમાં એક છોકરાએ સવાલ કર્યો. કે સાહેબ, આપણા શહેરમાં આવો એકજ બાગ હશે કે?

શિક્ષક--ના, શહેરના જુદે જુદે સ્થળે, બીજા ઘણાએ બાગો, લોકને હરવા ફરવા માટે છે. પણ તેમાંનો કોઇપણ બાગ આટલો બધો મોટો નથી, અને ત્યાં સંગ્રહસ્થાન અથવા જનાવરો પણ રાખેલાં નથી.

એક છોકરો—સાહેબ, આ બાગને વિક્ટોરિયા ગાર્ડન્સ કેમ કહેતા હશે?

શિક્ષક—હા, એજ વાત હું તમને સમજાવવા માંગતો હતો. તમે જ્યારે ચઢતા વર્ગોમાં જશો, ત્યારે હિંદુસ્તાનનો ઇતિહાસ શીખશો, તે વખતે તમે જાણશો, કે ઇ. સ. ૧૮૫૭ માં દેશી સિપાઇઓએ મોટો બળવો કર્યો હતો. તે વખતે આપણા દેશનો રાજકારભાર ઇસ્ટ ઇંડિયા કંપની ચલાવતી હતી. બળવો સમાઇ ગયા પછી, દેશનો રાજ્ય વહિવટ મહારાણી વિક્ટોરિયાએ પોતાના હાથમાં લીધો. એ મોટા ફેરફારભર્યા બનાવની યાદગીરી કાયમ રાખવા, આપણા

શહેરના લોકે ખાહેશ દેખાડી. તેથી આ જગા, તે વેળાએ જે 'પડતર' હતી, તે સરકારે લોકને ભેટ આપી. લોકોના ખરચે મ્યુનિસિપાલીટીએ, એ સુધારી અને તે ઉપર આ મોટો બાગ બનાવી, એનું નામ રાણીમાતાના નામ ઉપરથી વિકટોરિયા ગાર્ડન્સ રાખ્યું છે; એ વાતની તમને આજેજ મારા કહેવાથી ખબર પડી હશે.

આ સિવાય બીજા પણ બાગો છે. મલબાર હીલ ઉપર આવેલો સર ફીરોજશાહ મહેતા અને હુઁગીંગ ગાર્ડન્સ છે. ચોપાટી નજીક દરિયા કિનારે ચર્નીરોડનો બાગ છે. કોટમાં રાજાબાઇ ટાવર આગળ યુનિવરસિટિ ગાર્ડન, અને ટાઉન હૉલની સામે ઍલફીન્સ્ટન સરકલનો બાગ છે. એ ઉપરાંત બીજે બીજે ઠેકાણે નાના બાગો પણ છે.

હવે ઘણું મોડું થવા આવેલું હોવાથી, બધા ત્યાંથી ઉઠી બાગની બહાર આવી, કોઇ ટ્રામમાં, તો કોઇ નજીક આવેલાં ભાયખલાના સ્ટેશન ઉપરથી ટ્રેનમાં બેસી પોત પોતાને ઘેર ગયા.

---

# પાઠ ૧૭ મો.

## હૉર્નબી વેલાર્ડ, કોલાબા અને સાયન કૉઝવે.

મુંબઇના ટાપુઓ અંગ્રેજોના હાથ હેઠળ આવ્યા, તે વખતે કોલાબાથી માહીમ અને શીવ સુધીનો વિસ્તાર, સાત જુદા જુદા ટાપુઓમાં વહેંચાયલો હતો, અને વચ્ચે પાણીની ખાડીઓથી મોટો ભાગ ભરેલો હતો.

કોટ અને કોલાબા છુટા હોઇ, વચમાં પાણીની ખાડી હતી. એથી સળંગ વહેવારમાં ભારે અડચણ પડતી. પછીથી એ ખાડીને પુરી નંખાવી, બંને ભાગો જોડી દીધા છે. એ પુરેલા ભાગનું નામ કોલાબા કૉઝવે છે. તમે મ્યુઝિયમથી કોલાબા જતી ટ્રામમાં જાઓ, તો ત્યાં ટ્રામનો મોટો તબેલો અને ઑફીસો આવેલી છે; તે તથા તેની આજુબાજુની જગા જોશો, એ બધો ભાગ, કોલાબા કૉઝવે નામે ઓળખાય છે.

અહીં પહેલાં કોલાબા કૉટન ગ્રીન, એટલે રૂનાં મોટાં ગોડાઉનો, અને રૂની થપ્પીઓ રાખવાની ખુલ્લી જગાઓ હતી; તેને હવે ત્યાંથી ખસેડી **શીવરી** લઇ ગયા છે. આખા દેશના જુદા જુદા ભાગોમાંથી રૂ લાવી, અહીં એકઠું કરવા માટે, **જી.** આઇ. પી. અને **બી.** બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેઓના મોટા ગુડસ યાર્ડો હતા, તે પણ હવે ત્યાંથી કાઢી નાખ્યા છે, અને ત્યાંની જમીન લોકોને બંગલા તથા ઘરો બાંધી વસવાટ કરવા માટે રાખી છે.

**જી.** આઇ. પી. રેલ્વે ઉપર, **શીવ** અને કુરલાનાં સ્ટેશનો વચ્ચે પણ પાણીની ખાડી હતી. **શીવ** એ લાઇન ઉપર મુંબઇનું છેલ્લું સ્ટેશન કહેવાય. કુરલા ઠાણા જીલ્લામાં આવ્યું છે. એ બે વચ્ચેની ખાડીને પુરી નાખી, ત્યાં રેલ્વે ટ્રેનો માટે સળંગ રસ્તો બનાવ્યો છે. પહેલાં એ પુરેલી જમીન બહુ સાંકડી હતી. તેથી ત્યાં હમણા કેટલીક નવી પુરણી કરી, એ ભાગ બહુ પહોળો કર્યો છે, અને તે ઉપર ગાડીઘોડા, તથા મોટરકારો જવા આવવા માટે મોટી


સડક બાંધી છે. તમે થાણા, કલ્યાણ, નાસિક અને પુના વગેરે ઠેકાણે જાઓ, ત્યારે એ સાયન કૉઝવે જોવા ચુકશો નહિ.

ખંબાલા હીલ અને વરલીના ભાગો છૂટા હોવાથી, વચ્ચે દરિયાનાં પાણી આવી, મોટો વિસ્તાર પાણી હેઠળ ડૂબેલો રાખતા. એ બે ભાગોને, પત્થરની મોટી પાળ બાંધી જોડી નાખ્યા છે, એટલે હવે દરિયાનાં પાણી માંહેલા ભાગો ઉપર આવી શકતાં નથી. આવી રીતે માંહેલા ભાગોમાં, નવી સૂકી જમીન બની, અને તે ખેતીવાડીના કામમાં ઉપયોગી થઇ પડી. ત્યારપછી વખત જતાં, વસ્તીમાં વધારો થતાં, એ ભાગો ઉપર લોકો ઘર બંધાવી વસવા લાગ્યા. આજે એ ભાગો આપણા શહેરમાં સૌથી ગીચ વસ્તીવાળા ગણાય છે. ખંબાલાહીલ અને વરલી વચ્ચેના પુરેલા ભાગને પણ એક કૉઝવે કહી શકાય. હાલ તે હૉર્ન્બી વેલાર્ડ નામથી ઓળખાય છે; કારણ કે તે કામ, તે વેળાના મુંબઇના ગવર્નર હૉર્ન્બીના વખતમાં થયું હતું. તમે વરલી કોઇ વખત જશો, ત્યારે કિનારાથી અર્ધોક માઇલ દૂર, પાણીમાં વચ્ચે એક નાના ટાપુ જેવું જોશો. તે ઉપર મુસલમાનોના એક મોટા જાણીતા પીર સાહેબ હાજી અલીની દરગા છે. તેનાથી જરા આગળ જતાં, જમીનના છેડા ઉપર, મામા હાજીઆનીની દરગા આવે છે. એ બંને દરગાને મુસલમાનો ઘણી પવિત્ર ગણે છે, અને રોજ મોટી સંખ્યામાં લોકો એની મુલાકાતે આવજા કરે છે.

પીર હાજી અલીની દરગા આગળ જવા માટે એક રસ્તો બનાવ્યો છે; પણ તે ભરતીના વખતમાં પાણી નીચે ડૂબેલો રહે



કોટમાં બોરીબંદર આગળ આવેલો ભાટીયા બાગ, મોદીખાના
તરફ જતો રસ્તો અને જનરલ પોસ્ટ ઑફીસ.



ચર્ચગેટ સ્ટેશન આગળ બી. બી. ઍન્ડ સી.
આઈ રેલ્વેની ઑફીસવાળી ઇમારત.



વિકટોરિયા ટરમીનસ.
(બોરીબંદરનું સ્ટેશન અને ઓફીસ.)



ફ્લૉરા ફાઉનટન.

છે. તેથી ઓટની વેળાએ લોકો એ રસ્તા ઉપરથી આવજા કરે છે.

હૉર્નબી વેલાર્ડની નજીકમાં મહાલક્ષ્મિનું ઘોડાદોડની સરતનું મોટું મેદાન, અને વીલીંગડન કલબની ગોલ્ફની રમતનું મેદાન આવે છે. ત્યાંથી આગળ જતાં વરલીનો જુનો કિલ્લો આવે છે. વરલી અસલથીજ કોળીઓથી વસાયલું હતું, અને હજી પણ ત્યાં માછીમારો વસે છે, અને મચ્છીઓ પકડી સુકવવાનો ધંધો કરે છે. વરલી નામ શા ઉપરથી પડ્યું છે, તે તમારે જાણવું જોઇએ. વરલી, વડાલી ઉપરથી પડ્યું છે. વડાલી શબ્દ મરાઠી ભાષામાં વડના ઝાડ માટે વપરાતો. એ ઉપરથી તમે ધારી શકશો, કે એ જગા ઉપર મોટી સંખ્યામાં વડનાં ઝાડ હોવાં જોઇએ, અને તે ઉપરથી તે જગાનું નામ વરલી પડેલું હોવું જોઇએ.

અગાઉ વાંદરા અને માહીમ વચ્ચે, લોકોને હોડીઓમાં બેસી આવ જા કરવી પડતી હતી. હવે તો ગાડી ઘોડા અને મોટર ગાડીઓ વગેરેને જવા આવવા માટે, પાકી સડકનો ખાડી ઉપર મોટો રસ્તો બાંધેલો છે; તેને લેડી જમશેદજી કૉઝવે કહે છે.

---

# પાઠ ૧૮ મો.

## કોટમાં આવેલી જાણવાજોગ મોટી ઇમારતો.

એક દહાડો નટવરના બાપા કપડાં પહેરી બહાર જવાને તૈયાર થતા હતા, પણ નટવર તો નિશાળે જવાની તૈયારી કરવાને

બદલે, અમથો બેસી રમત કરતો હતો. તે જોઇ બાપે પૂછયું, કેમ નટવર, નિશાળે જવાનો વખત થવા આવ્યો છે, અને હજી તું તો રમત કર્યા કરે છે! તને યાદ છે, કે થોડાક દિવસ અગાઉ, નિશાળે જતાં મોડું થવા માટે શિક્ષકે તને ઠપકો આપ્યો હતો!

નટવરે જવાબ આપ્યો, બાપા, આજે અમારી નિશાળમાં છુટ્ટી છે. તમે કયાં જાઓ છો? મને સાથે નહિ લઇ જાઓ? હું જરા ફરીને પાછો આવીશ તો ઠીક.

બાપે કહ્યું, મારે કોટમાં આવેલી મોટી બેંકમાં થોડુંક કામ છે, તે માટે જવાનું છે. બેંકમાં મને ઝાઝો વખત લાગશે નહિ. તારે આવવું હોય તો ચાલ, તૈયાર થા. આજે હું તને કોટમાં ફેરવી, ત્યાં આવેલી કેટલીક મોટી મોટી ઇમારતો દેખાડી, તે વિષેની થોડીક જાણવા જેવી વાતો કહીશ.

બાપ દીકરો બંને તૈયાર થઇ ટ્રામમાં બેસી, ક્રાફર્ડ મારકેટ આગળ આવી પહોંચ્યા. મારકેટ દેખાડી બાપે કહ્યું, કે મુંબઇ શહેરમાં આ સૌથી મોટું બજાર છે. અગાઉ આર્થર ક્રાફર્ડ નામના એક મ્યુનિસિપાલ કમિશ્નર થઇ ગયા છે, એમના નામ ઉપરથી એ મારકેટનું નામ ક્રાફર્ડ મારકેટ પાડયું છે. જો, આ સામે મુંબઇનું મોટું પોલીસ સ્ટેશન છે. પોલીસના વડા કમિશ્નર સાહેબની અહીં ઑફીસ છે.

આગળ જતાં નટવરને એક મકાન દેખાડી કહ્યું, કે તે મુંબઇના એક પ્રખ્યાત પારસી ગૃહસ્થે બંધાવેલું છે. એનું

નામ સર જે. જે. આર્ટ સ્કુલ રાખ્યું છે. એ ગૃહસ્થનાં મુંબઇમાં બીજાં ઘણાં ઘણાં સખાવતી કામો છે, જેમાંનું એક અજગામ જતાં સર જે. જે. હૉસ્પીટાલ છે. તેનો લાભ ઘણા ગરીબ માણસો લઈ આશિર્વાદ આપે છે. કામદાર અને ગરીબ વર્ગોના લોકમાં, એ "બાટલીવાલાની હૉસ્પીટાલ" તરીકે ઘણી જાણીતી છે.

ત્યાર પછી અન્જુમને ઇસ્લામ સ્કુલવાળી સુંદર ઇમારત, તેની બાજુમાં ટાઇમ્સ ઑફ ઇંડિયાવાળી ઇમારત, અને મ્યુનિસિપાલ ઑફીસ દેખાડયાં. સામે બોરીબંદરનું સ્ટેશન દેખાડી કહ્યું, કે હિંદુસ્તાનમાં પહેલ વહેલી આગગાડી દોડાવવાનું માન આ જી. આઇ. પી. રેલ્વેને ઘટે છે. મુંબઇથી થાણા સુધી જ્યારે પહેલ વહેલી આગગાડી દોડી હશે, ત્યારે મુંબઇના લોકો કેવા અજાયબ થઇ ગયા હશે!

ત્યાંથી આગળ જતાં પોસ્ટ ઑફીસવાળી મોટી બીલ્ડીંગ આવી; તે દેખાડી બાપે કહ્યું, આ આપણા શહેરની વડી પોસ્ટ ઑફીસ છે. એ ઉપર બાંધેલો ગોળ ઘુમટ જો. વિજાપુરમાં એક વિશાળ જોવા લાયક ઘુમટ છે, તેના જેવોજ, પણ કદમાં તેનાથી નાનો, આ ઘુમટ છે. તું કોઇ વેળા એમાં જઇને જોજે.

ત્યાંથી આગળ જતાં કોટનાં બજારની સામે, બૅલાર્ડ પિયર જતો રસ્તો દેખાડી કહ્યું, કે અહીં દરિયો પુરી નવી જમીન બનાવી, તે ઉપર મોટી મોટી ઇમારતો બાંધેલી છે. વળી છેક છેડા ઉપર, દરિયા કાંઠે એક મોટો ડકકો બાંધ્યો છે. ત્યાંથી

વિલાયતની મેલ સ્ટીમરો ઉપડે છે અને આવે છે. એ જગાને બૅલાર્ડ પિયર કહે છે.

પછી ટંકશાળ આવી. તે દેખાડી બાપે ખીસ્સામાં હાથ નાખી, થોડાક પૈસા કાઢી ખખડાવી કહ્યું, કે આવા બધા સિક્કા અહીં બનાવે છે. રૂપિયો, અડધો, પાવલી, બેઆની, આની, દણુ, પૈસો, ત્રણ દમડી અને પાઇ, વગેરે બધા સિક્કાઓ તો તેં જોયા હશે. એ સરકારી સિક્કા પાડવાની ટંકશાળ જોવા જેવી છે. એ જોવા માટે અગાઉથી પાસ કઢાવી પછી અંદર દાખલ થવાય છે.

ટાઉન હૉલ આગળ ટ્રામમાંથી ઉતરી પડતાં બાપે કહ્યું, ઇમ્પીરિયલ બૅંક ઑફ ઇંડિયામાં મારે જવું છે, તે અહીંજ નજીકમાં આવેલી છે; પણ ત્યાં જતા અગાઉ, આ લાંબી સીડી અને મોટા થાંભલાવાળી ઇમારત જો. એ આપણા શહેરનો ટાઉન હૉલ છે. એમાં જાહેર મિટીંગો, ભાષણો અને જુદી જુદી ચીજોનાં "ઍક્ઝીબીશનો" વારંવાર ભરાય છે. એની પાછળના ભાગમાં, જુના વખતની મુંબઇની તવારીખમાં ઘણો અગત્યનો ભાગ ભજવી ગએલી "બૉમ્બે કૅસલ" નામની, મોટાં ઝાડોથી ઢંકાએલી જગા આવી છે. એ જગા ઉપર અગાઉ એક સુંદર બગીચો હતો, જે ઘણો વખણાતો હતો. પોર્ટુગીઝ લોકે એના રક્ષણ માટે કિલ્લેબંધી કરી હતી. એની દીવાલનાં ભાંગ્યાં તુટયાં ખંડિયેર હજી પણ જણાય છે.

ત્યાંથી બૅંકમાં જઇ. થોડા વખતમાં પોતાનું કામ પુરૂં કરી, તેઓ પાછા બહાર આવ્યા. સરકલનો બાગ, અને તેને ફરતાં આવેલાં મકાનો દેખાડી કહ્યું, આ જગાને ઍલ્ફીન્સ્ટન

સરકલ કહે છે. ઍલ્ફીન્સ્ટન નામે મુંબઇના એક મોટા ગવર્નર થઇ ગયા છે, અને કેટલીક જગાઓ, ઇમારતો, પુલો, તથા રસ્તાઓ સાથે યાદગીરીમાં તેમનું નામ જોડેલું છે. ઍલ્ફીન્સ્ટન કૉલેજ, ઍલ્ફીન્સ્ટન સ્કૂલ, ઍલ્ફીન્સ્ટન સરકલ, ઍલ્ફીન્સ્ટન રોડ, ઍલ્ફીન્સ્ટન બ્રીજ (પુલ) એ નામો વારંવાર તારા સાંભળવામા આવશે.

પછી આગળ જતાં જૂનું કસ્ટમ હાઉસ. અને ગવર્નમેંટ ડૉકયાર્ડ દેખાડયાં. રસ્તે ચાલતાં ચાલતાં બાપે કહ્યું, કે અંગ્રેજોએ મુંબઇમાં આવી પહેલી સરકારી ગોદી અહીં બાંધી હતી. તે વખતે મોટાં વહાણો બાંધવાનું કામ પણ અહીંજ ચાલતું હતું. તેથી સુરત અને બીજે ઠેકાણેના ઘણા કામદારો મુંબઇ આવ્યા હતા. એ કામદારોમાંના એક પારસી ગૃહસ્થ, નામે લવજી વાડીયા બહુ પ્રખ્યાત થઇ ગયા છે. તેઓ પોતાની હોશિયારી, કામ કરવાની ખંત, અને મોટાં વહાણો બાંધી આપવાની શક્તિથી, તે વેળાના અંગ્રેજોમાં બહુ માનીતા થઇ પડી, ઘણું માન મેળવતા. અંગ્રેજોએ એમને "માસ્તર બીલ્ડર" ના ઇલકાબથી નવાજ્યા હતા. એમના વંશના, મુંબઇમાં હાલ પણ મોટા જાણીતા શહેરીઓ ગણાય છે.

પછી આગળ ચાલતાં તેઓ પ્રિન્સ ઑફ્ વેલ્સ મ્યુઝિયમ આગળ આવી પહોંચ્યા. એની બીલ્ડીંગ, મથાળાનો ઘુમટ, આસપાસનો બગીચો, તથા તે વચ્ચે આવેલું હાલના આપણા નામદાર રાજા જ્યોર્જ પાંચમાનું પુતળું દેખાડી બાપે કહ્યું,

આ સર્વ બહુ જોવા અને જાણવા લાયક છે. આજે તો આપણને પુરતો વખત નથી, તેથી કોઇ બીજી વેળા તને હું અહીં લાવી, એ વિષે બધું સમજાવીશ.

ત્યાર પછી, ખુલ્લા ચોગાન વચ્ચે આવેલો પત્થરનો ગોળ ફુવારો દેખાડી કહ્યું, કે આ ફુવારો વૅલીંગ્ટન ફાઉન્ટન નામથી ઓળખાય છે. તું ડયુક ઑફ વૅલીંગ્ટન વિષે ચઢતા વર્ગોમાં જઇશ ત્યારે ઇતિહાસમાં ઘણું જાણશે. તેઓ થોડોક વખત મુંબઇમાં રહી ગયા હતા. તેમના નામની યાદગીરી માટે, ફુવારાને વૅલીંગ્ટન ફાઉન્ટન નામ આપેલું છે.

સામેની પેલી મોટી ઇમારત, અગાઉ સેલર્સ હોમ તરીકે વપરાતી હતી. તે, અગાઉના ગાયકવાડ મહારાજાએ બંધાવી આપી હતી. હાલ એમાં મોટા ફેરફારો કરી, "બૉમ્બે લૅજીસ્લેટીવ કાઉન્સીલ ચેમ્બર" તરીકે એનો ઉપયોગ થાય છે. એની બાજુના રસ્તે આગળ જતાં, ઍપૉલો બંદર, અને ત્યાં બાંધેલો ગેટ વે ઑફ ઇંડિયા આવે છે. તેની નજીકમાં મુંબઇનું સૌથી મોટું તાજ મહાલ હૉટેલ આવેલું છે.

આટલું સમજાવી બાપે કહ્યું, નટવર, હવે ટ્રામને આ બીજે રસ્તેથી જતાં ઘણું જોવાનું અને જાણવાનું મળે છે; પણ હવે તો તું થાકી ગએલો જણાય છે, માટે અહીંથી આપણે ટ્રામમાં બેસી સીધા ઘેરજ જઇએ. આવતા રવિવારે હું તને પાછો અહીં લાવી, બીજું નવું નવું દેખાડી, તેની સમજણ આપીશ.

# પાઠ ૧૯ મો.

## હૅાર્ન્બી રોડ અને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ.

રવિવારના દિવસની નટવર બહુ આતુરતાથી રાહ જોતો હતો. કારણકે, એ દિવસે તેના બાપે એને કોટમાં આવેલી જોવા લાયક જગાઓ, અને મોટી જાણીતી ઇમારતો દેખાડવા લઇ જવાને કહ્યું હતું. પછી બાપ દીકરો બંને તૈયાર થઇ, ઘેર આગળથી ટ્રામ ગાડીમાં બેસી, સીધા મ્યુઝિયમ આગળ ઉતર્યા.

મ્યુઝિયમના બાગ વચ્ચે ફરી, તેઓ વચમાં આવેલાં પુતળાં આગળ ઉભા. પુતળાંની તખ્તી ઉપરનું ઇંગ્રેજી લખાણ, નટવર વાંચી શકતો ન હોવાથી, બાપે તેને કહ્યું, આ પુતળું આપણા હાલના નામદાર શહેનશાહ જ્યોર્જ પાંચમા ગાદી ઉપર આવ્યા, તે અગાઉ પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે ઓળખાતા હતા, તે વખતનું છે. એઓ નામદાર પ્રિન્સ ઑફ વેલ્સ હતા, તે દરમીઆન ઇ. સ. ૧૯૦૫ માં મુંબઇ પધાર્યા હતા, ત્યારે એમની યાદ ખાસ જાળવી રાખવા માટે, આ મ્યુઝિયમ બાંધવામાં આવ્યું, અને એનું નામ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ રાખ્યું.

ત્યાર પછી, તેઓ મ્યુઝિયમવાળી ઇમારતમાં દાખલ થયા. સંગે મરમરના પત્થરનાં કેટલાંક પુતળાંઓની વચ્ચે એક નાનો ફુવારો હતો; તેની ડાબી બાજુના ઓરડામાં વાઘ, સિંહ, વાંદરાં, બિલાડાં, હરણ અને સાબર વગેરે, ઘણી ઘણી જાતનાં નાનાં મોટાં જંગલી પ્રાણીઓનાં શરીરોને "સ્ટફ" કરી, કાચના મોટા કેસોમાં રાખેલાં જોયાં. જુદી જુદી જાતનાં અને ભાત ભાતના

રંગનાં પક્ષીઓ, જેવી રીતે જંગલોમાં ઝાડની ડાળીઓ ઉપર બેસતાં હોય, તેવીજ ઢબે ગોઠવ્યાં હતાં.

માળ ઉપર જઇ, અગાઉના વખતમાં લડાઇઓમાં તરવાર, ખંજર, બંદૂક અને ઢાલ વગેરે વાપરવામાં આવતાં હથિયારોના નમુનાઓ જોયા. બીજી તરફ અગાઉના રાજા રજવાડાઓની ગાદીઓ, અને પોશાકોના નમુના હતા તે જોયા. જુના વખતની કારીગરીથી શોભિતા ગાલીચાઓ, અને દેશી ચીતારાઓને હાથે ચીતરેલાં ચિત્રો હતાં તે પણ જોયાં.

એક ઓરડામાં જોવા જેવું ભારે કીંમતનું બીલોરી કાચકામ, હાથીદાંત ઉપર અજાયબી ભર્યું કોતરકામ વગેરે જોઇ, નટવર બહુજ આનંદ પામ્યો. એ ઓરડાની વચમાં, એક કાંસાનું પુતળું જોઇ નટવરે પૂછ્યું, આ પુતળું અહીં કેમ મુકયું હશે?

બાપે કહ્યું, આ બધી અમૂલ્ય વસ્તુઓ, આ ગૃહસ્થે જાહેર લોકોના લાભને માટે, મ્યુઝિયમને ભેટ કરી છે. એમનું નામ સર રતન જમશેદજી તાતા છે. એમના બીજા ભાઇ, સર દોરાબ તાતાએ પણ બહુ મોટી ભેટ આપી છે. ચાલ હું તને તે દેખાડું.

એમ કહી તેઓ પીકચર ગેલેરીવાળા ઓરડામાં આવ્યા. બાપે કહ્યું, આપણા શહેરના લોકોને જોવા માટે આ એકજ જાહેર પીકચર ગેલેરી છે. કેવાં કેવાં મોંઘી કીંમતનાં આ નાનાં મોટાં સુંદર પીકચરો છે! એમાંનાં કોઇ કોઇ તો, યુરોપના

બહુ પ્રખ્યાત ચિતારાઓની પીંછીના નાદર નમુનાઓ છે. આ તો આપણી એક ઉડતી મુલાકાત છે. બધી ચીજોનું બારીકીથી અવલોકન કરવા માટે તો, ઘણા દિવસ સુધી અહીં આવીને આપણે જોવું જોઇએ. અત્યારે તો અહીં આપણે આટલું જોયું. હવે ચાલ, હું તને બીજી જગાઓ દેખાડવા લઇ જાઉં છું.

બહાર રસ્તા ઉપર આવી, સામે આવેલી ઇમારત દેખાડી બાપે કહ્યું, આ **સર કાવસજી** જેહાંગીર હૉલ છે. એમાં મોટી જાહેર સભાઓ મળે છે, ભાષણો અને જલસાઓ થાય છે, તથા કોઇ કોઇ વેળાએ, "કૉન્ફરન્સો" ભરાય છે. એની જોડમાં એલ્ફીન્સ્ટન કૉલેજ તથા **આરમી** ઍન્ડ નેવી નામની મોટી યુરોપિયન દુકાન આવેલી છે. આ રસ્તાની વચ્ચે, કાળા ઘોડા ઉપર, **નામદાર રાજા** ઍડવર્ડ **સાત**માનું પુતળું છે. તેઓ કોણ હતા તે **નટવર** તું જાણે છે?

**નટવર**—હા, બાપા, અમારી વાંચનમાળામાં, એમના વિષે અમે પાઠ વાંચી ગયા છીએ. તેઓ **નામદાર મહારાણી વિકટોરિયાના** કુંવર, અને હમણાના આપણા રાજાના પિતા હતા.

**સર કાવસજી** જેહાંગીર હૉલને રસ્તે, પાછલા ભાગ તરફ જતાં, બૅંડ સ્ટૅંડ આવે છે. ત્યાં **નામદાર પ્રિન્સ ઑફ વેલ્સનું** એક સુંદર પુતળું ઉભું કરેલું છે. ચાલ, જરા આગળ જઇએ. **રાજાબાઇ ટાવરની** ઉંચાઇ, અને તે ઉપર આવેલું મોટું ઘડિયાળ જોઇ, **નટવર** બહુ ખુશી થયો, અને બાપ એ વિષે કાંઇ સમજાવશે, એમ વિચારી તેના મોં તરફ જોવા લાગ્યો.

બાપે કહ્યું, આ રાજાબાઇ ટાવર અને યુનિવરસિટિ હૉલ તથા બાગ છે. એક વેળા ઇંગ્લાંડ અને અમેરિકા વચ્ચે લડાઇ જાગી હતી, અને તે વખતના કેટલાક મુંબઇના રૂના વેપારીઓ, કરોડો રૂપિયા કમાઇ ગયા હતા. એમાં શેઠ પ્રેમચંદ રાયચંદ નામના મોટા લક્ષાધિપતિ વેપારી હતા. તેમણે પોતાની માતાની યાદગીરી રાખવા આ ટાવર બંધાવ્યો હતો.

આ બાગને રસ્તે, હવે પાછલા ભાગ ઉપર જઇએ. જો, આ "ઓવલ"નું મોટું મેદાન કહેવાય છે. એની પાછળ રેલ્વેની લાઇન, અને બૅક બે નો દરિયો આવેલો છે. સામે જમણી તરફ જો; પેલી બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની મોટી ઑફીસનું મકાન છે.

આગળ ચાલતાં હાઇ કૉર્ટનું મકાન, સૅક્રેટેરિયટ ઑફીસ, અને વડી તાર ઑફીસ આવી. તાર ઑફીસની સામે. મેદાનનાં એક ખૂણામાં કૂવો દેખાડી બાપે કહ્યું, મુંબઇના લોકોમાં આ કૂવો ઘણો જાણીતો છે. એને ભીખા બેહરામનો કૂવો કહે છે. સવાર સાંજ, હજારો લોકો જતાં આવતાં એનું પાણી પીએ છે.

તાર ઑફીસથી ટ્રામની લાઇન આગળ આવતાં, રસ્તા વચ્ચે સુંદર કારીગરીવાળો ફુલૅારા ફાઉન્ટન દેખાડયો અને કહ્યું, કે અગાઉના વખતમાં, કોટના કિલ્લાનો અહીં એક દરવાજો હતો, અને તેનું નામ ચર્ચગેટ હતું. તેથી તેની સામેના રસ્તાને ચર્ચગેટ સ્ટ્રીટ કહે છે. ત્યાં એક મોટું મિનારા ઉપર ઘડિયાળ સાથનું દેવળ આવેલું છે.

ફ્લૉરા ફાઉન્ટન આગળથી ચારે તરફ નજર કરીએ, તો મોટી મોટી બૅંકો, ઑફીસો, અને વિલાયતી માલની મોટી દુકાનો દેખાય છે. ઓરિયૅન્ટલ વીમા કંપનીની બીલ્ડીંગને મુખડે, આપણા દેશના જાણીતા એક મહાન પુરૂષનું પુતળું, જાહેર લોકોને પૈસે ઉભું કરેલું છે. એમનું નામ દાદાભાઈ નવરોજી છે. તેમણે વિલાયત જઇ, ઘણાં વરસો સુધી, હિંદના ભલાને માટે લડત ચલાવી હતી. એક વેળા તેઓ ઇંગ્લાંડની પાર્લામેંટના મૅમ્બર ચુંટાયા હતા. તેમને લોકો હિંદના દાદા તરીકે માન સાથે હંમેશાં યાદ કરે છે.

ત્યાંથી આગળ જતાં વહાઇટ વે કંપનીની વિલાયતી માલની મોટી દુકાન આવી. તેની પડોશનું જે. ઍન. પીટીટ લાયબ્રૅરીવાળું સુંદર મકાન દેખાડી કહ્યું, આ મોટી લાયબ્રેરી લોકોમાં ઘણી જાણીતી છે, અને હજારો માણસો એનો સારો લાભ લે છે. પછી ત્યાંથી આડો જતો મોટો પહોળો રસ્તો દેખાડી કહ્યું, આ મોટો રસ્તો થોડા વખત ઉપર નવો બનાવેલો છે. એનું નામ ફીરોજશાહ મહેતા રોડ આપેલું છે. એ રસ્તો સીધો બૅલાર્ડ પિયર સુધી જાય છે. એ નવો રસ્તો કાઢવા માટે મ્યુનિસિપાલિટિને કોટમાંનાં ઘણાં ઘરો વેચાતાં લઇ, તોડી નાખવાં પડયાં છે. એ રસ્તેથી ડાબી તરફ જતાં, બૉમ્બે ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટની ઑફીસ અને મહારાણી વિકટોરિયાનું, જાણે કે તખ્ત ઉપર બેઠાં હોય અને માથે છત્ર ધરાયું હોય તેવું, ઘણી સુંદર કારીગરીવાળું પુતળું આવે છે.

પછી કોટનું બંબાખાનું, મોટી મોટી ઑફીસોવાળી

ઇમારતો અને દુકાનો જોતા જોતા, તેઓ બોરીબંદરના ટ્રામ સ્ટેશન આગળ આવી પહોંચ્યા. ટ્રામને આવતાં વાર હતી, એટલે આપે કહ્યું, નટવર, આટલા ભાગમાં નજીક નજીક, ત્રણ મોટાં સીનેમા થીએટરો આવ્યાં છે. આ ઍમ્પાયર થીએટર છે. પેલું કૅપીટૅાલ સીનેમા થીએટર છે. આ રસ્તાની પછવાડે બીજું એક ઍક્ષેલસીયર થીએટર આવેલું છે. મ્યુનિસિપાલ ઑફીસની સામે કોટનું મોટું મેદાન આવેલું છે. તેને ઍસ્પ્લેનેડ મેદાન કહે છે. એ મેદાનમાં દરરોજ સાંજે સેંકડો માણસો ક્રીકેટની રમત રમે છે. એના એક ખૂણામાં યુરોપિયનોનું મોટું બૉમ્બે જીમખાના આવેલું છે. તેની ગ્રાઉન્ડ ઉપર દર વરસે યુરોપિયન, હિંદુ, મુસલમાન અને પારસીઓની, એમ કોમવાર મોટી ક્રીકેટ મેચો રમાય છે. એને બૉમ્બે ક્રીકેટ કાર્નીવલ કહે છે. એ રમત નવ દિવસ સુધી ચાલે છે, અને એટલા દિવસ મેદાન, હજારો લોકોની મેદનીથી ગાજીવાજી રહે છે.

એટલામાં ટ્રામ આવી લાગી, અને પગ રસ્તે તેઓ ઘણું ચાલેલા હોવાથી થાકી ગયા હતા, એટલે તુરત તેઓ તેમાં બેસી ગયા.

---

# પાઠ ૨૦ મો.

## મુંબઈનો વેપાર, ઉદ્યોગ, આયાત અને નિકાસની ચીજો.

એક દહાડો વર્ગમાં દાખલ થતાં, શિક્ષકે એક છોકરાને ઉદાસ ચહેરે બેઠેલો જોયો. તપાસ કરતાં માલુમ પડયું, કે ગઈ

કાલેજ એના બાપે એને ફુટરૂલ, પેન્સીલ, સ્ટીલ હોલડર, રબર, ડ્રોઇંગ રંગવાના રંગ, બ્લૉટીંગ પેપર, અને પેન્સીલ ઘડવાનો સંચો અપાવ્યાં હતાં. તે બધું એક હાબડામાં મૂકી તે નિશાળમાં લાવતો હતો, પણ તે દિવસે તે ટ્રેનમાંજ ભૂલી આવ્યો હતો.

શિક્ષક આ સાંભળી દીલગીર થયા. પછી છોકરાને ધીરેથી સમજાવી કહ્યું, કે આવી તારી બેદરકારી માટે, તારા બાપા ગુસ્સે થઇ તને ઠપકો દેશે. હાલમાં તો એ બધી વસ્તુઓ તને પાછી નવી અપાવે ત્યાં સુધી, એનો ખપ પડે ત્યારે પાસેના છોકરાની માગી તું વાપરજે.

એક વહોરાનો છોકરો ઉભો થઇ બોલ્યો, સાહેબ, મારા બાપાની સ્ટેશનરીની દુકાન અબ્દુલ રેહેમાન સ્ટ્રીટમાં છે. કાલે હું એને માટે પેન્સીલ, રબર અને ફુટરૂલ, તથા ડ્રોઇંગના રંગ લાવીશ.

બીજા એક મેમણના છોકરાએ કહ્યું, સાહેબ, કટલરી બજારમાં અમારી છરી, કાતર વગેરે વેચવાની દુકાન છે. હું એને માટે કાલે પેન્સીલ ઘડવાનો ચપ્પુ લેતો આવીશ.

ત્રીજો છોકરો બોલ્યો, સાહેબ, સુતારચાલમાં અમારી કાગળની દુકાન છે, ત્યાંથી હું એને બે ત્રણ બ્લૉટીંગ પેપરના ટુકડા લાવી આપીશ.

શિક્ષક હસી પડયા અને બોલ્યા, ઓહો! આપણો તો જાણે વેપારીઓનોજ વર્ગ હોય એમ લાગે છે. પછી એક છોકરા તરફ

નજર કરી પૂછ્યું, ભાઇ, તમારી અટક કાપડીઆ છે, તો તમારી પણ કાપડની દુકાન છે કે?

કાપડીઓ—હા, સાહેબ, મુળજી જેઠા મારકેટમાં અમારી વિલાયતી કાપડની દુકાન છે.

બીજો એક છોકરો બોલી ઉઠયો, સાહેબ, ઝવેરી બજારમાં અમારી સોના રૂપાના દાગીના વેચવાની દુકાન છે.

એક બીજા છોકરાએ કહ્યું, સાહેબ, પાયધોણી આગળ ત્રાંબાકાંટે અમારી ત્રાંબાપિત્તળ અને ઍલ્યુમીન્યમનાં વાસણો વેચવાની દુકાન છે.

બીજા એક છોકરાએ કહ્યું, સાહેબ, ખાંડ બજારમાં અમારી મોટી વખાર છે.

વળી એક છોકરાએ કહ્યું, સાહેબ, માંડવી દાણા બજારમાં અમારી પણ દાણાની વખાર છે.

એક બીજા છોકરાએ કહ્યું, સાહેબ, નાગદેવી સ્ટ્રીટમાં મીલને લગતો સામાન વેચવાની અમારી દુકાન છે.

એક છોકરો—સાહેબ, તાળાં, નકૂચા, ખીલા, સળિયા વગેરે બધી જાતનો લોખંડનો સામાન, લુહાર ચાલમાં આવેલી અમારી દુકાને વેચાય છે.

બીજો છોકરો—સાહેબ, જુમા મસજીદ આગળ અંગ્રેજી દવાઓ વેચવાની મારા બાપાની દુકાન છે.

શિક્ષક—બસ, બસ. આટલી બધી જુદી જુદી જાતના માલના વેપારીઓના દીકરાઓ મારા વર્ગમાં છે, એ બહુ ખુશી થવા જેવું છે. ત્યારે તો મારે આપણા મુંબઈ શહેરના વેપાર ઉદ્યોગ માટે, આજે તમારી આગળ વધુ વાત કરવી જોઈએ. સાંભળો, છોકરાઓ, આપણું શહેર એક મોટું વેપારી બંદર છે, એ તો તમે અત્યાર આગમજ જાણી ચુકયા છો. દરરોજ આપણી ગોદીઓમાં, ઘણી સ્ટીમરો પરદેશનો માલ લઇ આવે છે, અને એજ સ્ટીમરો, આપણા દેશનો માલ પોતાને દેશ લઇ જાય છે.

બીજા દેશોનો માલ આપણા દેશમાં આવે, તેને "આયાત" માલ કહે છે. આપણે આપણા દેશનો ઉગેલો, તથા બનાવેલો માલ, બીજા દેશોમાં મોકલીએ છીએ, તેને "નિકાસ" માલ કહે છે. ઘણી ઘણી ચીજો, જે આપણે વાપરીએ છીએ તથા જોઇએ છીએ, તે બધીએ કાંઇ આપણા દેશમાં બનતી નથી, પણ બીજા દેશોમાં બની, આપણા માટે અહીં આવે છે. એવા આયાત માલનાં કોઇ છોકરો થોડાંક નામ આપશે?

એક છોકરો—હા, સાહેબ. તરેહ તરેહનું પરદેશી કાપડ, લોઢાંનો જાત જાતનો સામાન, દરેક જાતનું સંચાકામ, જાત જાતની ખાદ્ય ખોરાકીની વસ્તુઓ, ટેલીફોન, ટેલીગ્રાફ અને ઇલેકટ્રીસીટી માટે હરેક જાતનો સામાન, દવાઓ, હથિયારો, મોટરકારો, ખાંડ, દારૂ, ગ્યાસતેલ, પેટ્રોલ, તથા રેલ્વે, કારખાનાં અને મીલોને લગતા સામાનો, જાત જાતની રબરની તથા ચામડાની બનાવટો વગેરે.

શિક્ષક—શાબાશ. બહુજ સારો જવાબ આપ્યો. હવે કોઇ છોકરો આપણા દેશથી નિકાસ થતા માલનાં થોડાંક નામ દઈ શકશે?

બીજો છોકરો—હું કહું, સાહેબ? ઘઉં, ચણા અને ઘણી જાતનાં અનાજો. કાચું ખાંચમાંથી ખોદી કાઢેલું લોઢું. જાત જાતનાં બીયાં, અળસી, જનાવરોનાં ચામડાં, શીંગડાં, હાડકાં વગેરે.

શિક્ષક—એ તો ઠીક. પણ બીજી એક બહુ ઉપયોગી, મોટા જથ્થામાં નિકાસ થતી ચીજ તો ભૂલીજ ગયા તે કોઇને યાદ આવે છે?

થોડાક વખત વિચારમાં પડી છોકરાઓ એક બીજા સામું જોવા લાગ્યા. કોઇ છોકરા તરફથી જવાબ નહિ મળ્યો, એટલે શિક્ષકે કહ્યું, કે આપણો દેશ ઘણા મોટા જથ્થામાં રૂ ઉગાડે છે. આપણા દેશની કાપડની મીલો, એનો થોડાક ભાગ વાપરે છે; તથા દર વરસે લાખો ગાંસડી રૂ. ઇંગ્લાંડ, ચીન, જાપાન તથા જર્મની જાય છે. ત્યાં એનું સુતર અને કાપડ બને છે. પરદેશી તૈયાર કાંતેલું સુતર અને કાપડ. આપણા દેશમાં ઘણા મોટા જથ્થામાં આવે છે.

આપણા મુંબઇ શહેરનો મોટો ઉદ્યોગ કાપડ વણવાની મીલોનો છે. ચીંચપોકલી, પરેલ, દાદર, તારદેવ અને ઍલ્ફીન્સ્ટન રોડ વગેરે ઠેકાણે, ઘણી મીલો આવેલી છે, અને તેમાં રોજ લગભગ બે લાખથી વધારે માણસો કામે લાગે છે.

હવે તમે આપણા શહેરમાં આવેલાં થોડાંક મોટાં. વેપારી બજારોનાં નામ જાણો તો ઠીક. કાલબાદેવી, ભૂલેશ્વર, ઝવેરી બજાર, કાપડ બજાર, અબદુલ રેહેમાન સ્ટ્રીટ, નાગદેવી સ્ટ્રીટ, કટલરી બજાર, જકરિયા મસ્જીદ, માંડવી, પાયધોણી, ભીંડી બજાર, નળ બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ અને જુની હનુમાન લેન, એ બધા શહેરના મુખ્ય વેપારી લત્તાઓ ગણાય છે. અહીં જથ્થાબંધ તથા છુટક વસ્તુઓનો, આખો દિવસ ભારે વેપાર ચાલે છે. તેથી અહીં વેપારીઓની, તથા લોકોની ભારે ગીરદી રહે છે. અને લોકોનો વસવાટ પણ બહુ ગીચ છે.

આજે તો આ બાબત હું અહીં પુરી કરૂં છું. પણ એ બધી વાત તમે ધ્યાનમાં રાખી યાદ રાખશો, તો તમને ઘણો ફાયદો થશે. જે જે લત્તાઓનાં આજે તમે નામ જાણ્યાં છે. એ બધાં નકશામાં ખોળી કાઢવાનો યત્ન કરજો.

---

# પાઠ ૨૧ મો.

## મ્યુનિસિપાલિટિ અને તેનો વહીવટ.

એક દહાડો સવારમાં વહેલો, શંકર પોતાના બાપ સાથે, ગોવાળીઆ તળાવ આગળની બાજુમાં આવેલા લક્ષ્મિનારાયણના મોટા મંદિરે જતો હતો. તે ઘણી વેળા એ રસ્તે થઇ મંદિરમાં ગયો હતો, પણ આજે તો આખે રસ્તે મોટરગાડીઓની બહુ

ભારે ધમાલ ચાલી રહી હતી, તેથી ઘણી મુશ્કેલીથી આગળ જવાતું.

વળી ગોવાળીઆ તળાવવાળા મેદાનમાં, કપડાં અને કંતાનના મોટા મોટા માચડાઓ ઉભા કરેલા હતા, તથા ત્યાં માણસોની ભારે ઠઠ થઇ રહી હતી. તેથી તે સમજ્યો, કે આજે મંદિરનો કોઇ મહોત્સવ હશે, તેને લઇ અહીં મેળો ભરાતો હશે. તેણે પોતાના બાપને પૂછ્યું, શું, આજે એવો કોઇ મોટો તહેવાર છે કે જેથી આટલા બધા લોકો અહીં એકઠા થયા છે?

બાપ—શંકર, આજે કોઇ મોટો તહેવાર નથી, તેમજ મેળો પણ નથી. છતાં આપણા શહેરને માટે તો આજનો દિવસ મોટો કહેવાય. આજે મ્યુનિસિપાલિટિના મેમ્બરોની ચુંટણીનો દિવસ છે. તું આજે શહેરના જુદા જુદા ભાગોમાં ફરે, તો કોટ, માંડવી, ભૂલેશ્વર, ગીરગામ, ભાયખલા, પરેલ અને માહીમમાં પણ આવીજ ધમાલ તારી નજરે પડે.

શંકર—એક દિવસ હું કોટમાં ગયો હતો, ત્યાં બોરીબંદરના સ્ટેશનની સામે મોટી મ્યુનિસિપાલ બીલ્ડીંગ જોઇ હતી; પણ ત્યાં કોણ રહે છે અને શું કરે છે તે હું જાણતો નથી.

બાપ—આપણા શહેરના સુધારા વધારા, સુખશાંતિ, કેળવણી, દુઃખ દરદોના ઉપાયો અને અટકાવો, જન સમાજનાં ફરવા હરવાનાં સાધનો વગેરે, અનેક બાબતોનો વહીવટ આપણે પોતેજ કરીએ છીએ. પણ દરેક માણસ એ કામ માટે, પોતાની શક્તિ અને વખત ફાજલ પાડી શકે નહિ. એ માટે થોડાંક માણસોનું મંડળ

કરવામાં આવે છે. એ મંડળમાં જોડાવા માટે શહેરના આગેવાન જાણીતા માણસો, જેઓ શહેરના વહીવટમાં ઉલટ લેતા હોય, એવાઓ ઉમેદવારી કરે છે. એવા તો ઘણા ઉમેદવારો હોય છે, પણ તેમાંથી શહેરના લોકોના મત, જેમની તરફેણમાં વધારે પ્રમાણમાં અપાયા હોય, તેવાઓને ચુંટી કાઢે છે. એવી રીતે ચુંટી કાઢેલાં માણસો મ્યુનિસિપાલિટિના મેમ્બરો ગણાય છે. એ બધા મેમ્બરોની બનેલી મંડળીને "મ્યુનિસિપાલ કૅારપોરેશન" કહે છે. શંકર, તને ભણી ગણી મોટો થઇ મ્યુનિસિપાલ કૅારપોરેટર થવા ગમે છે? કૅારપોરેટર થઇ, શહેરના કામમાં ઉલટ લઇ, તેમાં સુધારા વધારા કરી, લાખો માણસોનાં સુખ અને આનંદમાં ઉમેરો કરવો, એ બહુ શોભા ભર્યું છે.

વળી આવી રીતે લોકોના મતથી ચુંટી કાઢેલું મંડળ મોટું હોય છે. તે મંડળ પોતાનામાંથી થોડાકોને ચુંટી કાઢી, નાનું મંડળ બનાવે છે. એ નાનું મંડળ તે સ્ટૅંડીંગ કમીટી કહેવાય છે.

મ્યુનિસિપાલિટિને લગતાં દરેક કામકાજ અને ખાતાંઓ ઉપર દેખરેખ રાખી, અધિકાર ચલાવવા માટે, સરકાર તરફથી એક મોટો ઓધ્ધેદાર નીમાય છે, જે મ્યુનિસિપાલ કમિશ્નર કહેવાય છે. મ્યુનિસિપાલિટિને બહોળો કારભાર કરવાનો હોવાથી, જુદાં જુદાં કામો માટે, જુદાં જુદાં ખાતાંઓ સ્થાપ્યાં છે. જેમાં ઘણાં અગત્યનાં તરીકે, ઇજનેરીખાતું, શહેરની સુખાકારી જાળવવાનું ખાતું, નવા રસ્તાઓ બાંધવા, જુના સુધારવા, તથા તેમના ઉપર રાત્રે લાઇટ કરવાનું ખાતું, કેળવણીખાતું અને

પાણીખાતું વગેરે છે. એ બધા કામને માટે મોટા પગારના ઘણા અમલદારો હોય છે, અને તેમના હાથ નીચે કામદારોની મોટી ફોજ હોય છે.

આપણા શહેરની મ્યુનિસિપાલિટિ, આખા દેશમાં પહેલા નંબરની ગણાય છે. દર વરસે બેથી ત્રણ કરોડ રૂપિયાના આવક ખરચનો વહીવટ કરતું ખાતું, કેટલું ગંજાવર હોવું જોઈએ, એનો હાલમાં તો તને પુરો ખ્યાલ નજ આવે. શંકર, તું મોટો થશે અને આખું મુંબઈ શહેર ફરી માહીતગાર થશે, ત્યારેજ તને મ્યુનિસિપાલિટિના બહોળા કારભારની સમજ પડશે.

પરેલ તરફ નવી બાંધેલી કીંગ ઍડવર્ડ મેમોરીઅલ હૉસ્પિટાલ, મજગામ જતાં મોટા રસ્તા ઉપર સર જે. જે. હૉસ્પિટાલ, ધોબીતળાવ આગળની ગોકળદાસ તેજપાલ હૉસ્પિટાલ, આર્થર રોડ ઉપર આવેલી ઉડતા રોગોની હૉસ્પિટાલ, ભાયખલા ઉપરની મરાઠા પ્લેગ હૉસ્પિટાલ અને માટુંગા આગળની રગતપીતના દર્દીઓની હૉસ્પિટાલ વગેરે, બીજાં ઘણાં નાના મોટાં દવાખાનાંઓ, અને કામદાર ગરીબ વર્ગોની સ્ત્રીઓ માટે સુવાવડખાનાંઓનો નિભાવ, આપણી મ્યુનિસિપાલિટિ કરે છે.

લોકોને ફરવા હરવાનાં કેટલાં બધાં સાધનો એણે પુરાં પાડયાં છે! મોટો વિકટોરિયા ગાર્ડન્સ, સર ફીરોજશાહ મહેતા અને હૅંગીંગ ગાર્ડન્સ, ચોપાટી આગળનો બાગ, એ ઉપરાંત બીજા નાના ઘણા બાગ બગીચાઓ, મ્યુનિસિપાલિટિને ખરચે નિભે છે.

દરેક લત્તામાં ઠેરઠેર મ્યુનિસિપાલ સ્કૂલનાં પાટીયાં લગાડેલાં ત્હારા જોવામાં આવશે. શહેરમાં પ્રાથમિક કેળવણીનો બહોળો ફેલાવો કરવા માટે કેટલી બધી ગુજરાતી, મરાઠી અને ઉર્દુ શાળાઓ પાછળ એ ભારે ખરચ કરે છે! બીજું તો ઘણું ઘણું એને માટે જાણવા જેવું છે, પણ તું કંટાળી ન જાય માટે, હમણા તો આટલીજ વિગતો જાણેલી સારી.

શંકર—બાપા, તમે કહ્યું હતું, કે શહેરમાં જુદે જુદે ઠેકાણે પણ આજે આવી ચુંટણીની ધમાલ પડતી હશે. બધીજ ચુંટણીનું કામ આ એકજ બાજુ કેમ ન રાખ્યું?

બાપ—શહેરનો મોટો વિસ્તાર જોતાં મ્યુનિસિપાલિટિએ દરેક કારોબાર સરળ રીતે ચાલે, અને દરેક ઠેકાણે સારી રીતે દેખરેખ રહે, એ માટે શહેરના જુદા જુદા ભાગો પાડેલા છે. એવી રીતે પાડેલા ભાગલાને મ્યુનિસિપાલ વૉર્ડ કહે છે. એ બધા વૉર્ડને, અંગ્રેજી બારાખડીના એ, બી, સી, ડી, ઇ, એફ, અને જી, અક્ષરોથી અનુક્રમે ઓળખાવેલા છે. આવી રીતે જુદા જુદા મ્યુનિસિપાલ વૉર્ડ બતાવનારો નકશો આપણે ઘેર છે, તે હું તને દેખાડીશ.

---

# પાઠ ૨૨ મો.

## શહેરના મ્યુનિસિપાલ વિભાગો.

એક દહાડો નિશાળની બંને બાજુએ થોડેક છેટે, કેટલાક મજુરો બે થાંભલા ઉભા કરતા હતા; ત્યાં નિશાળનો ઘંટ વાગી

ગયા છતાં, કેટલાક છોકરાઓ ટોળું થઇ ઉભા હતા. તેઓ મોડું થતાં શિક્ષક ગુસ્સે થશે એવી ધાકથી, ઝપાટાબંધ દોડતા દોડતા વર્ગમાં આવ્યા. ચોપડીઓ વગર ખાલી હાથે, ઘણા છોકરાઓને એકઠા થઇ મોડા આવવાનો બનાવ, શિક્ષકને જરા નવાઇ જેવો લાગ્યો. વર્ગમાં બેઠા પછી તેમણે છોકરાઓને પૂછ્યું, આજ ઘણા છોકરાઓ વર્ગમાં મોડા આવ્યા તેનું શું કારણ હશે?

એક છોકરો—સાહેબ, અમે તો નિશાળમાં વહેલા આવ્યા હતા; પણ ઘંટ વાગ્યા અગાઉ, કેટલાક માણસો, હાથ ગાડીમાં નાખી બે થાંભલા લાવ્યા. પછી બીજાં બે ત્રણ માણસો આવ્યાં. એકના હાથમાં ભુરા રંગનો મોટો કાગળ હતો, અને તે ઉપર સફેદ લીટીઓ દોરેલા નકશા જેવું હતું. બીજાના હાથમાં લાંબી માપવાની પટી હતી. નકશામાં જોઇ તેઓ આપણી નિશાળની બંને તરફના, માપવાની પટી વડે રસ્તા માપી, બંને છેડે ખાડા ખોદી, થાંભલા ઉભા કરતા હતા. તે જોવાની લહેમાં, ઘંટ વાગી જવાની અમને ખબર ન પડી, તેથી વર્ગમાં આવતાં મોડું થયું છે.

બીજો છોકરો—સાહેબ, એ થાંભલા શા માટે ઉભા કર્યા, અને તે ઉપર અંગ્રેજીમાં શું લખ્યું છે, તે અમે સમજી શકતા નથી.

શિક્ષક—ગાડીઘોડા અને મોટરગાડીઓની મોટી આવજાવવાળા રસ્તા ઉપર આવેલી નિશાળો આગળ, એવા થાંભલા હમણાં હમણાં બધે જોવામા આવે છે. ઘણા હાંકનારાઓ રસ્તાઓ ઉપર

વધારે ઝડપથી, અને કોઇ વાર બેદરકારપણે ગાડીઓ દોડાવે છે, અને નાનાં બાળકો નિશાળ આગળ ઉભાં, અથવા રમતાં અને અને દોડતાં હોય, તેઓ ઘણીવાર તેના ભોગ બની કચડાઇ જાય છે. માટે મ્યુનિસિપાલિટિ, છોકરાંઓની સલામતી માટે, જ્યાં જ્યાં નિશાળો આવી હોય ત્યાં ત્યાં, ગાડીવાળાઓને સંભાળીને હાંકવાની ચેતવણી આપવા માટે, એવા થાંભલા ઉભા કરે છે.

ત્રીજો છોકરો—સાહેબ, મારા બાપા પણ મ્યુનિસિપાલિટિના મેમ્બર છે; તેમણે પણ મને એ વિષે કેટલુંક સમજાવ્યું હતું.

શિક્ષક—ઓહો! તારા બાપા મ્યુનિસિપાલ કૉરપોરેટર છે! તેઓ કયા વૉર્ડમાંથી ચુંટાયા છે?

છોકરો—સાહેબ, તમે શું પૂછો છો તે હું સમજી શકતો નથી. તેઓને મુંબઇનાજ લોકે મત આપી. મ્યુનિસિપાલિટિમાં મોકલાવ્યા છે.

શિક્ષકે જાણી લીધું કે, છોકરાઓ વૉર્ડ એટલે શું. તે જાણતા નથી. એટલે એ બાબત વર્ગને સમજાવી હોય તો ઠીક. એમ ધારી એક છોકરા પાસે મુંબઇનો નકશો મંગાવી, ભીંત ઉપર ટાંગ્યો. પછી વર્ગ તરફ ફરી બોલ્યા, આજે હું તમને જે સમજાવું છું તે ધ્યાનમાં રાખજો. એ જાણવું તમને જરૂરનું છે. જુઓ, આ મુંબઇનો નકશો છે. તે જુદા જુદા રંગે રંગેલો છે. ગણી કાઢો, એમાં રંગેલા ભાગો તમે કેટલા ગણી શકો છો?

એક છોકરો—સાહેબ, સાત ભાગો પાડી, તેને જુદા જુદા રંગ આપ્યા છે.

શિક્ષક—ખરી વાત. મ્યુનિસિપાલિટિએ શહેરને સાત વિભાગોમાં વહેંચી નાખ્યું છે, અને તેને **એ** વૉર્ડ, **બી** વૉર્ડ, **સી** વૉર્ડ, **ડી** વૉર્ડ, ઇ વૉર્ડ, **ઍફ** વૉર્ડ અને **જી** વૉર્ડ, એમ નામ આપ્યાં છે. નકશા તરફ જુઓ. હું જેટલા ભાગ ઉપર લાકડી ફેરવું છું, એટલો ભાગ **એ** વૉર્ડ કહેવાય છે. કોઇ કહી શકશો કે મેં લાકડી ફેરવી દેખાડેલી જગામાં, શહેરના કયા કયા ભાગો આવી જાય છે?

છોકરો—સાહેબ, કોલાબા, ઍપૉલો બંદર, કોટ, ચર્ચગેટથી મરીનલાઇન્સ સુધીનાં મેદાનો, અને બૅલાર્ડ પિયરથી કર્નાક બંદર સુધીનો બધો ભાગ તેમાં આવી જાય છે.

આ જવાબથી શિક્ષક ઘણા રાજી થઇ ગયા, અને બોલ્યા, તમને નકશો જોતાં ઘણો સારો આવડે છે. વર્ગના દરેક છોકરાએ, નકશા ઉપરથી, શહેરની જુદી જુદી જગાઓ કયાં કયાં આવી છે, તે જાણવું જોઇએ. જુઓ, હવે હું **બી** વૉર્ડ ઉપર લાકડી ફેરવું છું. કહો, એમાં શું શું આવ્યું છે?

આ સવાલનો જવાબ છોકરાઓ આપી શકયા નહિ; તેથી શિક્ષકે કહ્યું, કે આતો શહેરનો મોટો વેપારી વિભાગ છે. એમાં મોટી ગોદીઓ, મોટાં ગોડાઉનો, અને મોટાં વેપારી બજારો આવ્યાં છે. ચકલો, માંડવી, ઉમ્મરખાડી અને ડોંગરી, એ બધું આ વિભાગમાં આવ્યું છે.

હવે જુઓ, **સી** વૉર્ડ હું તમને દેખાડું છું. પણ એક વાત યાદ રાખજો, કે એમાં, અને બીજા વિભાગોમાં આવેલી જગાઓનાં ઘણાં ઘણાં નામો તમે સાંભળીને કદાચ અકળાઇ જશો, કે એ બધાં નામો યાદ કેમ રહે? પણ સાંભળો, એ વિભાગોમાં આવી જતી જુદી જુદી જગાઓનાં બધાંજ નામો, તમારે કવિતાની માફક ગોખી રાખવાનાં નથી. એકેક વિભાગનું એકેકું, પણ જાણીતી જગાનું નામ યાદ રાખશો, એટલે બસ. વારંવાર નકશો જોવાની ટેવ પાડશો તો, બધા વિભાગો અને તેમાં આવેલી જગાઓનાં નામ, તમને સહેલાઇથી આવડી જશે.

**સી** વૉર્ડમાં ધોબીતળાવ, મારકેટ, ફણસવાડી, ભૂલેશ્વર, કુંભારવાડા, અને ખારા તળાવના ભાગો આવ્યા છે.

ડી વૉર્ડ તો તમને ઘણી સહેલાઇથી યાદ રહી જશે. ગીરગામ, ખેતવાડી, ચોપાટી. વાલકેશ્વર અને મહાલક્ષ્મિના ઘણા જાણીતા ભાગો એમાં આવ્યા છે.

ઇ વૉર્ડમાં તારદેવ, ભાયખલા અને મજગામ વગેરે બીજા પણ થોડા ભાગો આવેલા છે.

પરેલ, દાદર, માટુંગા અને શીવ, વગેરે એફ વૉર્ડમાં આવ્યાં છે; તથા વરલીથી માહીમ સુધીનો પશ્ચિમ તરફનો બધો ભાગ, જી વૉર્ડમાં આવેલો છે.

છોકરાઓ, આજે મેં નકશો દેખાડી કહેલી વાત ધ્યાનમાં રાખજો. દર વખતે નકશો જોઇ, તે વાંચ્યા કરશો તો, તમને બહુ ફાયદો થશે. વળી બે ચાર વખત મુંબઇનો નકશો પાડી,

તેમાં લીટીઓ દોરી, જુદા જુદા વિભાગો કેવી રીતે આવ્યા છે તે દેખાડશો તો, તમને એ બાબત સહેલાઇથી આવડી જશે. હું ઇચ્છું છું, કે બધા છોકરા આવતી ભૂગોળની વારીએ, તમારી નોટ બુકમાં મુંબઇનો નકશો દોરી, તેમાં આ સાતે વિભાગો દેખાડી, જુદા જુદા રંગે રંગી લાવી મને દેખાડજો.

---

# પાઠ ૨૩ મો.

## ગવર્નમેંટ હાઉસ.

છોટાલાલ માસ્તર સરકારી શાળામાં ઘણાં વરસ સુધી શિક્ષકની નોકરી કર્યા પછી, ઘડપણને લીધે તે નોકરી છોડી, હવે પેન્શન મેળવી ઘેર બેઠા હતા. આનંદ ચૌદશનો તહેવાર હોવાથી, તે દિવસે બધી શાળાઓ બંધ હતી; તેથી તેઓ પોતાના દિકરાના ત્રણ નાના દિકરાઓને લઇ, દરિયા કિનારે ચોપાટી ફરવા આવ્યા હતા. સૅંડહર્સ્ટ રોડ ઉપર રહેતા હોવાથી, આડે દહાડે ચોપાટીને દરિયે આવવાનું તેઓને કંઇ ભારે ન હતું; પણ આજે તો લાખો માણસોની ભારે ઠઠ હોવાથી, આખો રસ્તો માણસોથી ઉભરાઇ જતો હતો. ભીડને લીધે તેઓને આગળ ચાલવાની જગા પણ મળતી નહોતી. હજારો નાના મોટા ગણપતિની મૂર્તિઓને, કોઇ ગાડીમાં, કોઇ પાલખીમાં, તો કોઇ માથે મૂકી; વાજાં, ઢોલ, તાસાં અને પીપુડીઓ સાથે, વાજતે ગાજતે દરિયા કિનારે લઇ જતા હતા. ગાડી ઘોડા અને

મોટર ગાડીઓનો વહેવાર તો તદ્દન બંધજ હતો. આખે રસ્તે પોલીસનાં સંખ્યાબંધ માણસો બંદોબસ્ત જાળવી રહ્યાં હતાં. બહુ મુશ્કેલીથી જેમ તેમ કરતાં, તેઓ ચોપાટીના મોટા સૅંડહર્સ્ટ પુલ ઉપર થઇ, કિનારે રેતીમાં આવી બેઠા. આજે કિનારા ઉપર પણ બહુજ ભારે ઠઠ હતી, અને ઘણી ઘણી મંડળીઓ છમછમીયાં વગાડી, ગીતો ગાતી, મૂર્તિઓને પાણીમાં ડૂબાડતી. આવડું મોટું સરઘસ, અને આવા દેખાવો, મુંબઇમાં બીજા તહેવારો ઉપર જવલ્લેજ જોવામાં આવે છે.

સૂર્ય અસ્ત પામી ગયો હતો, ને રાત પડવાની શરૂઆત થઇ હતી. છેક સાંજ પડી ગઇ હતી, તેથી માસ્તર દિકરાઓ સાથે ઘેર જવાની તૈયારીમાં હતા. એટલામાં મલબાર હીલ ઉપરના છેડેના ભાગ ઉપર, બાબુની નજરે એક મોટી લાલ બત્તી ઉપર પડી. તેણે તુરત પૂછયું, દાદાજી, પેલી સામે મોટી લાલ બત્તી શા માટે છે? જુઓ, એ કેવી ઝગમગી રહી છે?

છોટાલાલ પોતે શિક્ષક હોવાથી, નાનાં બાળકોને નવી નવી વાતો સમજાવવામાં બહુ રસ લેતા, અને તેમના પૂછેલા સવાલો, બાળકો બરાબર સમજી શકે એવી રીતે કહેવામાં આનંદ પામતા. તેમણે કહ્યું, બાબુ, આ સામી મલબાર હીલ છે. તેના છેક છેડા ઉપર જમીનની અણીવાળો ભાગ છે, તેને મલબાર પૉઇંટ કહે છે. એની પેલી બાજુએ પણ દરિયોજ આવ્યો છે. તું આગળ જતાં શીખશે, કે જમીનનો ભાગ અણીવાળો થઇ પાણીમાં ગયો હોય, એવા જમીનના ભાગને ભૂશીર કહે છે. પેલો સામે કોલાબાની જમીનનો છેડો દેખાય છે, એને પણ

કોલાબા પૉઇંટ કહે છે. મુંબઇના નકશામાં એવી બીજી પૉઇંટો તારા જોવામાં આવે, તે તું ઘેર જઇ મને દેખાડજે.

આ મલબાર પૉઇંટ ઉપર આપણા ગવર્નર સાહેબ રહે છે. એમના રહેવાના મકાનને ગવર્નમેંટ હાઉસ કહે છે. એ અહીં હમણાં થોડાં વરસ થયાં નવું બાંધવામાં આવેલું છે. એ બાંધ્યું તેની અગાઉ, મુંબઇના ગવર્નરો, પરેલ તરફ આવેલું એક મોટું સુંદર મકાન છે તેમાં રહેતા. હવે એ મકાન ખાલી પડતાં, ત્યાં મોટી સરકારી "લૅબોરેટરી" બનાવી છે. તેમાં અનેક જાતનાં દુ:ખ દરદોની રસી બનાવવામાં આવે છે, અને જુદી જુદી જાતના રોગો માટે, નવા નવા ઉપાયોની શોધખોળ ચલાવે છે.

બાબુ—દાદાજી, તમે મુંબઈના ગવર્નરો માટે બોલ્યા. તો શું મુંબઈમાં ઘણા ગવર્નર સાહેબો રહેતા હશે ?

દાદાજી હસી પડયા અને બોલ્યા, બાબુ, મુંબઇ શહેર અને આખા ઇલાકા માટે એકજ ગવર્નર હોય છે. પણ તેઓ દરેક પાંચ પાંચ વરસે બદલાય છે. હું તારા જેવડો નાનો હતો, ત્યારથી આજસુધીમાં, મેં દસ બાર ગવર્નર સાહેબોને આવી ગએલા જોયા છે. આપણા નામદાર શહેનશાહ, વાઇસરૉય અને ગવર્નરોની નીમણુક કરે છે. તેઓ આપણા દેશમાં આવી, પાંચ વરસ અધિકાર ચલાવી, પાછા પોતાને વતન જાય છે, અને તેમની જગા ઉપર નવા માણસો નીમાય છે. એવી રીતે દર પાંચ પાંચ વરસે, નવા નવા વાઇસરૉય અને ગવર્નરો બદલાયા કરે છે.

પરેલનું જુનું ગવર્નમેંટ હાઉસ પણ, આપણું શહેર અંગ્રેજોના તાબામાં આવ્યા પછી ઘણે વરસે બાંધ્યું હતું. તે અગાઉના ગવર્નરો કોટમાં રહેતા. મ્યુઝિયમથી ટાઉન હૉલને રસ્તે ટ્રામગાડી દોડે છે, એ રસ્તા ઉપર અંગ્રેજોનું એક દેવળ છે, તેની નજીકમાં હૉર્નબી હાઉસ નામે એક અગાઉના વખતનું મકાન છે. એ મકાનમાં ઘણા વરસો સુધી ગ્રેટ વેસ્ટર્ન હૉટેલ નામનું એક જાણીતું હૉટેલ હતું. તે ઍડમીરલ્ટી હાઉસ અને સૅક્રેટેરિયત ઑફીસ તરીકે વપરાતું હતું, અને તેની નજીકમાં ઍપોલો સ્ટ્રીટમાં ફૉર્ટ હાઉસ હતું, જ્યાં હમણા સરદાર પૅલેસ બીલ્ડીંગ આવેલી છે. તેમાં મુંબઇના ગવર્નરો રહેતા હતા.

ઘણાં વરસો અગાઉ નામદાર શહેનશાહ ઍડવર્ડ સાતમા, પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે ઓળખાતા હતા, તે અરસામાં નામદાર મહારાણી વિકટોરિયાએ એમને આપણા દેશમાં મોકલ્યા હતા. મુંબઇમાં એઓ જેટલો વખત રહ્યા હતા, તેટલો વખત એમના ઉતારાની સઘળી ગોઠવણ, પરેલના ગવર્નમેંટ હાઉસમાં કરવામાં આવી હતી.

બાબુ—પણ દાદાજી, આ મોટી લાલ બત્તી શા માટે અહીં રાખે છે?

દાદાજી—આપણા ગવર્નર સાહેબ કાંઇ આખું વરસ મુંબઇમાં રહેતા નથી. મુંબઇમાં ગરમીના દિવસોમાં ઘણી ગરમી પડે છે, તેથી માર્ચ, એપ્રીલ અને મે મહિનાઓમા તેઓ મહાબ્લેશ્વર રહે છે. એ મથક પહાડોના ઉંચાણમાં આવેલું

હોવાથી, ત્યાં ગરમીની ૠતુમાં પણ સારી ઠંડક રહે છે. ચોમાસામાં તો એ પહાડો ઉપર બહુજ ભારે વરસાદ પડે છે, એટલે તેઓને ત્યાં રહેવું ઠીક લાગતું નથી. તેથી ચોમાસામાં તો, તેઓ પુનાની પાસે ખડકી નામે ગામ આગળ, ગણેશખીંડના મહેલમાં જઇ રહે છે. માત્ર ઠંડીના ત્રણ ચાર મહિનાજ તેઓ મુંબઇમાં રહે છે.

ગવર્નર સાહેબનો મુકામ મુંબઇમાં છે કે નહિ, તે દેખાડવા માટે બે જાતની નિશાની રાખી છે. ગવર્નર મુંબઇમાં રહેતા હોય, ત્યારે દિવસની વખતે એક વાવટો ઉડતો રાખવામાં આવે છે. રાતના અંધારામાં તો તે વાવટો જોઇ શકાય નહિ, માટે આ મોટી લાલ બત્તી રાખે છે. બાબુ, હવે તું સમજ્યો કે?

બાબુ—હા દાદાજી, આજે તમારી વાતો સાંભળી મને ઘણી મઝા પડી, અને વળી તે સાથે ઘણું નવું નવું શીખવાનું મળ્યું.

દાદાજી—ઠીક. ચાલો, છોકરાં. રાત પડી જાય છે માટે હવે ઉતાવળા ઘેર જઇએ.

---

# પાઠ ૨૪ મો.

## મુંબઇની જુદી જુદી કોમોનાં ધર્મસ્થળો.

એક દહાડો નિશાળમાં પાઠ પુરા થઇ રહ્યા છતાં, છુટ્ટીની વેળાને અર્ધા કલાકની વાર હતી. શિક્ષકે જોયું, કે છોકરાઓ

વગર કામે નકામા બેસી, વાતો કરી ઘોંઘાટ કરી મૂકશે, અને કોઈક તો વળી અટકચાળાં પણ કરશે, માટે એમનાં મન કોઈ બાબતમાં રોકેલાં રાખ્યાં હોય તો ઠીક; એવું વિચારી વર્ગને કહ્યું, છોકરાઓ, આજે હું તમને થોડાક સવાલો પૂછું છું. જોઉં, કોણ કોણ હોશિયારીથી જવાબ આપે છે.

છોકરાઓ શાંત થઈ ગયા, અને શિક્ષક શું સવાલ પૂછે છે, તે માટે ધ્યાન દઈ તેમના તરફ જોવા લાગ્યા.

શિક્ષક—આપણા શહેરમાં ઘણી ઘણી કોમોના લોકો વસે છે. થોડીક મુખ્ય કોમોનાં નામ બોલો જોઈએ.

છગન—સાહેબ, હિંદુ, મુસલમાન, પારસી અને અંગ્રેજ.

શિક્ષક—ઘણી ઘણી કોમના લોકો જોવામાં આવે છે; પણ આ ચાર મુખ્ય કોમનાં નામ આપ્યાં, એ ઠીક છે. હવે હિંદુ કોમની વસ્તી, એ બધામાં ઘણીજ મોટી હોવાથી, એમનાં ધર્મસ્થળો પણ ઘણી મોટી સંખ્યામાં, ઠેર ઠેર જોવામાં આવે છે. કોઈ છોકરો એ વિષે કાંઈ થોડું ઘણું જાણતો હોય, તો વર્ગને સમજાવી શકશે?

હરીભાઈ—સાહેબ, હિંદુઓની થોડીક ધર્મની જગાઓ વિષે હું જાણું છું. આજ રાત્રે, ગોવાળીઆ તળાવ આગળ આવેલા લક્ષ્મિનારાયણના મંદિરની જાત્રા ભરાશે, તે જોવા હું જવાનો છું. એ મંદિર શેઠ ગોકળદાસ તેજપાલે બંધાવ્યું છે. અગાઉ ત્યાં આગળ ગોવાળીઆ તળાવ નામનું મોટું તળાવ હતું; તેની પાડોશમાં, ટેકરીના ચઢાણવાળા ભાગ ઉપર એ આવેલું છે. હાલ


તો એ તળાવ પુરી નાંખી, ત્યાં મેદાન બનાવ્યું છે. અગાઉના વખતમાં ગોવાળો, એની આસપાસની જગાઓ ઉપર, ગાય–ભેંસો ચરાવતા હશે, એ ઉપરથી એનું નામ ગોવાળીઆ તળાવ પડયું હશે. અહીં ઘણા દિવસ સુધી જાત્રા ભરાય છે, અને એક દિવસ આતશબાજી ફોડે છે.

રામજી—સાહેબ, ખંબાલા હીલ ઉપર વૉર્ડન રોડને નાકે, હિંદુઓની માનીતી માતા મહાલક્ષ્મિનું મોટું મંદિર આવેલું છે; ત્યાં પણ દર વરસે નવરાત્રિની જાત્રા ભરાય છે.


શંકર—સાહેબ, વાલકેશ્વર ઉપર મહાદેવનું મંદિર, અને તેની સાથે બાણગંગાનું તળાવ, મેં જોયું છે. શ્રાવણ મહિનામાં ત્યાં જાત્રા ભરાય છે.

રામજી—સાહેબ, ચોપાટી આગળ હંગીંગ ગાર્ડન્સના નીચાણમાં, ડુંગરવાળા ભાગ ઉપર, બાબુલનાથનું ઘણું જાણીતું મોટું મંદિર આવ્યું છે. એ મંદિરે જતાં, ઘણાંક પત્થરના પગથીયાં ચઢવાં પડે છે. શ્રાવણ મહિનામાં, દર સોમવારે, અહીં ઘીની પુજા થાય છે, અને એ માટે તો આપણી નિશાળમાં, અર્ધા દિવસની રજા પણ આપવામાં આવે છે.

શંભુ—સાહેબ ભુલેશ્વરમાં મહાદેવનું મોટું મંદિર છે. એ ઉપરાંત વૈષ્ણવોનાં બીજાં ઘણા મંદિરો છે; તે બધામાં ગોકુળનાથજીનું, અને માધવબાગના શ્રી લક્ષ્મિનારાયણનું મંદિર ઘણું વખણાય છે. બીજું મોટું મુંબાદેવીનું મંદિર છે. એ દેવીના નામ ઉપરથી તો આપણા શહેરનું નામ મુંબઇ પડયું




મ્યુનિસિપાલ ઑફીસ.



મહારાણીજી વિક્ટોરિયાનું પુતળું.



રાજાબાઇ ટાવર.



મુંબઇમાં અગાઉ બળદના રેંકડાઓ
ભાડે ફરતા હતા.

છે. આ મંદિર તો એ જગા ઉપર પાછળથી નવું બાંધેલું છે. અગાઉ તે બોરીબંદરના સ્ટેશનવાળી જગા ઉપર હતું; પણ ત્યાં કોટના બચાવ માટે કિલ્લો અને દિવાલ બાંધવાની હતી, તે માટે એને એ જગા ઉપરથી ખસેડવામાં આવ્યું હતું. કાલકાદેવીનું મંદિર પણ જાણીતું છે. એના ઉપરથી તો એ જે રસ્તા ઉપર આવેલું છે, તેનું નામ કાલબાદેવી રોડ આપેલું છે.

ગુલાબચંદ—સાહેબ, પાયધોણી અને ભીંડીબજાર જવાના રસ્તા ઉપર, અમારા જૈનોનાં ઘણાંક મંદિરો આવેલાં છે.

લક્ષમણ—સાહેબ, એ ઉપરાંત માહીમમાં પ્રભાદેવીનું ઘણા આગલા વખતનું જાણીતું દહેરૂં છે. વળી કિવન્સરોડ ઉપર હિંદુઓની મોટી સ્મશાન ભૂમિ આવી છે. એને માટે કહે છે, કે અગાઉ એ જગા "નાનાશંકર શેઠની વાડી" હતી; અને નાનાશંકર શેઠે એ વાડી, હિંદુઓના સ્મશાન તરિકે વાપરવા માટે, ભેટ તરિકે આપી હતી.

શિક્ષક—આપણે હિંદુઓનાં ધર્મસ્થળો માટે ઠીક જાણ્યું. અબદુલ, તું કાંઈ મુસલમાનોનાં એવાં સ્થળો વિષે જાણતો હોય તો કહેશે?

અબદુલ—સાહેબ, શેખ મેમણ સ્ટ્રીટમાં આવેલી, મોટી જુમા મસજીદ ઘણી જાણીતી છે. બીજી મોટી જકરિયા મસજીદ માંડવી ઉપર આવેલી છે. મેમણવાડામાં ઇસ્માયલ હબીબ મસજીદ છે. પાયધોણીથી ભીંડીબજાર તરફ જવાના ટ્રામના રસ્તા ઉપર, મોટી મિનાર મસજીદ આવે છે. એ ઉપરાંત નાની મોટી મસજીદો

અને દરગાઓ, મુંબઇમાં ઘણે ઠેકાણે આવેલી છે. માહીમમાં આવેલી, અમારા પીર સાહેબની દરગા, તો ઘણીજ જાણીતી છે. દર વરસે ત્યાં મોટો ઉરસ ભરાય છે. વળી વરલી આગળ, પીર હાજી અલી અને મામા હાજીઆનીની દરગાઓ ઘણી જાણીતી છે. ધોબીતળાવ ઉપર, ક્વિન્સ રોડને રસ્તે, મરીનલાઇન્સ અને ચર્નીરોડનાં સ્ટેશનોની વચમાં, સોનાપુરનું કબ્રસ્તાન આવેલું છે. એવાં બીજાં કબ્રસ્તાનો શહેરમાં જુદે જુદે ઠેકાણે પણ આવેલાં છે.

શિક્ષક—અબદુલ, તું બહુ સારૂં જાણે છે. તારા જવાબથી હું ખુશી થયો છું. રૂસતમ, હવે તમે કાંઇ તમારા પારસીઓનાં સ્થળો વિષે કહી શકશો?

રૂસતમ—સાહેબ, મુંબઇમાં ચાર મોટાં આતશબેહરામો આવેલાં છે. એ બધાં ધોબીતળાવથી ગીરગામ સુધીનાજ ભાગમાં આવેલાં છે. સૌથી જુનું, દાદીશેઠનું આતશબેહરામ, ફણસવાડી આગળ છે. બીજાં બે આતશબેહરામો, એક વાડીઆજીનું અને બીજું અન્જુમનનું, એમ બંને નજીક નજીકમાંજ, ધોબીતળાવ ઉપર આવેલાં છે. ચોથું, જે બનાજીના આતશબેહરામને નામે ઓળખાય છે, તે ઠાકોરદ્વારથી ક્વિન્સરોડ ઉપર જતાં, ચર્નીરોડના સ્ટેશન આગળ આવેલું છે. વળી અમારી નાની મોટી અગીયારીઓ તો શહેરમાં ઘણી જગાએ આવેલી છે; જેમાં કોટમાં હૉર્નબીરોડ ઉપર આવેલી દાદીશેઠની મોટી અગીયારી ઘણી જાણીતી છે. વળી જેમ હિંદુઓનાં સ્મશાન અને મુસલમાનોનાં કબ્રસ્તાન છે, તેમ અમારા પારસીઓનાં દોખમાં

છે. એ દોખમાં મલબાર હીલ ઉપર છેક ઉંચાણમાં બાંધેલાં છે. એની જગા ઘણી મોટી છે, અને તેને સુંદર બાગ બગીચાથી ઘણી રળિયામણી બનાવેલી છે. એ જગા ઉપરથી, શહેરના મોટા ભાગનો દેખાવ, બહુ સારો દેખાય છે. પારસી પંચાયતની ઑફીસમાંથી પરવાનગી લઇ, ઘણા બીજી કોમોના લોકો પણ એ જગા જોવા આવે છે; તેમને કેટલાક ભાગો ઉપર ફેરવી, બધી રીતની સમજણ આપવામાં આવે છે. એવી રીતે યુરોપ અને અમેરિકાના ઘણા પ્રવાસીઓ, એ જગા ફરી જોઇ ગએલા છે.

શિક્ષક—છોકરાઓ, આજે આપણે હિંદુ, મુસલમાન અને પારસી કોમોનાં ધર્મસ્થળો વિષે સારી વાતો જાણી. આ ઉપરાંત મુંબઇમાં યુરોપીઅનો, ખ્રીસ્તિઓ, અને યાહુદીઓનાં પણ દેવળો અને કબ્રસ્તાનો ઘણાં છે, પણ હવે વખત પુરો થઇ જવાથી આપણે અહીંજ થોભીશું.

---

# પાઠ ૨૫ મો.

## મુંબઇની ઉત્તરે આવેલાં પરાંઓ.

મુંબઇના ઘણા મોટા વેપાર ઉદ્યોગને લીધે, અને મીલો અને કારખાનાઓ, ગોદીઓ અને રેલ્વેઓમાં રોજ થતાં બહોળાં કામકાજોથી, આ શહેર લાખો માણસોની રોજીનું સાધન થઇ પડયું. દેશની અંદરના બીજા ભાગોના લોકોને, પોતાના ગામોમાં પુરતો કામ ધંધો નહિ મળવાથી, મોટી સંખ્યામાં તેઓ આ શહેરમાં આવી રહ્યા.

એકતો શહેરનો વિસ્તાર નાનો, અને વસ્તી ઘણી મોટી, તેમાં વળી માણસો પોતાના કામધંધાની નજીકમાં રહેવાનું વધારે પસંદ કરતા હોવાથી, શહેરના કેટલાક ભાગો, ઘણાજ ગીચ વસ્તીવાળા થઈ પડયા. તે સાથે કેટલીક નાની સાંકડી શેરીઓમાં, પાંચ છ માળનાં ઉંચાં ઘરો, એક બીજાની અડોઅડ બંધાયાં; એટલે તેમાં વસનારાઓને પુરતી હવા ઉજાશ મળી શકતી નહિ.

આ સ્થીતિમાં, ભોગજોગે કોઈ વેળા શહેરમાં કોઈ રોગ ફાટી નીકળતો, તો ઘણી મોટી સંખ્યામાં માણસો તેનો ભોગ થઈ પડતાં. થોડાંક વરસો ઉપર, આ શહેરમાં એક બહુ ભયંકર રોગ ફેલાયો હતો. એને સૌ મરકીનો રોગ કહેતા. માંડવી, કે જે, તે વેળા ઘણોજ ગીચ વસ્તીવાળો ભાગ ગણાતો, ત્યાંથી એ રોગ પહેલો શરૂ થયો હતો. હજારો માણસો ટપોટપ મરવા લાગ્યાં. આખા શહેરમાં બહુજ ગભરાટ ફેલાઈ રહ્યો. લોકો મોટી સંખ્યામાં. એ રોગની બીકના માર્યા એથી બચવા. પોત પોતાને ગામ નાસવા લાગ્યા. કામધંધા બંધ જેવા થઈ ગયા. રસ્તાઓ તથા મહોલ્લાઓ જાણે ઉજ્જડ જેવા થઈ પડયા. એ વખતે મ્યુનિસિપાલિટિએ, આ રોગને મારી હઠાવવા, લાખો રૂપિયાનો ભારે ખરચ કરી, બહુજ પ્રયત્નો કર્યા હતા. રોગ ઘણો ત્રાસ ફેલાવી, થોડેક વખતે નરમ પડે ખરો; પણ હર વરસે પાછો ને પાછો ઉભરી નીકળે. આથી સરકારે અને મ્યુનિસિપાલિટિએ, શહેરની ગીચ વસ્તી ઓછી કરવાના ઇલાજો યોજ્યા. એ માટે બૉમ્બે સીટિ ઇમપ્રુવમેંટ ટ્રસ્ટ, અને ડેવલપમેંટ ડીપાર્ટમેંટ નામનાં મંડળ સ્થાપ્યાં.

શહેરની ઉત્તરે, શાષ્ટિ જીલ્લામાં પડતર જગાઓ હતી, તે સુધારી, લોકોને ત્યાં જઇ રહેવા સમજાવ્યા. પછી જી. આઇ. પી. લાઇન ઉપર ઘાટકોપર, અને બી. બી. ઍન્ડ સી. આઇ. લાઇન ઉપર સાન્તાક્રુઝ, વીલેપારલા, અંધેરી અને બોરીવલી, વગેરે સ્થળો ઉપર, ઘણા લોકો જઇ રહેવા લાગ્યા. પહેલાં તો લોકો રોગ ફેલાતાં, થોડોક વખત એવી જગાઓ ઉપર જઇ રહી, પાછા મુંબઇમાંજ આવી રહેતા; પણ વખત જતાં, ખુલ્લાં હવાપાણીમાં મોકળાશથી રહેવાના ફાયદા તેઓ સમજતા થયા; એટલે હવે તો ઘણા લોકો હંમેશનાજ ત્યાં નાના મોટા બાગ સાથેના બંગલાઓ બંધાવી, રહેવા માંડયા છે.

વાંદરા અને સાન્તાક્રુઝની વચ્ચે મોટી પડતર જમીન હતી. તેને સુધારી, ત્યાં નાના મોટા બાગ સાથેના બંગલાઓ બંધાવી, તેમાં લોકો રહે છે. તેમની સગવડને માટે ખાર નામનું નવું સ્ટેશન બાંધ્યું છે, નવા નવા રસ્તાઓ, લાઇટ અને પાણી વગેરેની સગવડો થઇ ગઇ છે. આજે ત્યાં એક શહેર જેવું તમને લાગશે. એકાદ દિવસે એ તરફ તમે ફરી આવશો, તો થોડાંક વરસ ઉપર, એ તદ્દન ઉજ્જડ પડતર જગા હતી, એવો ખ્યાલ પણ તમને આવશે નહિ.

બીજું એજ લાઇન ઉપર નવું સ્ટેશન જોગેશ્વરીનું બંધાયું છે. રેલ્વે લાઇનની પૂર્વ બાજુમાં હિંદુઓની અને પશ્ચિમ બાજુમાં પારસીઓની મોટી વસ્તી થઇ ગઇ છે. સ્ટેશનથી નજીકમાંજ, જોગેશ્વરીની જાણીતી ગુફા છે. કોઇ દિવસ એ તરફ ફરતા ફરતા જઇ જરૂર જોઇ આવજો.

આખા દિવસમાં બોરીવલી સુધી ઘણી લોકલ ગાડીઓ દોડે છે. એ બધી હંમેશાં લોકોથી ભરેલીજ આવજા કરે છે. એજ બતાવી આપે છે, કે મોટી સંખ્યામાં લોકો પરાંઓમાં રહે છે. થોડીક ગાડીઓ વીરાર સુધી જાય છે. વસાઇ અને વીરારથી આપણા શહેરમાં દૂધ, માવો, શાકભાજી અને ફ્રુટ, વગેરે મોટા જથ્થામાં રોજ આવે છે.

જી. આઇ. પી. લાઇન ઉપર કુરલા, ચીમોર, ટ્રોમ્બે, ઘાટકોપર, કીરોલ અને ભાંડુપ, વગેરે અગાઉ બહુ જુજ વસ્તીવાળાં નાનાં ગામડાંઓ હતાં. આજે કુરલા અને ઘાટકોપર મોટી વસ્તીવાળાં થઇ પડવાથી, તેઓને નાનાં ગામડાંઓ નહિ, પણ મોટા કસ્બા કહી શકાય ખરા. એ લાઇન ઉપર થાણા તો પહેલાંથીજ મોટાં શહેર તરિકે જાણીતું હતું. કલ્યાણ સુધી હાલ લોકલ ગાડીઓ દોડે છે.

વાંદરા, કુરલા, ઘાટકોપર, કીરોલ અને થાણા વગેરે સ્થળોએ મ્યુનિસિપાલ કારોબાર ચાલે છે. એ ઉપરાંત બીજાં સ્થળોએ, લોકલ બોર્ડ સ્થાપી છે. એ બધાં પરાંઓને મુંબઇની માફકજ, પાણીની સગવડો મળેલી છે.

હજી પણ શહેર અને પરાંઓના સુધારાની યોજનાઓ ચાલુજ છે. જુદે જુદે ઠેકાણે, નવી નવી જમીનો સુધારી, લોકોના વસવાટને લાયકની બનાવે છે. હજી થોડાંક વરસ પછી, નવી નવી જગાઓ ઉપર, લોકો મકાનો બાંધી તેમાં વસેલા તમે જોશો.

શહેરના માંહેલા ભાગોમાં પણ ઇમપ્રુવમેંટ ટ્રસ્ટે બહુ મોટા સુધારા કર્યાં છે. નાની ગીચ ગલીઓમાં આવેલાં ઘરો તોડી પાડી, ઘણા પહોળા નવા રસ્તાઓ બનાવી દીધા છે. મોટા લૅમીંગ્ટન રોડ અને નવો સૅંડહર્સ્ટ રોડ જુઓ. તમારા કુટુંબના કોઇ વડીલ હોય, તેને પૂછી જો જો, કે અગાઉ ત્યાં શું હતું, અને આજે એ કેવા પહોળા, મોટાં રોનકદાર મકાનો સાથેના શહેરને શોભાવે તેવા રસ્તાઓ થઇ પડયા છે।

ભીંડી બજારથી સર જે. જે. હૉસ્પીટાલ, ભાયખલા, લાલબાગ, પરેલ, દાદર અને માટુંગા તરફ જતો, નવો પહોળો ફાંકડો રસ્તો જુઓ. અગાઉ એ રસ્તાઓ કેવા સાંકડા, અગવડભર્યા, વાંકાચુકા અને ખરાબ હાલતમાં હતા, તેનો ખ્યાલ તમને નજ આવે.

મજગામ, રે રોડ, શીવરી અને ટાંક બંદર ઉપર, મોટા સારા સુધારાઓ કરવામાં આવેલા છે. વળી નાગપાડા, માંડવી, અને કોલીવાડા ઉપર પણ ઘણા સુધારા થઇ ગયા છે. મોટો હ્યુઝ રોડ અને ગામદેવી જરૂર એક વેળા ફરીને જો જો. ક્વિન્સ રોડ ઉપરના સ્મશાન આગળનો, ધોબીતળાવ ને કાલબાદેવી થઇ ક્રાફર્ડ મારકેટ સુધીનો નવો પ્રિન્સેસ સ્ટ્રીટ, જોવા લાયક છે.

વળી મુંબઇના ગરીબ અને કામદાર વર્ગોના લોકને રહેવાની, કેટલી બધી સગવડો પુરી પાડી છે, એ તો જેઓ નાયગામ, ડીલાઇલ રોડ, વરલી અને શીવરીની સંખ્યાબંધ, એક સરખી બાંધેલી નવી ચાલીઓ જુએ, તેનેજ ખબર પડે.

કોટમાં, ઇમપ્રુવમેંટ ટ્રસ્ટની પોતાની બાંધેલી એક મોટી બીલ્ડીંગમાં ઑફીસ આવેલી છે. એ જગા ખાસ જાણવા લાયક છે, કારણ કે, ત્યાંજ રસ્તાના મુખડા ઉપર, નામદાર મહારાણી વિકટોરિયાનું નકસીદાર, સુંદર મોટું પુતળું ઉભું કરેલું છે.

ચોપાટી અને મરીનલાઇન્સ આગળથી, કોલાબાના છેક છેડા સુધીનો દરિયાનો કેટલોક ભાગ પુરવાનું કામ ચાલે છે. તેથી થોડાંક વરસમાં તો, ત્યાં મોટા વિસ્તારવાળી નવી જમીન બનીને લોકોના વપરાશમાં આવશે. એ આખી યોજના પુરી થઇ રહેશે, ત્યારે તો શહેરના છેક દક્ષિણ છેડાનું સ્વરૂપ તદ્દનજ ફેરવાઇ જશે.

---

# પાઠ ૨૬ મો.

## શહેરની નજીક જોવા લાયક જગાઓ.

આજે ભૂગોળનો વિષય હોવાથી, શિક્ષકે વર્ગમાં મુંબઇનો નકશો મંગાવી ભીંતે ટાંગ્યો. પછી તેઓ વર્ગ તરફ ફરી બોલ્યા, છોકરાઓ, એમ સમજો, કે તમને થોડાક દિવસની નિશાળમાં છુટ્ટી મળી છે, અને તમારે ત્યાં તમારા ગામના કોઇ એક ઓળખીતા પરોણા થોડા દિવસને માટે આવ્યા છે. તેમને જુદી જુદી જગાઓ દેખાડવા તમારે ફેરવવા છે. તો બોલો જોઇએ, તમે તેમને કયાં કયાં લઇ જશો, અને શું શું જોવા લાયક બતાવશો?

લવજી—સાહેબ, હું તેમને પહેલાં વાંદરે લઇ જવા ધારૂં છું, કારણ કે એ બહુ નજીકમાં છે. રેલ્વે ટ્રેન, અથવા મોટરમાં બેસી, ત્યાં જઇ શકાય છે. માહીમથી, લેડી જમશેદજી રોડ ઉપરથી, ખાડી ઓળંગી વાંદરે જવાય છે. ત્યાં વાંદરાનું મોટું કસાઇખાનું આવેલું છે. ત્યાંથી આગળ દરિયા તરફ લઇ જાઉં તો, છેક છેડાના ભાગને, બેરામજી જીજીભાઇ પૉઇંટ કહે છે તે આવે છે. એ જગા ઉપર ફરવાનું બહુ આનંદકારી લાગે છે. ત્યાંથી ખાડી, તથા માહીમના કિનારાનો સુંદર દેખાવ, ખુલ્લો નજરે પડે છે. પછી હીલ ઉપર આવેલું મોટું દેવળ દેખાડીશ. એ "માઉન્ટ મેરી"નું દેવળ લોકોમાં ઘણું જાણીતું છે. ટેકરીના ઉંચાણ ઉપર હોવાથી, અને એના બે ટાવર જેવા ઉંચા અણીદાર મિનારાથી, એ દૂરથી ઝટ ઓળખાઇ આવે છે.

વાંદરા પહેલાં પોર્ટુગીઝોના હાથમાં હોવાથી, ત્યાં તે લોકોએ બીજાં ઘણાં દેવળો બંધાવેલાં છે. મુંબઇના ટાપુ અંગ્રેજોના હાથમાં આવ્યા પછી, ઘણે વરસે, શાષ્ઠિ જીલ્લો એમના તાબામાં આવ્યો હતો. આ પ્રમાણે તેઓને જગાઓ બતાવી, તે સંબંધીની માહીતી આપી, અમે બંને સાથે સ્ટેશન ઉપર જઇ, ત્યાંથી રેલ્વે ગાડીમાં બેસી પાછા ઘેર આવીશું.

નવલ—હું તો મારા પરોણાને જોગેશ્વરીની ગુફાઓ દેખાડવા લઇ જાઉં. પહેલાં તો અંધેરીના સ્ટેશને ઉતરી ગુફાઓ સુધી ચાલી જવું પડતું. હવે તો ઘણી સારી સગવડ થઇ ગઇ છે. પારસીઓની અને હિંદુઓની ત્યાં મોટી વસ્તી થઇ ગઇ છે અને જોગેશ્વરીનું નવું સ્ટેશન બાંધેલું છે. એ સ્ટેશનથી થોડીક

મિનિટમાં ગુફાઓ આગળ જવાય છે. એ ગુફાઓ ખરેખર જોવા લાયક છે.

ચમન—સાહેબ, જોગેશ્વરી કરતાં કૅનેરીની ગુફાઓ બહુ મોટી, અને જોવા લાયક છે. બોરીવલીના સ્ટેશને ઉતરી, ત્યાંથી ટાંગામાં બેસી, પાંચ છ માઇલ જવાનું છે. પછી પહાડના ચઢાણ ઉપર ચઢતાં એ ગુફાઓ આવે છે. અમે એ ગુફાઓ જોઇ આવ્યા છીએ.

છોટુ—એક વેળા હું મારા મોટા ભાઇ સાથે વસાઇનો કિલ્લો જોવા ગયો હતો. બી. બી. ઍન્ડ સી. આઇ. ની વીરાર લોકલ ગાડીમાં અમે બેઠા હતા. ભાઇંદરનું સ્ટેશન છોડતાં, વસાઇની મોટી ખાડી આવી. એ ઓળંગવા ઘણો લાંબો મોટો પુલ બાંધ્યો છે. એ પુલ પસાર કરી, થોડેક છેટે આગળ, બીજો પુલ આવે છે; પણ તે પહેલા જેટલો મોટો નથી. પછી વસાઇનું સ્ટેશન આવે છે. ત્યાંથી ગામ અને કિલ્લો, ચારેક માઇલ દૂર છે. ટાંગામાં બેસી ત્યાં જવાય છે.

વસાઇ બહુ લાંબો વખત પોર્ટુગીઝોને તાબે હતું, અને એ લોકની ત્યાં મોટી વસ્તી હતી. કિલ્લો, દેવળો, અને રોનકદાર મકાનોથી, એ શહેર તે વેળા બધાનું ધ્યાન ખેંચી રહ્યું હતું. પછી મરાઠાઓ સાથ લડાઇઓ થતાં, એ મરાઠાઓએ જીતી લીધું. પછી મરાઠાઓ સાથે અંગ્રેજોને લડાઇઓ થઇ. તેને પરિણામે, મરાઠાઓની સત્તા પડી ભાંગી, અને એ અંગ્રેજોના હાથમાં આવ્યું. એનાં ભાંગીતુટી હાલતમાં ખંડીએરો છે, તે હજી પણ જોવા જેવાં છે.

જાફર—સાહેબ, થોડા દિવસ અગાઉ, મારા બાપે નવી મોટરગાડી લીધી હતી; તેમાં અમે ગયા રવિવારે ફરવા નીકળ્યા હતા. ચોપાટીના મોટા પુલને રસ્તે, મલબાર હીલ ઉપર થઇ વરલી આવ્યા. ત્યાંથી માહીમ અને વાંદરે થઇ, જુહુના દરિયે આવ્યા. સાથે ખાવાનું પણ લઇ રાખ્યું હતું, એટલે ત્યાં થોડોક વખત થોભ્યા. પછી ત્યાંથી અંધેરી થઇ બોરીવલી આવ્યા. અહીંથી ચઢાણ ઉતરાણવાળે રસ્તે થઇ, ઘોડબંદરના ઉંચાણવાળા ભાગ ઉપર આવી જરા થોભ્યા. દરિયા જેવી મોટી ખાડી, તે ઉપરનો આગગાડીનો મોટો પુલ, અને દૂર વસાઇના છેડાવાળો કિલ્લાનો ભાગ, બહુજ સુંદર લાગતા. એ બાજુના કુદરતી રળિયામણા દેખાવો આંખને બહુ આનંદ આપે છે. ત્યાંથી અમારી ગાડી થાણે આવી. થાણા તો પહેલાંથીજ મોટું શહેર હતું. અહીં કિલ્લો અને જેલ છે. થાણાના કિલ્લામાં, એક વેળા પુનાના પેશ્વાના એક મોટા કારભારી ત્રીંબકજીને કેદ રાખ્યો હતો. તેની ચોકી માટે ગોરા લશ્કરનાં માણસો રાખ્યાં હતાં; છતાં એ ત્રીંબકજી ત્યાંથી નાસી છુટયો હતો, એ વાત જાણવા જેવી છે. કહે છે કે એના મિત્રો, એને નસાડી લઇ જવા માટે, થોડેક દૂર ઘોડાઓ સાથ તૈયાર હતા; પણ એ વાત કિલ્લામાં કેદ પડેલો ત્રીંબકજી કેમ જાણે? એટલા માટે એક દેશી ઘોડાવાળો, જાણે ઘોડાની ચાકરી કરતો હોય, એમ એની કોટડીની આગળ ગીત ગાયાં કરતો. દેશી ભાષામાં ગવાતાં ગીતનો ભાવાર્થ અંગ્રેજો કાંઇ સમજી શકયા નહિ. ત્રીંબકજી પોતાની કોટડીમાં બેઠો બેઠો, એને નસાડી લઇ જવા માટે શું શું ગોઠવણો કરી રાખી હતી, એ બધું સમજી ગયો, અને

એનો લાભ તેણે લઇ લીધો.

થાણેથી ભાંડુપ, અને ઘાટકોપર થઇ, અમે કુરલે આવ્યા; અને દાદર તથા પરેલને મોટે રસ્તે થઇ, ઘેર પહોચ્યા. એ મોટું છેટું મોટરગાડીમાં ફરવાની બહુ મઝા પડી.

હુસન—સાહેબ, અમે વિહારનું મોટું તળાવ જોવા ગયા હતા. જી. આઇ. પી. રેલ્વેના ભાંડુપના સ્ટેશનેથી ત્યાં જવાય છે. ત્યાં ઘણા અંગ્રેજોની નાની મોટી ટોળકીઓ, ફરવા અને ખાણીપીણી સાથે શિકારની પણ મોજ ભોગવવા આવી હતી.

અદલ—ઘારાપુરીની ગુફાઓ ઘણી જોવા લાયક છે. અમારા એક ઓળખીતાની 'સ્ટીમ લૉંચ'માં, અમારૂં આખુ કુટુંબ, એ જોવા ગયું હતું. એ ગુફાઓ મુંબઇથી છ માઇલ દૂર, દરિયા વચ્ચે પહાડ ઉપર આવી છે. એમ કહે છે કે એ અસલ હિંદુ રાજાઓની રાજધાનીનું શહેર હતું. અગાઉના બ્રાહ્મણોએ, ધર્મની પુજા અને પોતાના રહેવાના મઠ માટે, એ બનાવી હતી. નક્કર પત્થરના પહાડમાંથી, મોટી મોટી મૂર્તિઓ, તથા થાંભલાઓ વગેરે કોતરી કાઢવામાં શું કળા વાપરી હશે, એ તો નજરે જોવાથીજ માલમ પડે. અમે તો ત્યાં આખો દિવસ રહ્યા હતા, અને બધે ફરીને જોયું હતું. વળી બીજા ઘણા લોકો ત્યાં આવ્યા હતા. નાની બંદર બોટો અને સ્ટીમરમાં પણ બેસી ત્યાં જવાય છે. દરરોજ કીલીક નીકસનની આગબોટ મુંબઇથી ઉપડી, ઉરન, ઘારાપુરી, નાવા અને ઉલવા જઇ, ત્યાંથી પાછી ફરે છે. દરિયામાં ફરવાની ગમત સાથે, બારાંનો અને દૂરથી શહેરનો

સુંદર દેખાવ જોવાની, સારી તક મળે છે. ઘણા લોકો, જેઓને દરિયાની ખુલ્લી ચોકખી હવામાં ફરવાનો શોખ હોય છે, તેઓ રવિવારે અથવા રજાના દિવસોમાં, આ આગબોટોમાં થોડે પૈસે, પાંચ છ કલાક દરિયામાં ફરવાની મઝા ભોગવે છે.

એટલામાં વિષયનો વખત પુરો થવાનો ઘંટ વાગ્યો. શિક્ષકે છોકરાઓને કહ્યું, આજે જુદા જુદા છોકરાઓએ, જુદી જુદી જગાઓ વિષે ઠીક વાત કરી. જે છોકરાઓ એ બધી જગાઓ ઉપર નહિ ફરી આવ્યા હોય, તેઓ કોઇ વેળા એમાંની થોડીક જગાઓ ફરીને જુએ તો સારૂં. ચોપડીઓમાં લખેલા પાઠો વાંચવા કરતાં, એવી જગાઓ ફરી નજરે જોવી, એ બહુ સારૂં છે. એથી ગમત સાથે ઘણું જ્ઞાન મળે છે.

---

# પાઠ ૨૭ મો.

## મુંબઇની નજીકમાં આવેલાં હવા ફેર બદલ કરવાનાં મથકો.

નિશાળની પરીક્ષા પુરી થઇ હતી, અને આવતી કાલથી ગરમીની લાંબી રજાઓ પડવાની હતી. આજે શિક્ષકને બીજું કાંઇ ઝાઝું કામ કરવાનું ન હતું, તેથી તેઓ છોકરાઓ સાથે વાતો કરતા હતા.

આખા વરસના ચાલુ અભ્યાસ પછી, નિશાળની રજાઓનો લાભ લઇ, ઘણાં મા બાપો પોતાનાં છોકરાંને, આશાએશ અને

હુવા ફેર બદલ કરવા માટે, મુંબઇથી દૂર પહાડી મથકો ઉપર, અથવા દરિયા કિનારે આવેલાં સ્થળોએ લઇ જાય છે.

આ વખતે **જમશેદ મહાબ-લેશ્વર** જવાનો હતો, તેથી ત્યાં જવાના આનંદમાં, બીજા છોકરાઓ સાથે, તે એ વિષેની વાતો કરતો હતો. શિક્ષકની નજર તેના ઉપર પડતાં તેમણે પૂછ્યું, કેમ ભાઇ જમશેદ, આજે તો તમે કાંઇ બહુ ખુશાલીમાં આવી ગએલા જણાઓ છો? શું વાતો ચાલી રહી છે?

**જમશેદ**—સાહેબ, હું **મહાબ-લેશ્વર** જવાનો છું, તે બાબતની વાત કરતો હતો. ગઇ રજામાં પણ હું ત્યાં જઇ આવ્યો હતો.

શિક્ષક—**મહાબ-લેશ્વર**, એ હવા ખાવાનું મોટું જાણીતું મથક છે. ગરમીના મહિનાઓમાં, મુંબઇના ગવર્નર સાહેબ પણ ત્યાંજ રહે છે. જી. આઇ. પી. રેલ્વેમાં, મુંબઇથી પુને જઇ, ત્યાંથી મોટર ગાડીમાં બેસી, **મહાબ-લેશ્વર** જવાય છે. પુનાથી એ પંચોતેર માઇલ દૂર છે. મોટર ગાડીને ત્યાં પહોંચતાં, અહીંથી ત્રણ કલાક જેટલો વખત લાગે છે. એ મથક, **પશ્ચિમ ઘાટના** પહાડોને મથાળે આવેલું હોવાથી, ગરમીના દિવસોમાં પણ ત્યાં સારી ઠંડક રહે છે. અહીં ઘણાં હૉટેલો અને બંગલાઓ છે. લોકોને ફરવા હરવા માટે ઘણી ઘણી સુંદર જગાઓ છે. પહાડો તથા ખીણોના દેખાવો, તે ઉપરની ભરચક ઝાડીઓના જુથથી, બહુજ રમણીય લાગે છે.

રામદાસ—સાહેબ, મહાબ-લેશ્વર તો બહુ દૂર કહેવાય, અને ત્યાં મોટા કુટુંબના ઘણા માણસો માટે જવા આવવાનો ભારે

ખર્ચ થાય. તેથી અમારા જેવાને તો ત્યાં જવું પરવડે નહિ; માટે મુંબઇની નજીકમાં, એવી કોઇ બીજી જગાઓ હોય, તો મહેરબાની કરીને કહેશો?

શિક્ષક—એવી એવી નજીક નજીકમાં બીજી જગાઓ ઘણી છે. માત્ર બે ત્રણ કલાકમાં, આગગાડીમાં બેસી, ત્યાં જઇ શકાય છે. મહાબળેશ્વર જતાંજ રસ્તામાં, મુંબઇથી દોઢેક કલાકમાં, નૅરલ નામનું સ્ટેશન આવે છે. ત્યાંથી એક બીજી નાની ગાડીમાં બેસી, માથેરાન જવાય છે. મધ્યમ સ્થીતિના લોકને, એ જગા એટલી તો સુગમ પડે છે, કે ચોમાસા સિવાય બીજા મહિનાઓમાં, ત્યાં લોકની મોટી આવજા થઇ રહે છે. એ જગા પહાડને મથાળે ગીચ ઝાડોથી ભરપૂર છે. નાની આગગાડી પહેલાં ન હતી, ત્યારે લોકો ઘોડે બેસી, કે પાલખીઓમાં બેસી ઉપર જતા.

મુંબઇની મોટી રેલ્વે ગાડી, આગળ જતાં પહાડની તળેટી આગળ આવી પહોંચે છે. ત્યાં કરજત નામનું સ્ટેશન આવેલું છે. અહીંથી ઘાટનું ચઢાણ શરૂ થાય છે. એકજ ઍંજીનથી ગાડી પહાડોનાં ચઢાણ ઉપર ચઢી શકે નહિ; માટે આગળ અને પાછળ એમ, ગાડીને બે ઍંજીન જોડે છે. વળી ગાડી માટે સળંગ રસ્તો કાઢવાને, કોઇ કોઇ પહાડોને તો વચમાંથી ફોડી કાઢી, બુગદાઓ બનાવ્યા છે, તેમાં થઇ ગાડીઓ પસાર થાય છે. કોઇ એક પહાડ ઉપરથી બીજા પહાડ ઉપર ગાડીને જતાં, વચમાં ઊંડી ખીણો આવેલી હોય, તો ત્યાં મોટા પુલો બાંધી, તે ઉપર થઇ ગાડીઓ લઇ જાય છે. બુગદાઓમાં બહુજ અંધારૂં રહેવાથી, દિવસના વખતે પણ ગાડીઓમાં દીવા સળગાવેલા રાખે છે.

એવી રીતે, પંદરેક માઇલનો પહાડી ચહાણુવાળો રસ્તો કાપી, ગાડી ખંડાળે આવે છે. ખંડાળા, પહાડના મથાળા ઉપર આવેલું છે. કરજતથી ખંડાળે આવતાં પહાડો, ખીણો, અને ત્યાંથી નજરે પડતાં છુટાં છવાયાં નાનાં ગામડાંઓનો દેખાવ બહુજ સુંદર લાગે છે. તેમાં વળી ચોમાસામાં તો, પહાડો ઉપરથી પાણીના ધોધવાઓ, અને ઝરણો, ખીણોમાં ધખધખ અવાજ કરી પડે છે તે, તથા ગાડીઓ, જાણે કે વાદળાંઓમાંથી પસાર થતી હોય એવું લાગે છે; તે બધા દેખાવ જોવાની ઘણી રમુજ પડે છે, અને જ્યાં જુઓ ત્યાં લીલોતરી લીલોતરીજ નજરે પડે છે. ખંડાળાથી ત્રણ માઇલ દૂર જતાં લાનોલી આવે છે. એ બંને હવાખાવાનાં મથકો છે.

લાનોલીથી ચાળીસ માઇલ દૂર આગળ જતાં, રળિયામણું પેશ્વાઓનું પુના શહેર આવે છે. એની સુંદરતા, અને સારાં હવા પાણીને માટે, એને 'દક્ખણની રાણી'ની ઉપમા આપેલી છે. ચોમાસામાં મુંબઇના ગવર્નર અહીં ગણેશખીંડના મહેલમાં રહે છે.

વળી જી. આઇ. પી. ની લાઇન, કલ્યાણીના સ્ટેશનથી, પુનાની લાઇનથી જુદી પડે છે. એ લાઇન ઉપર ઇગતપુરી, દેવલાલી, અને નાસિક છે, તે તો મુંબઇની નજીકમાંજ આવેલાં કહેવાય. એ ત્રણે હવાખાવાનાં મથકો છે. દેવલાલી તો ખાસ ગોરા લશ્કરનું મથક ગણાય છે. નાસિક તો હિંદુઓનું મોટું જાત્રાનું મથક છે. તેની પાસે ગોદાવરી નદી આવેલી છે. કહે છે કે રામ, સીતા અને લક્ષ્મણ, તેમના ચૌદ વરસના વનવાસ

વખતે પંચવટીમાં રહેલાં, એ જગા નાસિક આગળજ આવેલી છે. જેમ પુને જતાં કરજત આગળથી ઘાટનું ચઢાણુ શરૂ થાય છે, તેમ નાસિક જતાં કસારા નામે સ્ટેશન આવે છે, ત્યાંથી ઘાટનું ચઢાણુ શરૂ થાય છે. પુને જતાં ભોરઘાટ, અને નાસિક જતાં થળઘાટ ઉપરથી ગાડી પસાર થાય છે.

ફીરોઝ—સાહેબ, બધાજ લોકો કાંઇ મહાબ્લેશ્વર, પુના, ખંડાળા, લાનોલી, દેવલાલી, નાસિક અને માથેરાન જતા નથી. કોઇ કોઇ તો જાંહુબોરડી, તીથલ, ડુમસ, ભીમપોર અને હુજીરા, એવી એવી જગાએ પણ હવાખાવા જાય છે.

શિક્ષક—ખરી વાત છે. અત્યાર સુધી તો આપણે જી. આઇ. પી. લાઇન ઉપરનાંજ મથકોની વાત કરી. હવે હું તમને બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વેની લાઇન ઉપરનાં થોડાંક એવાં નજીકનાં મથકોની વાત કહું છું.

મુંબઇનાં પરાંમાંજ અંધેરીથી વરસોવા જવાય છે. એ દરિયાને કાંઠે આવેલું છે. ત્યાં પણ લોકોના ઘણા બંગલાઓ આવેલા છે, અને એ પણ હવા ફેર બદલ માટે સારૂં મથક ગણાય છે.

બેએક કલાકને રસ્તે દેહણું સ્ટેશન આવે છે. અહીં હમણાં હમણાં ઘણા લોકોએ દરિયાના કિનારા ઉપર બંગલાઓ બંધાવેલા છે, અને હવા ખાવા માટે, ગરમીના દિવસોમાં આવીને રહે છે. અહીંથી દશેક માઇલ દૂર, ગોલવડનું સ્ટેશન આવે છે. એ સ્ટેશને ઉતરી જાંહુબોરડી જવાય છે. અહીં પારસીઓની

'સૅનેટોરિયમ' અને ઘણા બંગલાઓ છે. એ જગા ઘણા વખતથી હવાખાવાના મથક તરિકે જાણીતી છે.

આગળ જતાં દમણનું સ્ટેશન આવે છે. પોર્ટુગીઝોના તાબામાં, હવે માત્ર દીવ, દમણ, અને ગોવા, એ ત્રણજ નાની જગાઓ રહી છે. દમણ દરિયાના કાંઠા ઉપર આવેલું છે. એની પડોશમાં, દેવકા નામે ગામ છે, ત્યાં બંગલાઓ બંધાવી લોકો હવાખાવા જાય છે.

જેમ નાસિક હિંદુઓનું યાત્રાનું સ્થળ છે, તેમ દમણની પાસે ઉદવાડા પારસીઓનું મોટું ધર્મસ્થળ છે. તેમાં પારસીઓનું મોટું પવિત્ર આતશબેહરામ આવેલું છે. વળી તે દરિયા કિનારા ઉપર આવેલું હોવાથી, ત્યાંનાં હવા પાણી સારાં છે.

આગળ જતાં વલસાડ આવે છે. એ સ્ટેશને ઉતરી તીથલ જવાય છે. તીથલમાં હવાફેર માટે 'સૅનેટોરિયમ' અને ઘણા બંગલાઓ છે. ત્યાંથી આગળ જતાં નવસારી આવે છે. તે ગાયકવાડ સરકારને તાબે છે. નવસારી તો પારસીઓનું વડું મથક ગણાય છે.

પછી સુરતનું સ્ટેશન આવે છે. અહીંથી ઘોડા ગાડી અને મોટરમાં બેસી, ડુમસ, ભીમપોર, તથા હજીરા જવાય છે. એ બધાં મથકો, હવા ખાવા માટે, ગુજરાત પ્રાંતમાં ઘણાં જાણીતાં છે, અને તે બધાં દરિયાની ખારી હવાને માટે પ્રખ્યાત છે.

જો કોઈને માથેરાન, મહાબ્લેશ્વર, અને ખંડાળાની માફક, પહાડી સુકી હવાની જરૂર હોય, તો તેઓએ આબુ પર જવું બહુજ સારૂં છે. એ ગુજરાત, કાઠીઆવાડ, અને રજપુતાનાનું, હવાખાવાનું મોટું સુંદર મથક છે. હું તમારી આગળ અત્યારે આબુ વિષે તમને કાંઇ કહેતો નથી; પણ તમને કવિ દલપતરામની, 'આબુનું વર્ણન' વાળી કવિતા વાંચવાની ભલામણ કરૂં છું. ગુજરાતી લખી વાંચી જાણનાર ભાગ્યેજ કોઈ એ કવિતાથી અજાણ હશે.

વળી કોઇ ચોકસ જાતનાં દર્દો માટે, ડાકટરો અને વૈદો, દર્દીઓને ઉના પાણીના કુંડોમાં નાહવાની ભલામણ કરે છે. એવા ઉના પાણીના કુંડો, મુંબઇની નજીકમાં ઘણા આવેલા છે. એક તો અંધેરીના સ્ટેશનથી બે માઇલ દૂર મરોલની ગુફાઓ આવેલી છે, ત્યાં એવા ત્રણ કુંડો આવેલા છે.

બીજા એવા ઉના પાણીના કુંડો વજ્રેશ્વરીના આવેલા છે. બી. બી. ઍન્ડ સી. આઇ. ના વસાઇનાં સ્ટેશનેથી, અથવા જી. આઇ. પી. ના કલ્યાણના સ્ટેશનેથી, ત્યાં મોટર ગાડીઓમાં જઇ શકાય છે. પાલઘરના સ્ટેશન આગળ પણ એવા કેટલાક ઉના પાણીના કુંડો આવેલા છે; પણ એ બધામાં, ઉનાઇના કુંડો તો ઘણાજ લાંબા વખતથી લોકોમાં જાણીતા છે. બીલીમોરાના સ્ટેશને ઉતરી, ત્યાંથી જતી એક બીજી નાની રેલ ગાડીમાં બેસી, ઉનાઇ પહોંચાય છે. ચૈત્ર મહિનામાં, પૂણેમને દિવસે, અહીં મોટો મેળો ભરાય છે, જે વખતે જાત્રાળુઓ, અહીં મોટી સંખ્યામાં આવે છે.

આ વાત ચાલતી હતી એટલામાં એક છોકરાના બાપ, તેના અભ્યાસ માટે કાંઇ પૂછપરછ કરવા આવતાં, શિક્ષક તેમની સાથે વાતે વળગ્યા; અને હવે નિશાળનો વખત પણ પૂરો થયો હતો, તેથી આજે તો આ બાબત આટલેથીજ અટકી પડી.

---

# પાઠ ૨૮ મો.

## દરિયા માર્ગે આવતી મુંબઇની નજીકની જગાઓ.

એક દહાડો વિનોદ અને સરોજ, પોતાના મામા સાથે, ઍપોલો બંદર ઉપર ફરવા ગયા હતા. કેટલાંક માણસોને એક હોડીમાં બેસી, ત્યાંથી હંકારી જતાં જોઇ સરોજે પૂછ્યું, મામા, આ લોક અહીંથી હોડીમાં બેસી કયે ગામ જતા હશે?

મામા—તેઓ કોઇ ગામ જતા નથી. ઘણા લોકો હોડીવાળાઓને બાર આના કે રૂપિયો આપી, થોડોક વખત દરિયાની સહેલ કરે છે. આ હોડીવાળા, તેમને બારામાં થોડેક ફેરવી, કલાક સવા કલાકમાં પાછા અહીં લાવી ઉતારશે. હું પણ તમને કોઇ દિવસ આવી રીતે હોડીમાં ફેરવી લાવીશ.

એટલામાં દૂરથી એક નાની સ્ટીમર આવતી દેખાઇ. બારામાં સ્ટીમર આવે છે, તે વેળા તે ઉપરથી શહેરનો દેખાવ બહુ સુંદર દેખાય છે, અને તે જોવા માટે, સ્ટીમરમાંનાં ઘણાં માણસો તુતક ઉપર ઉભાં રહે છે.

વિનોદ—મામા, આતો કોઇ દૂરના ગામથી સ્ટીમર આવી હોય એમ લાગે છે. જુઓને, કેટલાં બધાં માણસો, ગાંસડા પોટલાં લઇ, કિનારે ઉતરવાની તૈયારી કરતાં દેખાય છે!

મામા—હા, એ નજીકનાં બંદરોએ જતી કીલીક નીકસનની નાની સ્ટીમર છે. દરરોજ એ કંપનીની ઘણી સ્ટીમરો, નજીકનાં બંદરોએ જવા ઉપડે છે અને આવે છે. જેમ આપણી રેલ્વેની લોકલ ગાડીઓ કોઇ થાણા, કોઇ કલ્યાણ, કોઇ વાંદરા, અને કોઇ વીરાર જાય છે, તેમ દરિયા માર્ગે, એ કંપનીની કોઇ સ્ટીમર ઉરન, ઘારાપુરી અને ઉલવા, કોઇ અલીબાગ, તો કોઇ રત્નાગીરી અને ગોવા, એમ જુદી જુદી લાઇનની સ્ટીમરો જુદી જુદી ઉપડે છે.

વિનોદ—ત્યારે મામા, એ કંપનીની સ્ટીમરો સુરત અને ભરૂચ પણ જતી હશે?

મામા—ના, હમણાના વખતમાં સુરત, ભરૂચ, એવે ઠેકાણે સ્ટીમરમાં જવાનો તો કોઇ વિચારજ ન કરે. હવે તો આગગાડીમાં એ જગાએ માત્ર પાંચ છ કલાકમાં, થોડા પૈસામાં જઇ શકાય છે. અગાઉ આગગાડી ન હતી, ત્યારે એ ઠેકાણાના લોક, વહાણોમાંજ આવતા અને જતા. મારા દાદા પહેલાં સુરતથી આવ્યા હતા, ત્યારે વહાણમાંજ આવ્યા હતા. કહે છે કે તેઓ આઠ દસ દિવસે આવી પહોંચતા, અને દરિયામાં તોફાન અને લૂટારાઓની બીક રહેતી.

સરોજ—મામા, આપણો પાડોશી થોડા દિવસ અગાઉ પોરબંદર ગયો હતો, તે તો સ્ટીમરમાંજ ગયો હતો. શું

પોરબંદર અને ભાવનગર જેવે ઠેકાણે આગગાડી નહિ જતી હોય ?

મામા—પોરબંદર, ભાવનગર, વેરાવલ, અને દીવ, એ બધાં બંદરો કાઠિયાવાડના કિનારા ઉપર આવેલાં છે. રેલ્વે ગાડીઓમાં બેસી ત્યાં જઇ શકાય છે ખરૂં; પણ તેમ કરવામા ઘણી કડાકૂટ કરવી પડે છે. ગાડીઓ બદલવી પડે છે, વળી ત્યાંની નાની ગાડીઓ અગવડ ભરી, અને ખીચોખીચ ભરેલી હોય છે; તેથી લાંબી મુસાફરીવાળાઓને ઘણો કંટાળો આવે છે. સાથે વળી સરસામાન હોય, તો તેનું નૂર, અને ગાડીઓમાંથી બે ત્રણ વાર ચઢ ઉતાર કરાવવાનો મજુરીનો ખર્ચ વગેરે વધારે થાય છે. માટે લોકો એવી જગાએ સ્ટીમરોમાં જવાનું વધારે પસંદ કરે છે. કાઠિયાવાડનાં બંદરો, કચ્છ, ભૂજ અને કરાંચી જવાને, આગગાડી કરતાં સ્ટીમરોમાં વધારે સુગમ પડે છે.

વિનોદ—મામા, તમે કોઇ વાર આવી સ્ટીમરમાં બેઠા છો કે ?

મામા—હા, ઉરન ને ઘારાપુરી તો હું ત્રણ ચાર વખત જઇ આવ્યો છું. એક વખત હું થોડાક 'બૉય સ્કાઉટસ'ની સાથે, સ્ટીમરમાં ગોવા ગયો હતો. ત્યાં પહોંચતાં અમને વીસ કલાક લાગ્યા હતા. મુંબઇથી ગોવા પહોંચતાં અમારી સ્ટીમરે રત્નાગીરી, વિજયદૂર્ગ, અને માલવણ વગેરે બંદરો કર્યાં હતાં. ગોવા બહુ સુંદર ગામ છે, એ પોર્ટુગીઝ લોકોનું મુખ્ય સંસ્થાન છે. આખા દેશમાં હવે માત્ર દીવ, દમણ, અને ગોવા, એ ત્રણજ જગાઓ, એ લોકોના તાબામાં રહી છે.

ગોવા અને તેની આજુબાજુ, અગાઉના વખતનાં તેઓએ બંધાવેલાં દેવળો જોવા લાયક છે. અમે ત્યાં આઠ દસ દિવસ રહ્યા હતા. ત્યાંનાં હવા પાણી અમને ઘણાં માફક આવ્યાં હતાં.

મુંબઈથી આગગાડીને રસ્તે પણ ગોવા જઈ શકાય છે; પણ આગગાડીમાં જવાથી પૈસા, અને વખત વધારે થાય છે. આગગાડીમાં જતાં, ઘણી નવી જગાઓ જોવાની મળે છે ખરી. જતી વેળા પુના, ગોકાકફૉલ્સ, મીરજ, કોલ્હાપુર, બેલગામ, અને કૅસલરૉક આગળના સુંદર પહાડી કુદરતી દેખાવો, અને ત્યાંનો પ્રખ્યાત દૂધસાગર ફૉલ જોવાની, અને વળતી મુસાફરીએ, આગલું ઐતિહાસીક વીજાપુર શહેર, ને તેનો જગપ્રસિદ્ધ ઘુમટ, અને સોલાપુર વગેરે જોવાની તક ઘણાઓ લે છે; પણ અમને એ જગાઓ જોવાનો પૂરતો વખત ન હોવાથી સ્ટીમર માર્ગેજ પાછા મુંબઈ આવ્યા હતા.

મામાની વાતથી બંને ભાઈઓ ઘણા ખુશી થયા, અને તેઓ સઘળા ઘર તરફ જવા નીકળ્યા.

---

# પાઠ ૨૯ મો.

## શહેરના થોડાક રસ્તાઓનાં નામ.

નગીન નામનો છોકરો, અવારનવાર વર્ગમાં મોડો આવનાર તરિકે, છોકરાઓમાં જાણીતો હતો. કોઈ કોઈ વાર

તે પોતનો વાંક છૂપાવવાને નજીવાં બ્હાનાં કાઢતો, તેથી શિક્ષકે તેને એ માટે ઘણીવાર ઠપકો આપ્યો હતો. આજે પણ તેને નિશાળે આવતાં મોડું થયું હતું, અને તેને માટે તે શું બ્હાનું કાઢે છે, તે સાંભળવાને છોકરાઓનું ધ્યાન તેના તરફ ગયું હતું. શિક્ષકે તેને મોડા થવાનું કારણ પૂછ્યું, એટલે નગીન શરમાઇ જતાં બોલ્યો, સાહેબ, આજે તો મોડું થવામાં મારો વાંક નથી. પાયધોણી આગળ, ટ્રામનો ઇલેકટ્રીક પાવર બંધ થઇ ગયો હતો, અને તેથી બધી ગાડીઓ ઘણા વખત સુધી અટકી પડી હતી.

'પાયધોણી'! એ રસ્તાનું નામ છોકરાઓને નવાઇ જેવું લાગ્યું. એક છોકરાએ પૂછ્યું, સાહેબ, એ જગાનું નામ પાયધોણી કેમ પડયું હશે?

શિક્ષક—અગાઉના વખતમાં, મુંબઇના સાત નાના ટાપુઓ, એક બીજાથી છુટા છુટા હતા, અને તેમની વચ્ચે દરિયાનું પાણી હતું, એ તો તમે અત્યાર અગાઉના પાઠોથી જાણી ચૂકયા છો. એક ટાપુ ઉપરથી બીજા ઉપર આવવા માટે, છાલકાં પાણી અને કાદવ કીચડમાંથી, માણસોને અને ઢોરોને ચાલી આવવું પડતું. એવી રીતે તેઓ આ જગા ઉપર આવતાં ત્યાં પોતાના ખરડાએલા પગ ધોઇ સાફ કરી, પછી આગળ જતા. એ ઉપરથી એ પગ ધોવાની જગા તરિકે લોકોમાં જાણીતી થઇ ગઇ. પાય એટલે પગ, અને ધોણી એટલે ધોવું સાફ કરવું, એવો અર્થ થાય છે. તેથી એ જગાનું નામ પાયધોણી, એટલે પગ ધોવાની જગા, એમ પડયું છે.

**કેશવ**—સાહેબ, ત્યારે બધાજ રસ્તાઓનાં નામ એવીજ રીતે પડયાં હશે કે ?

શિક્ષક—ના, બધાજ રસ્તાઓ માટે એમ નથી. કોઇ કોઇ રસ્તાઓ, તેના આગલા બનાવો અને હકીકતો ઉપરથી ઓળખાય છે ખરા; પણ બીજા ઘણાખરા રસ્તાઓનાં નામ તો, ત્યાં આવેલાં કોઇ દેવ દેવીનાં દહેરાં ઉપરથી, ત્યાં વસતા લોકોની જાત ઉપરથી, ત્યાં જેજે જાતના માલ વેચાતા હોય અને દુકાનો આવી હોય તે ઉપરથી, રાજા, વાઇસરૉય અને ગવર્નરોના નામ ઉપરથી, તથા જાણીતા મોટા શહેરીઓનાં નામ ઉપરથી આપવામાં આવેલાં છે.

મોહન—હા, સાહેબ, હિંદુઓનાં દહેરાં અને મંદીરો ઉપરથી ઘણા રસ્તાઓનાં નામ પડયાં છે, તે હું જાણું છું. કાલબાદેવી, મુંબાદેવી, ભૂલેશ્વર, વાલકેશ્વર, મહાલક્ષ્મિ, બાબુલનાથ, ઠાકોરદ્વાર, હનુમાન ગલી, ગામદેવી, તારદેવ, નાગદેવી, પ્રભાદેવી, ગોરૂપદેવ, વગેરે નામો એમજ પડયાં છે.

નવલ—સાહેબ, પાયધોણીથી ક્રાંટરોડ જતાં ગોલપીઠાં નામની જગા આવે છે. ત્યાં રસ્તાને મુખડે ગોળાકાર જેવા ઘરમાં એક પીઠું છે, તે ઉપરથીજ એનું નામ ગોળપીઠા પડયું હશે ?

શિક્ષક—હા, એમજ છે. એવી રીતે કોટમાં પણ એક રસ્તાનું નામ પીઠા સ્ટ્રીટ છે. સાંભળો, હું કેટલાક રસ્તાઓનાં નામ બોલી જાઉં છું. એ નામો શા ઉપરથી પડયાં હશે તે તમે

સહેલાઇથી જાણી શકશો. મોદીખાના, ખેતવાડી, મજગામ, ચીકલવાડી, ફણુસવાડી અને સોપારીબાગ.

કાસમ—સાહેબ, જે જાતના લોકની મુખ્ય વસ્તી હોય, તે ઉપરથી તે જગાઓ ઓળખાતી હોય, એવાં નામ હું થોડાંક જાણું છું. મેમણવાડા, ખોજા મહોલ્લો, કામાટીપુરા, મદનપુરા, રંગારી મહોલ્લો, સુતારચાલ, લુહાર ચાલ, આરબ ગલી, ભાટચાવાડ, ભોયવાડા, કુંભારવાડા, ઘોઘારી મહોલ્લો અને ગોલા લેન.

શિક્ષક—ઠીક, કાસમ, તું બહુ સારૂં બોલ્યો. સૌથી જુના વખતમાં મુંબઇમાં કોલી લોકો રહેતા હતા. તેઓની મુખ્ય વસ્તીવાળા ભાગોનાં નામ કોલાબા, કાવેલ, કોલભાટ વગેરે છે.

જમશેદ—સાહેબ, વાઇસરૉય અને ગવર્નરોના નામ ઉપરથી આપેલા ઘણા રસ્તાઓનાં નામ હું જાણું છું. હૉર્ન્બી રોડ, ઍલ્ફીન્સ્ટન રોડ, ગ્રાંટરોડ, લૅમીંગટન રોડ, ડંકન રોડ, ફૉકલૅંડ રોડ, રે રોડ, સૅંડહર્સ્ટ રોડ, ફરગ્યુસન રોડ, ફ્રીઅર રોડ, મેયો રોડ, આર્થર રોડ અને કર્નાક રોડ.

શિક્ષક—જમશેદ, તારા જવાબથી હું ઘણો રાજી થયો છું. હવે જાણીતા મોટા શહેરીઓનાં નામ ઉપરથી રસ્તાઓનાં નામ ઓળખાતાં હોય, એવાં થોડાંક નામ જાણવાં જોઇએ.

ઘણા છોકરાઓને સામટા બોલવા ઉઠેલા જોઇ, શિક્ષકે તેમને એક પછી એક બોલવા કહ્યું.

મોહન—બાલારામ સ્ટ્રીટ, દ્વારકાદાસ સ્ટ્રીટ, હંસરાજ સ્ટ્રીટ,

રઘુનાથ દાદાજી સ્ટ્રીટ, અનંત વાડી, મનોરદાસ સ્ટ્રીટ અને નાના શંકર શેઠ લેન.

જાફર—અબદુલ રેહમાન સ્ટ્રીટ, શેખ મેમણ સ્ટ્રીટ, બાપુ ખોટે સ્ટ્રીટ, બીબીજાન સ્ટ્રીટ, અલી ઉમર સ્ટ્રીટ અને મહમદઅલી રોડ.

એરચ—દાદી શેઠ સ્ટ્રીટ, ફીરોજશાહ મેહતા રોડ, બમનજી સ્ટ્રીટ, બનાજી લેન, કાવસજી પટેલ સ્ટ્રીટ, લેડી જમશેદજી રોડ, બાટલીવાળા સ્ટ્રીટ, મર્ઝબાન રોડ અને હોમજી સ્ટ્રીટ.

શિક્ષક—તમે સઘળા ઘણા રસ્તાઓનાં નામ જાણો છો, એ સારી વાત છે. હવે હું પણ તમને થોડાંક નામ કહું છું. ક્રૉફર્ડ મારકેટ, બૅલાર્ડ પિયર, કુંડલ રોડ, હ્યુઝ રોડ, ફ્રૉબૅન્સ સ્ટ્રીટ, ફૉરજેટ સ્ટ્રીટ અને બેલાસીસ રોડ વગેરે નામો, જાણીતા યુરોપિયન શહેરીઓના નામ ઉપરથીજ આપવામાં આવેલાં છે. એ ઉપરાંત કોટમાં અગાઉ કિલ્લો હતો, તેના કેટલાક ભાગો જ્યાં જ્યાં આવેલા હતા, તે તે જગાઓ ઉપર હમણા જે જે રસ્તાઓ આવેલા છે, તેનાં નામ ઍસ્પ્લેનેડ રોડ, રામપાર્ટ રો તથા બૅસ્ટીયન રોડ વગેરે છે.

શંકર—સાહેબ, જ્યાં જ્યાં જે જે જાતના માલ વેચાતા હોય, તે ઉપરથી તે તે જગાઓનાં નામ પડેલાં છે, એવાં થોડાંક નામ હું કહું. ખાંડ બજાર, દાણા બજાર, ઝવેરી બજાર, કાપડ બજાર, ખોખા બજાર, બારદાન ગલી.

શિક્ષક—ઘણું સારૂં. હવે હું એ ત્રણ રસ્તાઓની જાણવા જોગ હકીકત તમને કહું છું. એક વેળા સુરતમાં મોટો દુઃકાળ પડયો, અને હજારો ભૂખે મરતા લોકો મુંબઈમાં નાસી આવ્યા. હવે એ લોકને કાંઇ પણ કામે લગાડી પેટ પૂરતું ખાવાનું તો આપવુંજ જોઇએ; એમ વિચારી તે વખતના મેજર જનરલ બેલાસીસે, મુંબઇના શહેરીઓ પાસે એક ફંડ ભેગું કરાવી, એ લોકને નવો રસ્તો બાંધવાના કામ ઉપર રોકી દીધા. આવી રીતે આ બંધાએલા નવા રસ્તાને, બેલાસીસ રોડ નામ આપવામાં આવેલું છે.

બીજો માહીમ અને વાંદરાની ખાડી ઉપર રસ્તો બાંધી એ બંને ભાગો જોડી દીધા છે, તે રસ્તાને લેડી જમશેદજી રોડ નામ આપેલું છે. કહે છે કે પહેલાં વાંદરેથી લોકો હોડીઓમાં બેસી પોતાનો માલ, જનાવરો વગેરે લાવતા. એક વેળા તોફાનમાં, એક સામટી વીસ હોડીઓ ડૂબી ગઇ, અને તે સાથે ઘણાં માણસો અને જનાવરો ડૂબી મુઆં, તથા ઘણી માલમતા નાશ પામી. આવી ભયંકર હોનારતથી, તે વેળાના સર જમશેદજી જીજીભાઇનાં દયાળુ પત્નિનું દીલ બહુજ દુખાયું. અને હંમેશને માટે લોકોને સુખ થાય, અને આવી જાતની હોનારતોથી ભવિષ્યમાં ઘણા જાન માલનો બચાવ થાય. તે માટે એમણે ઘણો ખર્ચ કરી, તે ખાડી ઉપર એક પાકો રસ્તો બંધાવ્યો. તેને લેડી જમશેદજી કૉઝવે નામ આપેલું છે.

હવે હસવું આવે એવી એક વાત કહું. કોટમાં ધોધાસ્ટ્રીટ નામે બહુ જુના વખતનો એક જાણીતો મહોલ્લો છે. એ

મહોલ્લામાં બનાજીનું કુટુંબ રહેતું. એમની એક દુકાન હતી, ત્યાં એક દિવસે દુકાન ઉપર એક સેલર સાથે તેમને કાંઇ ખટપટ થતાં, તેઓએ મોટેથી અંગ્રેજીમાં ઘાડા અવાજે ઘો, ઘો, કરી બૂમ પાડી, પેલા સેલરને દુકાનમાંથી કાઢી મૂકયો. સેલરબાવાને આથી ઘણો ખીજવાટ ઉપજયો, અને ગુસ્સામાં આવી દુકાન સામે ઉભો રહી, બધા લોકોને આ 'ગો ગો' વાળાની દુકાનમાં નહિ જવાને સમજાવવા લાગ્યો. એ ઉપરથી પેલા બનાજી પારસીનું મશ્કરીમાં 'ગો ગો' નામ પડી ગયું, અને જે મહોલ્લામાં તેઓ રહેતા હતા, તેને લોકો "ઘોઘાનો મહોલ્લો" કહેવા લાગ્યા. આજ સુધી એજ નામે એ રસ્તો ઓળખાય છે.

આ સાંભળી બધા છોકરાઓ ખડખડ હસી પડયા, અને એટલામાં નિશાળ છુટવાનો ઘંટ પણ વાગ્યો, એટલે શિક્ષકે વર્ગને જવાની રજા આપી.

---

# પાઠ ૩૦ મો.

## શહેરમાં આવેલાં જાહેર પુતળાંઓ.

એક દહાડો મનુ અને મોતી પોતાના બાપ સાથે, ટ્રામમાં કાલબાદેવીથી બેસી, ઍપૉલો બંદર ઉપર ફરવા જતા હતા. મ્યુનિસિપાલ ઑફીસ આગળ ટ્રામ આવી લાગતાં, મનુની નજર એક મોટા પુતળા ઉપર પડી. તે જોઇ તેણે પૂછયું, બાપા, આ કોનું પુતળું હશે, ને અહીં કોણે મૂકયું હશે?

બાપ—એ સર જમશેદજી તાતાનું પુતળું છે. તેઓ એક મોટા સાહસિક પુરૂષ હતા. ખપોલી, ખંડાળા, અને લાનેલીમાં આવેલાં, વિજળીક બળ ઉત્પન્ન કરવાનાં મોટાં કામો, તેમણે આરંભ્યાં હતાં. આપણા ઘરમા વિજળીની લાઇટ થાય છે ને પંખા ચાલે છે, ટ્રામ અને ટ્રેનો વિજળીક બળથી દોડે છે, આ બધું તેમનીજ હોશિયારી અને ખંતને આભારી છે. શહેરના લોકોમાં તેમની યાદગીરી જળવાઇ રહે, એ માટે આ જાહેર જગા ઉપર, લોકોએ તેમનું પુતળું મૂકેલું છે.

જરા ટ્રામ આગળ જતાં મોતીના જોવામાં એક બીજું પુતળું આવ્યું. તે બોલી ઉઠયો, મનુ, જો, જો, અહીં એક બીજું મોટું પુતળું છે!

બાપે વિચાર્યું, કે ઍપૉલો બંદર સુધી જતાં, બીજાં એવાં ઘણાં પુતળાં આવશે; માટે આજે છોકરાઓ આગળ, એ વિષે વાતો કરવાથી, એમને સારૂં જાણવાનું મળશે. તેમણે કહ્યું, આ પુતળું સર ફીરોજશાહ મેહતાનું છે. તેઓ એક મોટા રાજદ્વારી પુરૂષ હતા, તથા શહેર અને સમાજના કામોમાં ઘણો આગેવાની ભર્યો ભાગ લેતા હતા. લોકોમાં બીજી ઘણી રીતે તેમની યાદગીરી જળવાઇ રહી છે. અહીં આ તેમનું પુતળું ઉભું કરેલું છે. આગળ જતાં તેમના નામનો એક મોટો રસ્તો આવશે, તે હું તમને દેખાડીશ. વળી મલબાર હીલ ઉપર, તેમના નામનો એક મોટો સુંદર બાગ પણ આવેલો છે.

એટલામાં બોરીબંદરના ટ્રામ સ્ટેશન આગળ તેઓની

ટ્રામગાડી આવી ઉભી રહી. સામે ગોળાકાર બાગ આવ્યો હતો, તે દેખાડી બાપે કહ્યું, આ ભાટિયા બાગ કહેવાય છે. એ બાગમાં પણ બે પુતળાં મૂકેલાં છે. એક સર દીનશાહ પીટીટનું, અને બીજું ડૉકટર બ્લેનીનું છે. સર દીનશાહ પીટીટ એક મોટા તવંગર વેપારી હતા, અને તેમણે ગરીબોના લાભ માટે, ઘણાં ધર્માદા કામો કરેલાં છે. ડૉકટર બ્લેની ગરીબોને માટે ઘણી દાઝ ધરાવતા, અને તેમનાં સુખ તથા ભલાને માટે, તેઓ ભારે ઉલટથી મહેનત કરતા હતા.

ટ્રામ હૉર્નબી રોડને રસ્તે આગળ ચાલી વ્હાઇટ વે કંપનીની મોટી દુકાન આગળ આવી ઉભી. બાપે છોકરાઓને સમજાવ્યું, કે આ નવો રસ્તો જુઓ. એ હમણાજ થોડાંક વરસ થયાં નવો બનાવ્યો છે, અને એનું નામ સર ફીરોજશાહ મેહતા રોડ રાખ્યું છે. અહીંથી જતાં, જમણા હાથ ઉપર આવેલા રસ્તાને મુખડે, મહારાણીજી વિકટોરિયાનું મોટું સુંદર પુતળું આવે છે, તે ઘણું જોવા લાયક છે.

ટ્રામ આગળ જતાં ફ્લૉરા ફાઉનટન આગળ આવી ઉભી. જમણી તરફ આંગળી કરી બાપે કહ્યું, છોકરાઓ, પેલું રસ્તા ઉપર આવેલું પુતળું જુઓ. એ દાદાભાઇ નવરોજીનું પુતળું છે. તેમનું નામ તો આખા દેશમાં ઘણુંજ જાણીતું છે. તેઓ છેક ગરીબાઇમાંથી ઉછરી, પોતાની અથાગ ખંત અને હોશિયારીના આપબળે આગળ વધી, દેશના મોટા રાજદ્વારી પુરૂષ બન્યા. હિંદની ગરીબાઇ, અને દેશના ભલાને માટે, ઇંગ્લાંડમાં, અને ત્યાંની પાર્લામેંટમાં, તેમણે ભારે લડત ચલાવી હતી.

સામે સીધો રસ્તો દેખાડી બાપે કહ્યું, આ રસ્તેથી ચર્ચગેટના સ્ટેશન ઉપર જવાય છે. એ રસ્તાની બંને બાજુ ઉપર બધાં મળી પાંચ પુતળાં મૂકેલાં છે. રાજાબાઇ ટાવરની સામેના મેદાનની કિનારી ઉપર, મુંબઇના આગલા થઇ ગએલા ત્રણ ગવર્નરો, સર રીચર્ડ ટેમ્પલ, લૉર્ડ રે અને લૉર્ડ સૅંડહર્સ્ટનાં પુતળાં છે. એની સામેનાં મેદાનની કિનારી ઉપર, મૉનટેગ્યુ અને દેશભક્ત ગોખલેનાં પુતળાં મૂકેલાં છે. દાદાભાઇ નવરોજી અને સર ફીરોજશાહ મેહતાની માફક, તેઓ પણ મોટા જાણીતા રાજદ્વારી પુરૂષો હતા.

ટ્રામ ઉભી હતી તેના ડાબા હાથ તરફનો રસ્તો દેખાડી કહ્યું, આ સીધે રસ્તેથી ટાઉનહૉલ આગળ જવાય છે. ત્યાં એક નાનો બાગ આવેલો છે. એ બાગમાં હિંદુસ્તાનના બે વાઇસરૉય, માર્કવીસ ઑફ વૅલૅસ્લી અને માર્કવીસ કૉર્નવૉલીસનાં પુતળાં મૂકેલાં છે. એ પુતળાંની કારીગરી જોવા લાયક છે. કોઇ દિવસ એ તરફ ફરતા ફરતા જઇ તમે જોઇ આવજો.

ત્યાંથી ટ્રામ ગાડી આગળ ચાલી. મ્યુઝિયમ આગળ આવી પહોંચતાં, રસ્તા વચ્ચે, જાણે કે ઘોડા ઉપર સવારી કરતા હોય તેવું, માજી નામદાર શહેનશાહ ઍડવર્ડ સાતમાનું પુતળું આવ્યું. તે જોઇ છોકરાઓ બહુ રાજી થઇ ગયા.

હવે, મ્યુઝિયમથી કોલાબા જવા માટે ગાડી બદલવાના સ્ટેશન આગળ ટ્રામ આવીને ઉભી રહી, એટલે તેઓ ગાડીમાંથી ઉતરી પડયા. બાપે વિચાર્યું, કે આજે પુતળાંઓની વાત

છોકરાઓ આગળ કરી છે, માટે ઍપૉલો બંદર ઉપર જવા પહેલા બીજાં ત્રણ ચાર પુતળાંઓ નજીકમાંજ આવ્યાં છે, તે છોકરાઓના જોવામાં આવે તો ઠીક. એથી તેઓ છોકરાઓને પહેલાં મ્યુઝિયમના બાગમાં લઇ ગયા. ત્યાં બાગની વચ્ચે આવેલું, નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જનું પુતળું દેખાડી કહ્યું, તેઓ નામદાર થોડાંક વરસ ઉપર, પ્રિન્સ ઑફ વેલ્સ તરિકે, આપણા દેશમાં ફરવા આવ્યા હતા, તે વખતની યાદગીરી માટે આ મ્યુઝિયમ અને બાગ બનાવી, આ તેમનું પુતળું મૂકેલું છે.

ત્યાર પછી સર કાવસજી જેહાંગીર હૉલને રસ્તે ઍંડ સ્ટૅંડ તરફ તેઓ ગયા. રસ્તાની વચ્ચે, હાલના આપણા પ્રિન્સ ઑફ વેલ્સનું તથા સામસામે આવેલાં મેદાનોની કિનારી ઉપર આવેલાં, શેઠ સોહરાબજી બંગાલી અને જસ્ટીસ રાનાડેનાં પુતળાં, છોકરાઓને દેખાડી બાપે કહ્યું, તેઓ બંને જણા શહેરના પ્રખ્યાત શહેરીઓ હતા, અને સંસાર સુધારાના કામમાં, મોટી ઉલટ ધરાવી આગેવાની ભર્યો ભાગ લેતા હતા.


ત્યાંથી ચાલી ઍપૉલો બંદર ઉપર તેઓ આવ્યા. ત્યાં આગલા લોકપ્રિય વાઇસરૉય લૉર્ડ હાર્ડીંજનું પુતળું તેઓએ જોયું.

હવે લગાર થાકી ગએલા હોવાથી ત્યાં એક બાંકડા ઉપર તેઓ બેઠા. થોડીક વારે મનુએ પૂછ્યું, બાપા, આજે અમે ઘણાં પુતળાં જોયાં, અને તેમાંનાં કેટલાંકની હકીકત પણ જાણી. હવે શહેરમાં બીજે ઠેકાણે પણ એવાં કોઇ પુતળાંઓ હશે કે?

આપે કહ્યું, હા, ગોવાળીઆ તળાવ આગળ એક પીટીટ ખાનદાની જાણીતા પુરૂષનું પુતળું છે. શહેરના મધ્ય ભાગમાં એક બીજું ઘણુંજ જાણીતું પુતળું આવેલું છે. એ પુતળું આગળ થઈ ગએલા એક જજ ખરશેદજી પટેલનું છે. પહેલાં એ પુતળું માધવબાગથી જેકબ સરકલ જતી ટ્રામના રસ્તા ઉપર આવેલું હતું, પણ હાલમાં તેને ત્યાંથી ખસેડી, ભાયખલાના પુલ આગળ લાવી ઉભું કરેલું છે. એ પુતળાંને લીધે, તે પહેલાં જયાં આવ્યું હતું તે જગા, ટ્રામગાડીઓમાં મુસાફરી કરનારાઓમાં તો "ખડાપારસી"ને નામે હજી પણ ઓળખાય છે.

આ બધી વાતો સાંભળી છોકરાઓને ઘણો આનંદ થયો. ત્યાર પછી આમ તેમ થોડુંક ફરી તેઓ પોતાને ઘેર ગયા.




શીવ
દાદર
વીક્ટોરિયા
ગાર્ડન્સ
ગ્રાંટરોડ
બોરીબંદર